ભાગ-૧

# જૈનશાસનના જ્યોતિર્ધરો



પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ પ્રેરિત
શ્રીમતી સૂરજબેન રીખવચંદ સંઘવી ગ્રંથમાળા-૧૫૬

# જૈનશાસનના જ્યોતિર્ધરો

## ભાગ-૧

જિનશાસનના ગગનમાં ઝગમગતા ૧૫ તેજસ્વી તારકો.

શબ્દશિલ્પી
સિદ્ધહસ્તલેખક પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

પ્રકાશક
**પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન**
૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત - ૩૯૫૦૦૧

**પ્રકાશન-નિમિત્ત**
સૂરિમંત્ર પ્રભાવક
પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
આચાર્યપદારોહણના ૨૫ વર્ષ
રજત ઉત્સવ પ્રસંગ
વિ.સં. ૨૦૪૭-૨૦૭૨

લેખક પરિચય
જૈનશાસન શિરતાજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક
સિંહસત્ત્વના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પ્રશમરસ પયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન
સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**


| | | |
|---|---|---|
| નામ | : | **જૈનશાસનના જ્યોતિર્ધરો ભાગ-૧**<br>**Jain Shasana's Jyotirdharo Part-1** |
| પ્રકાશન | : | વૈશાખ-૨૦૭૨, મે-૨૦૧૬ |
| આવૃત્તિ | : | પ્રથમ |
| સાહિત્યસેવા | : | ૪૦-૦૦ |
| પૃષ્ઠ | : | ૮ + ૧૨૦ |
| પ્રતિ | : | ૨૦૦૦ |

મુખ્ય સંપર્કસૂત્ર
**રમેશભાઈ સંઘવી - સુરત.(મો.) 9376770777**

પ્રાપ્તિસ્થાન
(૧) જિતેન્દ્ર જ્વેલર્સ ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવલ, મુંબઈ-૪ (મો.) 9819643462
(૩) ગૂર્જર પ્રકાશન રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અ'વાદ-૧ ફોન : 079-22144663
(૪) પ્રવચન શ્રુતતીર્થ વિરમગામ હાઈવે, શંખેશ્વર. (મો.) 8469377929



ઓળખ
સાહિત્ય તીર્થના યાત્રિકની

શ્રુત જેમનો શ્વાસ છે, બહુશ્રુતોને જેમના ઉપર વિશ્વાસ છે.
**એમને ભક્તોની જરૂર નથી, ભક્તોને એમની જરૂર છે.**
કારણ ? એમના હાથમાં જાદુ છે.
**એમણે પસંદ કરેલા ખૂણે, સાહિત્ય સર્જનની ક્ષણે**
ભક્તોને પ્રવેશવું હોય તો ભલે,
**સાહિત્યનો શુદ્ધ શ્વાસ ફેફસામાં ભરવો હોય તો ભલે,**
નહિતર આપણે આપણી રીતે રહેવું. 'નદીની જેમ નિરાંતે વહેવું'.
**આ પંક્તિમાં માનનારા આ સાહિત્ય પુરુષ**
કોઈને જોઈને પાણી પાણી થયા નથી.
**આચાર્ય હરિભદ્રસૂરિજી હોય કે ઉપાધ્યાય યશોવિજયજી,**
મહારાજા કુમારપાળ હોય કે મહારાણા પ્રતાપ,
**દંડનાયક વિમલ હોય કે મહામંત્રી વસ્તુપાલ**
તેઓશ્રી દરેકને મળી ચૂક્યા છે, જોઈ ચૂક્યા છે, સ્પર્શી ચૂક્યા છે,
**ઇતિહાસને એમણે પ્રામાણિકતાથી રજૂ કર્યો છે,**
એકાદ-બે ઉજળી બાજુ ધરાવનારા ચોર લૂંટારાઓને
**દેવના દીકરા જેવા બતાવનારા કે**
એકાદ-બે નબળી બાજુ ધરાવનારા રાજા મહારાજાઓને
**અધમપાત્ર રૂપે દર્શાવનારા લેખકોથી**
એમની કલમ અલગ તરી આવે છે.
**સુકૃત સાગર, પળપળના પલટા, મૃગજળની માયા,**
નળ દમયંતી, મહાસતી મૃગાવતી, મહારાજા ખારવેલ,
**૨૪ તીર્થંકર, વિમલ મંત્રીશ્વર, પાટલીપુત્ર**
આવી અઢળક કૃતિઓથી તેઓએ
**સામાન્ય જનમાનસમાં સંસ્કારનું સિંચન ને વૈરાગ્યનું વાવેતર કર્યું છે.**
'કો'કના તે વેણને વીણી-વીણીને વીરા ઊછી ઉધારા ન કરીએ'
**કવિના આ શબ્દો મુજબ**
સિદ્ધહસ્તસાહિત્ય સર્જક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**
હંમેશા પોતાને તુંબડે જ તરતા રહ્યા છે.
**તેઓશ્રીના ચરણ કમલમાં નત મસ્તકે નમન... ભાવસભર વંદન...**

# પ્રકાશકીય

સાહિત્ય પ્રકાશન સમજ અને સમાજના ઘડતરનું પ્રેરક પરિબળ છે. આજના કરાળ કલિકાળમાં ચો તરફ વેર-વાસના-વિપ્લવ આદિની વિકૃતિએ માઝા મૂકી છે. જીવન જીવવાની દિશા અને દશાથી માનવ સમૂહ વિખૂટો પડતો જઈ રહ્યો છે, ત્યારે સંસ્કાર-સંસ્કૃતિ-સદાચાર-ધર્મ-તીર્થરક્ષા-અહિંસા કાજે પ્રાણ પૂરે તેવા સાહિત્ય પ્રકાશનની આવશ્યકતા અતિ વધતી જાય છે.

ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી માનવ માત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. વાસ્તવિક આધાર તરીકે જો કોઈ હોય, તો તે ધર્મ ને માત્ર ધર્મ છે. આવા ધર્મને પ્રાણાંતે પણ જાળવવાની નેક અને ટેક પેદા થાય, તેવા શુભ-આશયથી પૂજ્યશ્રીની કામણગારી અને કસાયેલી કલમે કંડારાયેલ સાહિત્ય સિંધુમાંથી નાનકડા બિંદુઓ રૂપે આ પુસ્તકો પ્રકાશિત કરતા અમારા અંતરનો આનંદ નિરવધિ બને છે.

સાહિત્ય સર્જક પૂજ્યશ્રીનો આપણા સહુ ઉપર અમાપ ઉપકાર છે. આવું સુષ્ઠુ-સરળ-સાત્ત્વિક-રોમાંચક-રસાળ-બોધપ્રદ સાહિત્યલેખન કરીને પૂજ્યશ્રીએ વિશાળ વાચક વર્ગને ઋણી બનાવ્યો છે.

સૂરિમંત્ર પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના આચાર્યપદારોહણના ૨૫ વર્ષના શુભ-આલંબનને પ્રાપ્ત કરીને પૂજ્યશ્રી લિખિત ૨૫ પુસ્તકોનું એક સાથે પ્રકાશન કરવાનો જે પુણ્યલાભ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

શંખેશ્વર તીર્થના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થનાં પ્રાંગણે ચતુર્મુખ જિનાલયની પ્રથમ સાલગીરી ઉત્સવ દરમ્યાન સૂરિપદ રજત વર્ષ દિન વૈશાખ સુદ-૬ની પાવન ઘડીએ પ્રગટ થતા આ સાહિત્ય સંપુટના પ્રકાશન કાર્યમાં પૂજ્યશ્રીના શિષ્ય પરિવારરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના સુંદર સહયોગ પૂર્વક અમારા સંસ્થાના માર્ગદર્શક હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય યુગચન્દ્રસૂરિજી** મહારાજાના સદુપદેશથી જે ગુરુભક્તો-શ્રુતભક્તો ઉદારદિલે લાભાન્વિત બન્યા છે, તેની આ તકે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સેંકડો હાથોમાં શોભાવતા આ સાહિત્યને હજારો હાથોમાં રમતું કરવા આપ સહુ વાચકોના સહકારની સદાય અપેક્ષા સાથે......

**લિ. પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન વતી**
**રમેશ રીખવચંદ સંઘવી - સુરત**

## સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે પ્રકાશિત ૨૫ પુસ્તક પ્રકાશનના

# લાભાર્થી પરિવારો

### મુખ્ય દાતા

- શ્રીમાન અશોકભાઈ ગજેરા - લક્ષ્મી ડાયમંડ, મુંબઈ
- માતુશ્રી હંસાબેનના આત્મશ્રેયાર્થે બંસીલાલ શાંતિલાલ દલાલ - મુંબઈ
- શ્રીમતી ચેતનાબેન રોહિતભાઈ જોગાણી - મુંબઈ
- શ્રીમતી સોનલબેન કેતનભાઈ ઝવેરી- મુંબઈ
- શ્રીમતી પારૂલબેન ભરતભાઈ કાપડીયા - અમદાવાદ
- શ્રીમતી સેજલબેનના ઉપધાન નિમિત્તે ચન્દ્રાબેન નવીનચન્દ્ર શાહ-મુંબઈ
- શ્રીમતી પરીદાબેન હીતેશભાઈ સરકાર - મુંબઈ
- શ્રીમતી સરોજબેન ભદ્રિકલાલ શ્રોફ - અમદાવાદ
- શ્રીમતી ગીતાબેન સ્વરૂપચંદ મહેતા - મુંબઈ
- શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુધીરભાઈ શાહ - અમદાવાદ
- શ્રીમતી હંસાબેન જયંતીભાઈ શાહ - મુંબઈ
- શ્રીમાન નટવરલાલ મૂળચંદ શાહ - માસરરોડવાળા, મુંબઈ
- શ્રીમતી મમતાબેન લલિતભાઈ બી. પટવા - વિસનગર
- શ્રીમતી માયાબેન કેતનભાઈ વસંતલાલ કપાસી - અમદાવાદ
- શ્રીમાન ઉમેદમલજી બાબુલાલજી જૈન - તખતગઢ (રાજસ્થાન)
- તીર્થરત્ન કેવલચંદજી છોગાલાલજી સંકલેશા (રામા) - કલ્યાણ
- શ્રીમાન ભાગચંદજી ગણેશમલજી શ્રીશ્રીમાલ - કલ્યાણ
- પ્રવીણકુમાર પુખરાજજી ફોલામુથાના આત્મશ્રેયાર્થે (આહોર) - કલ્યાણ
- શ્રીમતી પારૂલબેન રાજેશભાઈ છગનલાલ શાહ - વાપી
- નગીનભાઈ પૌષધશાળાના આરાધક ભાઈઓ - પાટણ
- શ્રીમતી પંકુબાઈ ખેમચંદજી ચૌહાણ પરિવાર - દાંતરાઈ



- માતુશ્રી મંગનીબાઇ બાબુલાલજી પ્રતાપજી સતાવત (હરજી) - ભિવંડી
- ડૉ. ભાનુબેન જયંતીલાલ શાહ - સત્રા - મુંબઇ
- મનુભાઇ ત્રિકમલાલના આત્મશ્રેયાર્થે હ. શૈલેષભાઇ શાહ - અમદાવાદ
- સ્વ. રેવીબાઇ માંગીલાલજી જવાનલમજી પરમાર
  હ. ઘીસુલાલ, કુંદનમલ, ડૉ. શ્રેણિક, સંપ્રતિ, ડૉ.વિમલ - વલવણ-પૂના
- શ્રીમતી રશ્મિબેનના અઢારીયા ઉપધાનના ઉપલક્ષ્યમાં
  હ.મહેન્દ્રભાઇ જમનાદાસ દોશી, સાગર, સૌ. પ્રિયંકા તથા અંબર-કોલકાત્તા
- માતુશ્રી જયાબેન બેચરદાસ મહેતા પરિવાર - જેસર - મહુવા
  હ. રાજુભાઇ ડોંબિવલી
- શ્રીમાન ચુનીલાલજી ઘમંડીરામજી ચંદન - સાંચોર
  ચંદન સ્ટીલ લિમિટેડ-મુંબઇ
- ભાઇ કીર્તિકુમાર, માતુશ્રી શાંતાબેન, પિતાશ્રી મોહનલાલ ઝવેરચંદ ઝવેરી - ખેરલાવવાળા (તારાબાગ-મુંબઇ)ના સુકૃતની અનુમોદનાર્થે
  હ. મંજુલાબેન મહેન્દ્રભાઇ ગાંધી - મુંબઇ
- અ.સૌ. ઇન્દ્રાબેન રાકેશકુમાર છત્રગોતાના લગ્નજીવનના ૨૫ વર્ષના ઉપલક્ષ્યમાં - આહોર - કલ્યાણ
- કીરચંદભાઇ જે. શેઠ તથા મનોજભાઇ કે. શેઠના આત્મશ્રેયાર્થે
  હ. નીલાબેન, કલ્પક - સૌ.ઉર્વિ, કુ. ધન્વી શેઠ પરિવાર - સુરેન્દ્રનગર
- ઘોટી નિવાસી સ્વ. જયંતીલાલ ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે
  હ. રતિભાઇ, વિશાલકુમાર, દર્શન, વર્ધન
- દોશી જબીબેન પૂનમચંદભાઇ પરસોત્તમદાસ - જેતડાવાળા - અમદાવાદ
  હ. વિપુલ - સૌ. સંગીતા, પિયુષ-સૌ. સેજલ
- સ્વ. ઇન્દુમતીબેન નાથાલાલ ચંપાલાલ શાહના આત્મશ્રેયાર્થે અનીલાબેન-ભુપેન્દ્રભાઇ. પુત્ર : ડૉ. અંકુશ, આતિશ, અનુપ, પુત્રવધૂ : ડૉ. દીપા, રૂપાલી, પન્ના, પૌત્ર : મોક્ષિત, આરવ, વિહાન, પૌત્રી : સ્વરા - કલ્યાણ



- પૂ.સા.શ્રી રમ્યશ્રેયાશ્રીજીના સદુપદેશથી માલેગાંવ નિવાસી શ્રીમતી કાંતાબેન રતિલાલ શાહ બંધુ પરિવાર ડૉ. શૈલેષભાઈ-સુનંદાબેન, અશોકભાઈ-સુનીતાબેન, આશિષભાઈ-નયનાબેન, શ્રીપાળ-નેહા, ઋષભ-ઋત્વી પુત્રી : શુક્લાબેન વિલાસકુમાર શાહ કુ. માન્યા-ટ્વીસા
- ભાભરતીર્થનિવાસી માતુશ્રી ધુડીબેન કાંતિલાલ જીવતલાલ શેઠ પરિવાર હ. રાજેન્દ્રકુમાર - ઉર્મિલાબેન, પુત્ર : દર્શન-વીતરાગ, પુત્રી : શીતલ, કીંજલ, પ્રપૌત્ર : હિતાંશ, પ્રપૌત્રી : સ્તુતિ, ક્રિયા.
- શ્રી ચંપતલાલજી જસરાજજી દોસી - સિરોહી (રાજ.) ધ.પ. લીલાદેવી, પુત્ર - મુકેશ, પ્રવીણ, વિમલ, વિપીન.

## સહયોગી

- શંખેશ્વર પ્રવચન શ્રુતતીર્થ (વિ.સં.૨૦૭૨)ના ઉપધાનતપના આરાધકો
- જાસુદબેનના આત્મશ્રેયાર્થે નવીનભાઈ ચંદુલાલ વિરવાડીયા જેતડા - સુરત
- શ્રીમતી દમયંતીબેન પ્રફુલચન્દ્ર શાહ - ખોડલા - મુંબઈ
- શ્રીમાન દિનેશભાઈ પોપટલાલ શાહ - ધાણધા - મુંબઈ
- શ્રીમતી ભાગવંતીબેન ચંપાલાલજી પાલરેચા - લખમાવા - મુંબઈ
- શ્રીમતી લલિતાબેન નવીનભાઈ ચોપડા - ઘોટી
- એક ગુરુભક્ત પરિવાર - કલ્યાણ
- શ્રીમાન દિનેશકુમાર પ્રવીણકુમારજી જૈન - વાશી - મુંબઈ
- શ્રીમતી દેવીબેન એવંતીલાલ કાંતિલાલ દોશી, રાધનપુર - મુંબઈ
- શ્રીમતી બદામીબેન દેવીચંદજી સિસોદીયાહરણ, પોસાલિયા - થાણા
- શ્રીમાન પારસમલજી પુખરાજજી છાજેડ - માલગઢ - અંધેરી, મુંબઈ
- માતુશ્રી મણીબેન ફુલચંદ કરણીયા - જામનગર - મુલુંડ-મુંબઈ

# કથાક્રમ


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ક્ષમાની ક્ષિતિજ | ૧ |
| ૨ | વેરની વાવણી | ૧૫ |
| ૩ | ક્રોધનો કણ | ૨૫ |
| ૪ | વેરની વિદાય | ૩૩ |
| ૫ | સ્નેહના સંબંધ ! વેરના બંધ! | ૪૩ |
| ૬ | જિનમાં 'દીન'નાં દર્શન | ૫૭ |
| ૭ | હાથીના હાથ હેઠા પડ્યા | ૬૩ |
| ૮ | કરોડો વાર પુનરાવર્તિત 'પ્રવ્રજ્યા' શબ્દના પ્રભાવે | ૭૧ |
| ૯ | આરાધના એળે જતી નથી | ૭૭ |
| ૧૦ | અતિરેક અને વિવેક | ૮૧ |
| ૧૧ | નાગફણી-તીર્થ : જ્યાં આજેય જ્વલંત છે ચમત્કારનો ચિરાગ! | ૮૭ |
| ૧૨ | ગુરુ-શિષ્યનું અદ્ભુત વ્યક્તિત્વ | ૯૦ |
| ૧૩ | ચારિત્રે સરજેલો ચમત્કાર પર ચમત્કાર | ૧૦૨ |
| ૧૪ | વઢવાણની વાટે વાટે | ૧૦૮ |
| ૧૫ | બરલૂટ : વીર-વિભુની વિચરણ-ભૂમિ | ૧૧૫ |

## ૧

# ક્ષમાની ક્ષિતિજ

જન્મ અને મૃત્યુ, દિવસ અને રાત, પુરુષ અને પડછાયો, સુખ અને દુઃખ, સંયોગ અને વિયોગ-જેવી જોડલીઓ તો માણસ ખૂબ ખૂબ વિચાર કરે, ત્યારે એની આંખ સામે ખડી થાય! પણ રાજકુમાર-સ્કંદક અને પુરંદરયશાની જોડલી એવી તો અતૂટ હતી કે, શ્રાવસ્તીના તમામ માણસોની સામે એ દિન-રાત તરવરતી જ રહેતી.

સ્કંદક અને પુરંદરયશા ભાઈ-બહેન હતાં. નાનપણથી જ એ સાથે રમતાં, જમતાં અને ભમતાં! પુરુષ જો પોતાના પડછાયાને મૂકીને દૂર જઈ શકે, તો આ ભાઈ-બહેન એક-બીજાથી દૂર રહી શકે એવા પ્રેમપાશ એમને જકડી રહ્યા હતા.

પ્રેમના પાશ કહેવાય છે તો પુષ્પ-પાંખડી જેવા પાતળા! પણ એને તોડતાં તોડતાં તો ઘણીવાર બહાદુરોનેય આસમાનના તારા દેખાઈ આવે છે આ સત્ય રાજવી જિતશત્રુ અને રાણી ધારિણી બરાબર સમજતાં હતાં. પોતાના સંતાન સ્કંદક-પુરંદરયશા વચ્ચે અતૂટ હેત હોય, એમાં તો એઓ રાજી

હતાં. પણ સ્કંદક-પુરંદરયશા જ્યારે યુવાનીના દ્વારે આવીને ઊભાં રહ્યાં ત્યારે એક દહાડો જિતશત્રુના મનમાં એક વિચાર ઝબૂકી ગયોઃ રે! પુરંદરયશા તો પારકું ધન કહેવાય! આજ નહિ ને કાલે એ કોઈના ઘરની શોભા બનશે. સ્કંદક, શું બહેનને પોતાની આંખથી અળગી થતી જોઈ શકશે ખરો ?

ધારિણી પણ પોતાનાં સંતાનોનું ભાવિ વિચારતી અને ઘણી વાર જિતશત્રુને કહેતીઃ સ્કંદક ને પુરંદા હવે નાનાં બાળક નથી રહ્યાં. શૈશવના શણગાર એમના દેહ પરથી ઊતરી ગયા છે. દીકરી માટે કાલે માગાં આવશે. ભાઈથી અળગા થવાની કલ્પના પણ ન કરી શકતી દીકરીને આપણે હવે સત્ય સૃષ્ટિનો ખ્યાલ કરાવવો જ રહ્યો ! આ અંગે પ્રયાસો અનેક થયા, પણ પરિણામ ધાર્યું ન જ આવ્યું !

પુરંદરયશાની કાયા-ડાળે કૂજન કરતી કાંતિની કોયલોના મધુરા રણકાર સાંભળીને કંઈ-કેટલાય રાજવીઓએ પોત-પોતાના પુત્રો માટે પુરંદરયશાનું માગું પાઠવ્યું. પણ, ભાઈના પડછાયાનેય વળગી રહેતી પુરંદરયશાએ લગ્નની વાતમાં મચક જ ન આપી.

સ્કંદકને વિશ્વાસ હતોઃ મારી બહેન સ્વપ્નમાંય મને અળગો નહિ કરી શકે! દુનિયાભરની દીકરીઓ ભલે પ્રિયતમનું પાત્ર આવતાં ભાઈને ભૂલી જાય! પણ મારી આ બહેન તો એવી સ્વાર્થી નહિ જ બને ! પરંતુ એનો આ વિશ્વાસ ઠગારો નીવડ્યો. રાજવી દંડકાગ્નિ એક દહાડો શ્રાવસ્તીમાં જાતે જ પુરંદરયશાને પરણવા આવ્યા. રૂપ-સૌંદર્યનો એ સાગર જોઈને પુરંદરયશા પોતાના ભાઈને ભૂલી ગઈ અને એની આંખમાં રમતા, ભાઈ પરના વાત્સલ્યને, વામણો બનાવતો પતિ પરનો સ્નેહ-સાગર છાનો ન રહી શક્યો. પુરંદરયશાએ શરમ સાથે લગ્ન માટે હા કહી. સ્કંદક વિચાર-વમળમાં તણાઈ રહ્યો. પરંતુ એક દહાડો લગ્ન પણ

થઈ ગયાં અને પડછાયાની જેમ પીછો ન મૂકનારી પુરંદરયશા સ્કંદક્ને છોડીને સાસરે પણ જતી રહી.

મા-બાપનું મન હળવું થયું. એક મૂંઝવતો સવાલ ઉકેલાઈ જતાં, એમણે હવે સ્કંદકને સંસારમાં પાડવાનો પ્રયત્ન શરૂ કર્યો.

જે પ્રેમપાશ અતૂટ અને અખૂટ ધાર્યા હતા એ ઠગારા નીકળ્યા, એથી સ્કંદકના અંતરમાં જાગેલું આઘાતનું આંદોલન હજી શમ્યું નહોતું. બસ, એ તો આખો દિવસ શૂન્ય થઈને બેસી રહેતો, ખાવામાં રસ નહિ, પીવામાં કસ નહિ, નીરસતા જાણે એના સમગ્ર જીવનને ઘેરી રહી. સમજાવવામાં કોઈએ બાકી ન રાખ્યું. વેદનામાં તવાઈ રહેલા એના અંતરે, એક દહાડો કોઈ નવો જ વળાંક લીધો! જૈન-દર્શનનાં મર્મ-દર્શન કરાવતો એક ગ્રંથ એના હાથમાં આવી ગયો. થોડા દિવસના એના અધ્યયન પછી એનું અંતર પોકાર કરી ઊઠ્યું :

'જગમેં ન મેરા કોઈ! સહુ સ્વારથ કે હૈ સંગી!'

વિયોગની આગથી બળીને લાલચોળ થઈ ગયેલા સ્કંદકના લાગણીના લોઢા પર, ધર્મગ્રંથના આવા હથોડા પડ્યા અને એને ધાર્યો ઘાટ અપાવી ગયા. સ્કંદક થોડા મહિનાઓમાં તો એક ફિલસૂફ તરીકે પ્રખ્યાત થઈ ગયો. કોઈ અજબ ઘડી ક્યારેક આવી જાય છે અને પરિવર્તનની છડી પુકારાતાં એ જીવન અનેકને માટે ક્યારે મંગલ મૂડી બની જાય છે એ કોણ જાણી શક્યું છે, ભલા?

—: ૨ :—

જેમનામાં ન હોય રાગ કે ન હોય આગ! એવા વીતરાગ વિભુએ પ્રરૂપેલા જિનધર્મ પર અસ્થિ-મજ્જા બની ગયેલા અવિહડ પ્રેમને પડકારતા એ પ્રસંગે, સ્કંદકકુમાર મૌન ન રહી શક્યો. એણે એવો તો મક્કમ મુકાબલો કર્યો કે સહુ

જિનધર્મની સત્યતા ઉપર વારી ઊઠ્યા અને સ્કંદકનાં ઓવારણાં લઈ રહ્યા.

સમય મધ્યાહ્નનો હતો. સ્થળ શ્રાવસ્તીની રાજસભાનું હતું. જિતશત્રુ-રાજાના નેતૃત્વ હેઠળની સભામાં જ્ઞાનગોષ્ઠિના રંગનો પતંગ બરાબર ચગ્યો હતો. એટલામાં જ કુંભકાર નગરથી આવેલા રાજપુરોહિત પાલકે પગ મૂક્યો.

પુરોહિત પાલક! પોતાના જમાઈરાજ દંકડાગ્નિનો જમણો હાથ! વિદ્વત્તા અને વૈભવથી ઓપતા પુરોહિત પાલકનું સહુએ સન્માન કર્યું. પાલકે સ્કંદકની વિદ્વત્તા અને જૈન ધર્મ તરફની પ્રિયતા સાંભળી હતી. જ્ઞાનગોષ્ઠીમાં ભાગ લઈને, થોડી પળો બાદ એણે વાતને વિચિત્ર વળાંક આપ્યોઃ

'મહારાજ! જ્યાં સ્નાન તરફ સ્નેહ ન હોય, શૌચવાદને જ્યાં શોખ ગણીને દૂર કરાયો હોય એવો ધર્મ, ધર્મ કઈ રીતે ગણાય? કાયા જો શુદ્ધ ન હોય, તો કાળજું કઈ રીતે શુદ્ધ થાય ? દેહની શુદ્ધિ પર ભાર મૂકતો ધર્મ જ દિલને શુદ્ધ બનાવી શકે! ધર્મનું ટૂંકું લક્ષણ એટલું જ કે, અશુદ્ધને જે શુદ્ધ બનાવે એ ધર્મ!

પાલકે વાંકી આંખે સ્કંદક તરફ નિહાળતાં પોતાની વાત કરી. સ્કંદક સમજી ગયો કે, પાલકનો આ કટાક્ષ મારા પ્રિય ધર્મ ઉપર જ છે. એણે સણસણતો જવાબ વાળ્યોઃ

'પરમ અને ચરમ કક્ષાનો શૌચવાદ તો આ દુનિયામાં એક માત્ર માછલાંએ જ આવકાર્યો છે. આખો દિવસ જે પાણીમાં નહાયા જ કરે, એની શરીર-શુદ્ધિ માટે તો પૂછવાનું જ શું હોય! તો એના મતે માનવ-જીવન મુક્તિનું મંગલ દ્વાર નહિ, પણ મત્સ્યજીવન જ મુક્તિનું મંગલ દ્વાર હોવું ઘટે!'

આખી સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું. પાલકનું મોં પડી ગયું. ત્યાં તો સ્કંદકે અધૂરી વાત પૂરી કરતાં જણાવ્યું :

'જૈન ધર્મ જેવો શૌચવાદ સ્વીકારે છે, એવો તો કોઈ જ સ્વીકારતું નથી ! કોલસાને ધોળો કરવા મથનાર જો ડાહ્યો નથી, તો કાયાને જ શુદ્ધ કરવા મથનાર શું શાણો છે? જેવો કોલસો, એવી જ આ કાયા ! કોલસો બળ્યા પછી જ ધોળો થઈ શકે. કાયા પણ આવી જ છે. જે રોગનું રહેઠાણ છે, જે ગંદકીનો ગાડવો છે, જે લોહી-માંસ-ચરબીનો જ ઢગલો છે એ કાયા શું ગંગામાં તર્યા કરવાથી જ શુદ્ધ થાય ખરી ? માટે જ જૈન ધર્મ કહે છેઃ કાયાના કોલસાને કંચન જેવી બનાવવાની ધૂનમાં, કાળજાને કાટ લાગી ન જાય એનો ખ્યાલ રાખજો!'

પુરોહિત પાલકનું મોં સિવાઈ ગયું. આ પછી એણે સ્યાદ્‌વાદ, ત્યાગધર્મ, મોક્ષ આદિ જૈન ધર્મના પ્રાણ ગણાતા પ્રશ્નો છંછેડાયા. પણ સ્કંદકની બુદ્ધિ અને જૈન ધર્મની શુદ્ધિ આગળ એ ટકી ન શક્યો. છાતી ફુલાવીને આવેલો પુરોહિત સભા વિસર્જાઈ, ત્યારે મ્લાન પુષ્પની જેમ નિઃસ્તેજ જણાઈ રહ્યો. આખી સભા જિન ધર્મની શુદ્ધિ અને સ્કંદકની બુદ્ધિનાં ભર-પેટ વખાણ કરી રહી.

આ પ્રસંગ પછી સ્કંદક વધુ આત્માભિમુખ બનતો ચાલ્યો. એ વિચારતો : આવી વિદ્વત્તાનો નર્તન માટે તો ઘણો ઘણો ઉપયોગ કર્યો, પણ વર્તન માટે પ્રયોગ થાય ત્યારે જ વિદ્યા ઊગી નીકળી કહેવાય ! આમ, દિવસો સુધી વિચારનાં વલોણાં ચલાવીને અંતે એણે મહાભિનિષ્ક્રમણનું માખણ તારવ્યું.

એક દહાડો ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીના પધરામણીનાં વધામણાં આવ્યા અને રાજકુમાર સ્કંદકના આનંદને કોઈ અવધિ ન રહી. પોતાની વિશાળ મિત્ર-મંડળી વચ્ચે એ જ્ઞાનગોષ્ઠિ કરી રહ્યો હતો. સહુ સમસ્વરે બોલી ઊઠ્યાઃ ચાલો, ચાલો, ભગવાન પધાર્યા !

ભૂખ્યાને ભૂપતિનું ભાણું મળ્યું ! સહુ ધર્મદેશના સાંભળવા ચાલી નીકળ્યા.

સ્કંદકકુમારની આંતર-ધરતી વિરાગની વનરાજીથી લચી ઊઠેલી તો હતી જ. એમાં વળી ભગવાન શ્રી મુનિસુવ્રત-સ્વામીની ધર્મવાણીના મેઘ ત્યાં અનરાધાર વરસ્યા. પછી એ વિરાગની ખિલવણીમાં કમીના શી રહે? કુમારે પ્રભુ સમક્ષ પોતાનું વિરાગી અંતર ખુલ્લું કર્યું. જિતશત્રુ અને ધારિણી પોતાના પુત્રની વિરાગ-ભાવનાને ટાળી ન શક્યા. સ્કંદક એકનો એક પુત્ર હતો, છતાં એના હૈયામાં હિલોળે ચડેલો વિરાગનો સાગર જોતાં જ એમને લાગ્યું કે નીલગગનમાં ઊડવા મથતા આ મુક્તિ-ઝંખી પંખીને પાંજરામાં પૂરવાનો શો અર્થ ? ને એમણે દીક્ષા માટે અનુમતિ આપી.

શ્રાવસ્તીનું વાતાવરણ વિરાગમય બની ઊઠ્યું. ઠેરઠેર વિરાગનાં વાજાં વાગી રહ્યાં. પુરંદરયશા પોતાના ભાઈને, ત્યાગપંથે વળાવવા હાજર થઈ ગઈ. એક પનોતી પળે પાંચસો મિત્રોની સાથે સ્કંદકે સંયમ-જીવનનો સ્વીકાર કર્યો. પાંચસો શિષ્યોથી શોભતા શ્રી સ્કંદક-મુનિ, જાણે ત્યાગ-ધર્મના જીવતા જાગતા આદર્શ બની ગયા.

વર્ષોનાં વહાણાં વાઈ ગયા બાદ, ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીની સાથે સાથે વિચરતા અને સાધુમાંથી સૂરિ બનેલા શ્રી સ્કંદકસૂરિજી, કુંભકારનગરની આજુબાજુના પ્રદેશમાં આવ્યા અને એમના સ્મરણની સૃષ્ટિમાં, બહેન પુરંદરયશા તરફની લાગણીના એ દિવસો સાંભરી આવ્યા. અંતર કંઈક લાગણી-પ્રધાન બન્યું. ઉનાળામાં સૂકો જણાતો રાજમાર્ગ જેમ વર્ષાઋતુમાં આછાં આછાં તૃણાંકુરોથી રંગીન બની ઊઠે એવી પોતાની મનોસ્થિતિ વર્ણવીને એમણે પ્રભુ પાસે અનુજ્ઞા યાચીઃ

'પ્રભો! કુંભકાર નગર દૂર નથી. આપની આજ્ઞા હોય તો ત્યાં જાઉં અને બહેનને કંઈક ધર્મોપદેશ આપું.'

સર્વને જાણનારા અને જોનારા પ્રભુએ જવાબમાં કહ્યું: સ્કંદક ! એ પ્રદેશ તારી સમાધિ માટે અનુકૂળ નથી. ત્યાં જઈશ તો, વિઘ્નનો વાયરો એવો તો જોરદાર વાશે કે તારા કાળજાના કોડિયે જલતી સાધના, સમતા અને સમાધિની જ્યોત બુઝાઈ જશે. તું વિરાધનાના વાયરામાં ખેંચાઈ જઈશ! ક્ષમાની ક્ષિતિજને તું આંબી નહિ શકે!

અંતરના તાર-તારને બહેન તરફનું ધર્મ-વાત્સલ્ય ખેંચી રહ્યું હતું. શ્રી સ્કંદકસૂરિજીએ ફરી પૂછ્યું:

'ભગવાન! મારા અંતરમાં તો અંધકાર છવાશે, પણ આ પાંચસો શિષ્યોની સમાધિનું ભાવિ ભવ્ય છે કે ભયંકર?'

મધુરી સૂરાવલિ સંભળાઈ :

'આ પાંચસો ક્ષમાની ક્ષિતિજને આંબી જઈને આરાધક રહેશે એટલું જ નહિ! સ્કંદક, એ બધાની આરાધકતાની આધારશિલા બનવાનું પુણ્ય તને સાંપડશે. તારા શિષ્યો, તારા સહારે, આધિ, વ્યાધિ અને ઉપાધિના ઝીંકાતા ઝંઝાવાતમાંય સમાધિની જ્યોતને જાળવીને વધુ જ્વલંત બનાવી શકશે, એ સહુ પ્રકાશના પંથે પગલાં ઉઠાવી જશે. પણ તારે તો અંધાર જ વેઠવો પડશે! '

શ્રી સ્કંદકસૂરિનું અંતર નાચી ઊઠ્યું : પાંચસોની આરાધનાની આધારશિલા બનવાનું પુણ્ય તો મારા ભાગમાં આવશે ને? પાંચસોને આરાધક તરીકે અણનમ રાખનાર હું શું બરાબર મક્કમ મુકાબલો કરું તો આરાધક ન બની શકું ? એમણે હર્ષભેર કહ્યું :

'પ્રભો ! પ્રભો ! પાંચસોને આરાધક તરીકે અણનમ રાખવા દ્વારા મળેલું પુણ્ય, મને પણ પહાડની જેમ અડગ

બનાવી નહી શકે શું ? શૂરાતનનો શંખધ્વનિ ફેલાવીને, બીજાને પોરસ ચડાવતો હું અણીને અવસરે, ભાંગી નહિ પડું, માયકાંગલો નહિ બની જાઉં, સંગ્રામમાં જેની કિંમત છે, એ હિંમત હારી નહિ જાઉં-એમ મારાં રોમે રોમ મને પુકારે છે. આપની આજ્ઞા એ જ મારો માર્ગ !'

શ્રી સૂરિસ્કંદકનો આ સિંહનાદ સહુ સાંભળી જ રહ્યા. લલાટે લખાયેલા લેખ મિથ્યા થવાના નહોતા. પ્રભુ મૌન રહ્યા. આ મૌનને સંમતિ માનીને શ્રી સ્કંદકસૂરિ પોતાના પાંચસો શિષ્યોના પરિવાર સાથે કુંભકારનગર ભણી વિહાર કરી ગયા.

—: ૩ :—

વર્ષા રેલાવતી મેઘમાળાની જેમ ઠેર ઠેર ધર્મવાણીનાં પાણી રેલાવતા શ્રી સ્કંદકસૂરિજી એક દહાડો કુંભકાર નગરની ઉદ્યાન ભૂમિને પાવન બનાવી રહ્યા. આ પાવનતાને માણી જાણવાનું સ્વપ્ન સેવતી જનતાનો આનંદ નિરવધિ બન્યો. રાજવી દંડકાગ્નિ અને રાણી પુરંદરયશાને માટે તો જાણો મોં માંગ્યા મેહુલા વરસવાના હતા. પણ પુરોહિત પાલકે જ્યાં શ્રી સ્કંદકસૂરિજીનું નામ સાંભળ્યું, ત્યાં જ એને પોતાનો ભૂતકાળ યાદ આવી ગયો :

'રે ! આ એ જ સ્કંદક ! જેણે શ્રાવસ્તીની ભરી ભરી સભામાં મારું અને મારા ધર્મનું હડહડતું અપમાન કર્યું હતું ! આ વેરની વસૂલાત ન લઉં, તો પછી હું પાલક શાનો ? શ્રાવસ્તીના એ અપમાનની આવૃત્તિ કુંભકારનગરમાં પણ થાય તો પછી મારી આબરૂ, ફૂટી કોડીનીય ન રહે ! માટે ન રહે વાંસ ને ન વાગે વાંસળી-જેવો ઘાટ મારે રચવો જ જોઈએ.'

પુરોહિત મનોમન કોઈ યોજના વિચારી રહ્યો. લાંબા વિચારને અંતે પોતાની મેલી મુરાદને બર લાવતી યોજના જડી આવતાં એ અટ્ટહાસ્ય કરી ઊઠ્યો : રે ! સ્કંદક ! જો,

હવે હું તારું કાસળ કેવી કુશળતાથી કાઢું છું, તું જ શા માટે, તારા આ પાંચસો ચેલા પણ હવે મારી મોતની પક્કડમાંથી છૂટી નહિ શકે! મારું અપમાન ! જોઈ લે હવે એનો અંજામ! પાલક સીધો જ રાજા પાસે પહોંચ્યો.

પાલકના તન-મન પર અંકાયેલી ચિંતાની ઘેરી રેખાઓ જોઈને રાજાએ સાશ્ચર્ય પૂછ્યું : પુરોહિતજી ! વસંતનાં વધામણાં અને પ્રસન્નતાનાં પધરામણાં થયાં છે, ત્યારે તમે જવાસાના છોડની જેમ નિસ્તેજ કેમ દેખાવ છો ?

પાલકે પાસો નાખ્યો:

'મહારાજ ! વાત ગંભીર છે. કેટલીક ચોંકાવનારી વિગતો મળી છે. બળવાનાં બીજ ખુલ્લા થઈ ગયાં છે. આપના સિંહાસનને, નવ-રાજ્ય-નિર્માણના કાવતરાની કડીઓ મળી હોય ત્યારે હું નિશ્ચિંત કેમ રહી શકું ? આપ એકાંતમાં પધારો !'

શંકાઓની શૂલો દંડકાગ્નિના દિલમાં ભોંકાઈ રહી. આશ્ચર્ય અને ભયની લાગણી અનુભવતા તેઓ મંત્રણા ખંડમાં પ્રવેશ્યા. એમણે પૂછ્યું:

'પુરોહિતજી ! શું વાત કરો છો ? એક બાજુ સૂરિજી પધાર્યા, ત્યારે જ બીજી બાજુ આવું કાળું કાવતરું ? આ તો રંગમાં ભંગ પડ્યો ? કાવતરાખોર છે કોણ ?'

'મહારાજ ! આપ જેને રંગ માનો છો, એ જ જંગની જ્વાલા પેટાવનાર છે. સૂરિજીમાં સહુને ભલે સમતાવ્રતી સાધુનું દર્શન લાધતું હોય, પણ મને તો એમનામાં એક બળવાખોરનું, બંડખોરનું અને રાજ્યલિપ્સુ રાજવીનું વિકરાળ સ્વરૂપ દેખાય છે!'

પાલકે પાસો નાખી દીધો. અશ્રદ્ધા દર્શાવતાં રાજવીએ કહ્યું :

'પુરોહિતજી ! તમે ભૂલતા લાગો છો. સૂરિજી તો સમતાવ્રતી છે. એમને સમરાંગણનું સ્વપ્ન પણ ન આવે! ચંદ્ર ચિનગારીઓ વેરે, જળમાંથી જ્વાળાઓ ઊઠે અને મહાસાગર માઝા મૂકે, તોય જેવું આશ્ચર્ય ન થાય, એવું દુઃખદ આશ્ચર્ય તમારી, આ મોં-માથા વિનાની વાતો સાંભળીને મને થાય છે !'

પાલકે છાતી ઠોકીને, વિશ્વાસનો ટંકાર રેલાવતી જબાનમાં કહ્યું :

'મહારાજ ! રાષ્ટ્રનું હિત ને દેશની દાઝ મારી નસેનસમાં વહી રહ્યાં છે. પૂરેપૂરી તપાસ વિના મેં આ નથી કહ્યું. મારી વાતને હું સચોટ પુરાવાઓથી સાબિત કરી આપું, પછી તો આપ માનશો ને ? ચોખ્ખો ધુતારો હજી સારો ! પણ ધ્યાનીના વાઘામાં છુપાયેલો આવો ધુતારો ખોટો !'

દંડકાગ્નિએ પુરાવા રજૂ કરવા કહ્યું. પુરોહિતે છેલ્લો પાસો નાખ્યો, 'મહારાજ! સ્કંદકસૂરિ જ્યાં ઊતર્યા છે, ત્યાં જમીનમાં શસ્ત્રો દાટવામાં આવ્યાં હોય એવી સચોટ સંભાવનાની એંધાણી મળતાં જ મારો દેશ પ્રેમ સળવળી ઊઠ્યો છે. અંતે આ કાવતરાનો ઘટસ્ફોટ કરવાની કડવી ફરજ મારે અદા કરવી પડે છે. હું જાણું છું : સ્કંદકસૂરિ આપના સગા છે. પણ સિંહાસન પહેલું, દગાખોર સગા પછી, આ મારો મુદ્રાલેખ છે. આપ ગુપ્તચર દ્વારા તપાસ કરાવો. હું જો જુઠ્ઠો પડું તો મને ઘાણીમાં ઘાલી પીલજો, બસ ! '

દંડકાગ્નિની આંખ ફાટી ગઈ. પુરોહિતની છેલ્લી વાતે, એમના અંતરમાં શંકાઓની વણઝાર ઉતારી મૂકી. તરત જ ગુપ્તચરને ચાંપતી તપાસ માટે એમણે રવાના કર્યો, અને જો આ કાવતરું સાચું નીકળે, તો ક્યાં પગલાં લેવાં એ અંગેની ગંભીર વિચારણામાં બંને ડૂબી ગયા.

ગંભીર-વિચારણામાં ઘડીએક વીતી ન વીતી ત્યાં તો ગુપ્તચરે મંત્રણાગૃહમાં પ્રવેશ કર્યો. એની આંખમાં અનહદ આશ્ચર્ય હતું. કશું જ બોલ્યા વિના એણે એક પેટી ખુલ્લી કરી. રાજા અને પુરોહિત એ પેટીને ફાટી આંખે નિહાળી રહ્યા : એ પેટીમાં ચમકતાં શસ્ત્રો હતાં. આંખ અંજાઈ જાય, એવા તેજથી તરવરતાં હત્યારા હથિયારો જોઈને રાજાનો કોપાગ્નિ ભભૂકી ઊઠ્યો. ક્રોધાગ્નિ વેરતાં એમણે કહ્યું :

'સાધુના વેશમાં આવેલા શેતાન સ્કંદકને અવળી ઘાણીએ નાખીને પીલી નાખો. આવું કાળું કાવતરું ! એય પાછું સૂરિ જેવી પ્રતિષ્ઠિત પદવી ધરીને! એના પાંચસો ચેલાઓ પણ જીવતા ન રહેવા જોઈએ! જાવ, પુરોહિતજી! બળવાના આ બીજને વહેલી તકે ડામી દેવાની તમને આજ્ઞા છે.'

પુરોહિત પાલક મનોમન મલકાઈ ઊઠ્યોઃ હાશ ! અપમાનનો બદલો લેવાની મારી મુરાદ પાર પડી ખરી ! વાહ, વાહ ! મારી યોજના કેવી આબાદ ફળી! મેં જાતે જ આ શસ્ત્રો દાટ્યાં, એની કોઈને ગંધ પણ ન આવી શકી અને રાજાજીની કૃપા મળી એ વધારામાં ! પાલકે છાતી ઠોકીને કહ્યું : 'મહારાજ ! આપની આજ્ઞાની જ દેર હતી. હવે મને સંપૂર્ણ સત્તા મળી જતાં, કોઈની તાકાત નથી કે આપના સિંહાસનને ડગાવી પણ શકે !'

ને પાલક મનમાં મલકાતો મલકાતો રવાના થયો. એ સીધો જ ઉદ્યાનમાં શ્રી સ્કંદકસૂરિજી પાસે આવ્યો. એમણે 'ધર્મલાભ'નો ધ્વનિ કરીને, પાલક સાથેનું પરિચય-પુષ્પ હજી કરમાયું નથી, એવો ભાવ ઉપસાવ્યો. પાલકે તો સીધી જ વાત કરી :

'મહારાજ-સ્કંદક ! મારે તમારો 'ધર્મલાભ' ખપતો નથી. હું તો તમને 'મૃત્યુલાભ' આપવા આવ્યો છું. તમે જ

મારું અપમાન કર્યું હતું ને, શ્રાવસ્તીની સભામાં! એનો બદલો લેવા આવ્યો છું. તમારો બચાવ કરવા કોઈ આવનાર નથી. યાદ કરવા હોય, તો ભગવાનને યાદ કરી લો. ઘાણીએ ઘાલીને પીલી નાખવાની રાજાજ્ઞા લઈને આવ્યો છું. તૈયાર થઈ જાવ. મારું અપમાન કર્યું હતું ! એમ...?'

પાલક ખંધુ હસ્યો અને રાજસેવકોને એણે આજ્ઞા કરી : ઘાણીમાં તલ પીલો, એમ આ સાધુડાંઓને પીલી નાખો!

શ્રી સ્કંદકસૂરિજીને ભગવાને ભાખેલી આગાહી યાદ આવી ગઈ. એમણે સાધુઓ આગળ સાવધાનીનો સૂર ગજવતાં કહ્યું : કર્મ ખપાવવાનો અવસર આવો ફરી નહિ મળશે સાધો રે! સાધુઓ, ક્ષિતિજની જેમ ક્ષમાને આંબવી અશક્ય થઈ પડે એવું વિકટ આ વિઘ્ન છે. પણ સાવધાનીનું સુકાન બરાબર ઝાલી રાખશો તો સંસાર-સાગરનો પાર પામી જશો. કર્યાં કરમ સહુ અનુભવે રે-આ ધર્મસૂત્રને ધ્યાનમાં રાખીને, આ પાલકનેય પ્રેમથી વધાવી લેજો. પરીક્ષાની આ પળે સાવધ રહેશો, તો ક્ષમાની ક્ષિતિજ આંબવાનું અશક્ય કાર્ય પણ આસાન બની જશે. બસ, સહુ સાવધાન !

સાધુ-પરિવારમાં આંસુને બદલે આનંદનાં મોજાં ફરી વળ્યાં. ભગવાનની વાણી સહુને સાંભરી આવી. આરાધક ભાવને વધુ અજવાળવા અને ક્ષમાની ક્ષિતિજને આંબવા સહુ સજ્જ થઈ ગયા.

પાલકની તો એક જ મહેચ્છા હતી કે સ્કંદકસૂરિ કેમ વધુ ને વધુ દુઃખી થાય ? એણે સ્કંદકસૂરિજીની આંખ સામે જ બધા સાધુઓને ઘાણીમાં નાખીને પીલવાની આજ્ઞા કરી.

વાતવરણનો કણ કણ આ આજ્ઞાથી કરુણ બની ગયો. પણ સાધુ તો મસ્ત હતા. એક પછી એક સાધુઓ ઘાણીમાં સહર્ષ બેસવા માંડ્યા. શ્રી સ્કંધકસૂરિ એઓની આગળ ક્ષમાની ક્ષિતિજને આંબવાની ધર્મ-હાકલ કરવા માંડ્યા.

ચારસો નવ્વાણું સાધુઓ ઘાણીમાં પીલાતા પીલાતા, પોતાનાં કર્મોને પીલીને અંતકૃત કેવળી બન્યા અને સિદ્ધશિલાના સ્વામી બન્યા.

આ કરૂણ દશ્ય જોઈને શ્રી સ્કંધકસૂરિજીનું હૈયું હાલી ઊઠ્યું હતું. હવે ફક્ત બે જ જણા મૃત્યુના મોંમાં પ્રવેશવાના બાકી હતા : એક પોતે અને બીજા એક બાળશ્રમણ! આ બાળસાધુ પર વીંઝાનાર મોતનો કોરડો પોતે નહિ જોઈ શકે એમ અંતરમાંથી બા-પોકાર ઊઠતાં સૂરિજીએ પાલકને કહ્યું :

'પુરોહિતજી ! મારા હૈયાની લાગણીમાંથી પેદા થયેલી એક વાત હવે સાંભળશો? આ બાળ શ્રમણનું મૃત્યુ હું નહિ ભાળી શકું. માટે પહેલું મૃત્યુ મારું થાય અને પછી આનું-આટલી મારી માગણી સ્વીકારશો.'

પાલક આ સાંભળીને ખડખડાટ હસી ઊઠતાં બોલ્યો : ઓહો! તમને તો મારે વધુ જ દુઃખ આપવું છે. ને એણે બાળસાધુને આજ્ઞા કરી : એ સાધુડા! બેસી જા, ઘાણીમાં !

બાળસાધુ ઘાણીમાં બેસી ગયા. સૂરિજીએ એમને સાવધાન બનવાની હાકલ કરી. હસતે મોઢે જીવલેણ વેદના સહતા સહતા એ પણ અંતકૃત કેવળી બનીને મોક્ષના મહેમાન બની ગયા.

પાંચસો પાંચસો સાધુઓને આરાધક રહેવાની પ્રેરણા આપનાર શ્રી સ્કંદકસૂરિજીનું દિલ હવે દ્વેષના દાવાનળથી ધખી ઊઠ્યું. એઓ મનમાં બબડ્યાઃ પાપી ! પાલક ! તેં પાંચસોના પ્રાણ લઈને એમનાં કમકમાટી ભર્યાં મોત નિપજાવ્યાં, ત્યાં સુધી તો હું મૌન રહ્યો ! પણ મારી છેલ્લી એક લાગણી ભરી માંગણીનેય તેં ઠુકરાવી દીધી અને મારા અંતરને વેરની જ્વાળાઓથી સળગાવી દીધું ! આભચીરતી ગર્જના સાથે એમણે પોકાર કર્યો :

'મારા તપ-જપનું કંઈ પણ ફળ હોય તો આવતા જન્મમાં આ પાલકનો, આવા અવિચારી આ રાજાઓ અને આવા ક્રૂર આ કુંભકારનગરનો નાશ કરવાની શક્તિ મને મળો !'

પાંચસો સાધુવરો તો મોક્ષના મહેમાન બની ગયા. અણીને અવસરે શ્રી સ્કંદકસૂરિજી સાવધ ન રહી શક્યા. આરાધનાની આલબેલ પુકારતું એમનું અંતર વિરાધના અને વેરના ભડકે સળગી ઊઠ્યું. એમને ઘાણીમાં પિલાતા જોઈને પાલકની પ્રસન્નતાનો કોઈ પાર ન રહ્યો. હી-હી અને ખી-ખીના હર્ષનાદ કરીને એણે આખું ઉદ્યાન ગજવી મૂક્યું.

ભગવાને ભાખેલું ભાવિ અમીટ રહ્યું. શ્રી સ્કંદકસૂરિજી મરીને દેવ થયા. અવધિજ્ઞાનના અજવાળામાં એમણે દૃષ્ટિપાત કર્યો, તો લોહી, માંસ અને હાડકાંઓથી કરુણ અને દર્દીલ બની ઊઠેલું એ ઉદ્યાન દેખાયું : ઓહ! લોહીના રેલા વહી રહ્યા હતા. માંસ ચરબીના ઢગ ખડકાયા હતા અને અસ્થિઓ વેરવિખેર પડ્યાં હતાં. કુંભકારના રાજમહેલમાં છાતીફાટ રડતી પોતાની પૂર્વભવની બહેન પુરંદરયશા પણ દેખાઈ. ભાઈના કમોતની વાત સાંભળીને એ માથું પછાડી રહી હતી. એની પરનો પ્રેમ જોર કરી ગયો. દેવે પુરંદરયશાને ઉઠાવીને શ્રી મુનિસુવ્રતસ્વામીના ચરણે મૂકી અને એણે સાધ્વી-જીવન સ્વીકારવાનો નિર્ણય કર્યો.

દેવનું હૈયું હવે વિષ ઓકી રહ્યું. એ મનોમન બોલ્યાઃ પાપી પાલક! હવે ચાખી લે, પાપનાં ફળ! એકનેય જીવતો નહિ છોડું !

-ને દેવે અગ્નિની વર્ષા મુશળધારે વરસાવી. ઘડી પહેલાં રમતું-કિલ્લોલતું કુંભકારનગર બીજી જ પળે રાખના વિરાટ ઢગલામાં રૂપાંતરિત બની ગયું. એક પણ માણસ જીવંત ન રહ્યો. ધીમે ધીમે આ સ્થાન 'દંડકારણ્ય' તરીકે લોકમુખે ઓળખાઈ રહ્યું!

●

# ૨

# વેરની વાવણી

હલેસે હલેસે હલેસાતી હોડી, ગંગાકિનારો આવ્યો અને ઊભી રહી ગઈ. સઢ સંકેલાઈ ગયા હતા. સુકાનને સમાલવાની જવાબદારીમાંથી માલમો ક્યારનાય મુક્ત થઈ ગયા હતા. લંગર નાખવામાં આવ્યું અને નાવમાંથી માણસો ટપોટપ ઊતરવા માંડ્યા. નાવ-યાત્રાની કિંમત સહુએ ચૂકવી દીધી, પણ મુનિ યુગંધર તો અકિંચન હતા. એઓ આ યાત્રાની કિંમત ક્યાંથી ચૂકવી શકે?

મુનિ નાવમાંથી ઊતર્યા. પ્રવાસીઓ તો પોતપોતાના પંથે ચાલ્યા ગયા હતા. નંદનાવિકે કહ્યું : 'મુનિ ! નાવ-યાત્રાની કિંમત સહુએ ચૂકવી એ તો તમે જોયું ને ?

પ્રશ્ન સાંભળીને આગળ વધતા મુનિ ઊભા રહી ગયા. એમણે નહોતું ધાર્યું કે, નંદનાવિક સાધુ-સંત પાસેથી ય પૈસા માગતો હશે? હજી થોડી જ વાર પહેલાં નંદે જો આ પ્રશ્ન મૂક્યો હોત, તો કોઈ પણ યાત્રિક પૈસા ચૂકવી દેત ! હવે શું થાય? અત્યારે તો ગંગાકિનારે ફકત બે જ વ્યક્તિઓ ઊભી હતીઃ મુનિ ને નાવિક !

વૈશાખ-જેઠનું અંગારા વેરતું આકાશ, ભડકા જેવી ભયંકર લૂ અને પાછો ગંગા-તટ!

તપેલા તવા જેવા ગંગાતટ પર ઊભું પણ કોણ રહે ?

મુનિએ સમતાથી કહ્યું : નંદ ! વાત તમારી સાચી ! પણ, હું તો જૈન સાધુ છું. પૈસાનો પડછાયો પણ સાધુની સાધુતાને કલંકિત બનાવે!

નંદ જરા ક્રોધથી બોલ્યો:

'પૈસાનો પડછાયો પણ તમને ખપતો ન હોય તો આ નાવમાં બેઠા જ શા માટે? તમે ભલે સાધુ હો, પણ હું તો સંસારી છું ને ? પૈસા તો અમારે મન પરમેશ્વર છે. પૈસાના પડછાયાની પણ પૂજા કરવાનું મળે તો, અમે અમારી જાતને ધન્ય માનીએ!'

યુગંધર મુનિના દેહને ભડકા જેવા તડકા તપાવી રહ્યા હતા. માથે કોઈ મુકુટ ન હતો. પગે કોઈ પાદત્રાણ નહોતું. અડવાણા પગે ને અડવાણા માથે ઊભેલા મુનિનો દેહ ચમચમ થઈ રહ્યો હતો. એમણે જોયું કે નાવિકની આગળ સાધુની આચારસંહિતાની વાતો કરવી, ભેંસ આગળ ભાગવત ભણવા જેવું છે. એમણે કહ્યું :

'નંદ! તમે મારી સાથે ગામમાં ચાલો. નૌ-યાત્રાનું મૂલ્ય તમને ત્યાં મળી જશે.'

નાવિક જરા જુસ્સાથી ને ગુસ્સાથી બોલ્યો:

'ગરજ તમારે છે કે મારે ? યાત્રા તમે કરી, એના પૈસા લેવા હું મારી નાવને રેઢી મૂકું અને તમારી સાથે ગામમાં આવું એમ ? ધરમ નથી કરતો હું તો ધંધો લઈને બેઠો છું. મારે મોડું થાય છે. ધરમનો મેં કંઈ ધજાગરો નથી લીધો. તમારા જેવા મફતકા ચંદન ઘસનારા ઉપર ઉપકાર કરવા

નીકળું તો કાલે મારે ભીખ માંગવી પડે ભીખ. સમજ્યા, મહારાજ !'

પોતાની ડાંગને ખભે નાખીને નંદ, મુનિના માર્ગને આંતરી રહ્યો. એની આંખ લાલઘૂમ હતી.

મુનિના પગ તો અંગારા જેવી રેતમાં શેકાઈને લાલચોળ થઈ ગયા હતા. પગમાં ફોલ્લા પડ્યા હતા ને એમાંથી લોહી નીકળવાની શરૂઆત પણ થઈ હતી.

સમતાવ્રતી મુનિ હજી સમતોલ જ હતા. એમણે સ્પષ્ટ વાત કરતાં ખૂબ જ શાંતિથી કહ્યું :

'નંદ ! વાત સાચી ! પણ મને તમે જ રસ્તો બતાવો કે મૂલ્ય હું કેવી રીતે ચૂકવી શકું ? મારી પાસે ફૂટી કોડીનો પણ પરિગ્રહ નથી. આ દેહ અને દેહને ઢાંકતાં આ કપડાં-આટલી જ મારી દુનિયા છે. હવે તમે જ કહો, મૂલ્ય કેવી રીતે ચૂકવું ?'

નંદનાવિક મર્યાદાને નેવે મૂકીને ગુસ્સે થતાં બોલ્યો,

'મહારાજ! તો પછી નાવમાં બેઠા જ શા માટે? તમારી દુનિયા કેટલી છે એ તમે જાણો ! મારે એની શી ભાંજગડ ! મને તમે હજી ઓળખતા જ નથી! હાં, હું નંદ નાવિક છું. કાં પૈસા લઈશ, કાં તમારો પ્રાણ લઈશ.'

ઉનાળામાં શિયાળાની ટાઢકને યાદ કરાવતા ચંદન પર પણ જો ઘણા ઘસારા પડે તો એમાંથીય તણખાં ઝગે !

મુનિના ચિત્તનું ચંદન વાણીના આ ઘસારાથી તણખા વેરી રહ્યું. મુનિ કંઈ જ ન બોલ્યા. ફકત એક નજર સૂર્ય ભણી નાંખીને એમણે નાવિક તરફ 'તેજોલેશ્યા' ફેંકી!

બસ, ખેલ ખતમ ! નંદનાવિક રાખની ઢગલી બનીને આકાશમાં ઊડી ગયો.

કોઈ અભાગી પળ આવી જાય છે. જીવનમાં વેરનાં બીજ વાવતી કો' પાપી પળ જ્યારે ખાબકી જાય છે, ત્યારે સાવધ રહેવું ઘણી અઘરી ચીજ છે.

આવી એક અભાગી પળે મુનિ યુગંધર પોતાનું ક્ષમાવ્રત જાળવી ન શક્યા. એમના ક્રોધે એક જીવનો ભોગ લઈ લીધો. નંદનાવિક પણ કંઈ સાવ નિર્દોષ ન હતો. એ એટલું પણ ન સમજી શક્યો કે, આજનું સાપોલિયું કાલનો ભયંકર ભોરિંગ છે. આજનું બીજ કાલનો ઘેઘૂર વડલો છે, આજનો તણખો પળ પછીની ભયંકર આગ છે.

મુનિ યુગંધરના હાથે વેરની વાવણી થઈ ગઈ. રાખમાં પલટાયેલા એ નંદનાવિકને જોતાં જ મુનિ પોતાની ભૂલ પર રડી ઊઠ્યા પણ 'અબ પછતાયે હોત ક્યા જબ ચીડિયા ચુન ગઈ ખેત !'

— ● —

દિવસો પછીની કોઈ અભાગી પળે-
કો' ગામનું પાદર કોઈ ખંડિયેર ભૂમિ.

ધ્યાન મગ્ન મુનિ યુગંધરનું ધ્યાન એકાએક તૂટ્યું. એમણે ઉપર નજર કરી. ભાંગ્યા-તૂટ્યા નળિયામાં એક ચંદનઘો ફરી રહી હતી. ને એણે જ મુનિના માથા પર નળિયું ફેંક્યું હતું.

મુનિ પાછા ધ્યાનમાં ખોવાઇ ગયા. થોડી પળો વીતી ન વીતી ત્યાં ઉપરથી કચરો ને નળિયાનો એવો જોરદાર ઘા થયો કે, મુનિનું મસ્તક લોહિયાળ બની ગયું. મુનિ પોતાની મર્યાદા ભૂલ્યા. એમણે તેજોલેશ્યા છોડી ને ચંદનઘો બળીને ભસ્મ થઈ ગઈ.

વેરની વાવણી ! તપ-જપ ને ધ્યાન-ધારણાને ધૂળ- ધાણી બનાવતું તત્ત્વ !

શિયાળાના સુસવાટા ને પાછો ગંગાનો કિનારો.

આત્માના અગોચર-પ્રદેશોની ઓળખાણ કરતા મુનિ યુગંધરના મનમાં સૂતેલા, વેરના સાપને છંછેડતી એક પળ પુનઃ આવી.

એક હંસ ધ્યાનમગ્ન મુનિને જોતાં જ એની આંખમાં આગ વ્યાપી ગઈ. પોતાની પાંખમાં પાણી ભરી-ભરીને એણે મુનિ પર છાંટવા માંડ્યું.

શિયાળાની કાતિલ ઠંડી. એમાં પાછી પાણીની ઝડી. મુનિનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. તેજોલેશ્યાથી ધગધગતી આંખ ખોલીને મુનિએ હંસના હંસલાને ઉડાડી મૂક્યો.

— ● —

અડાબીડ જંગલ. એમાં એક ઊંચેરો ડુંગર. નામ એનું અંજનગિરિ.

મુનિ યુગંધરને આ અટવી ને આ અંજનગિરિ ધ્યાન માટે ગમી ગયાં. એમણે ધ્યાનની ધૂણી ધખાવી.

ત્યાં તો પૂંછડી પછાડતો એક સિંહ આવ્યો. મુનિના દર્શને એ વધુ ક્રૂર બન્યો. એક જ છલાંગે મુનિને મોત ભેગા કરવા એણે દોટ મૂકી. પણ આ શું? મુનિએ તેજોલેશ્યા છોડી ને સિંહ જેવો સિંહ બીજી જ પળે રાખમાં પલટાઈ ગયો.

— ● —

અજાતશત્રુતા જેનો આદર્શ છે એવા અણગારના અંતરના આકાશે વેરની વાદળીઓને ખેંચી લાવતા વા-વંટોળને લઈને એક ગોઝારી પળ ફરી પાછી મુનિ યુગંધરના જીવનમાં ખાબકી ગઈ!

વારાણસીના પાદરે યુગંધર મુનિએ ધ્યાનનો આરંભ કર્યો-ન-કર્યો એટલામાં તો એક બ્રાહ્મણ બટુક ત્યાં આવી ઊભો. મુનિને જોતાં જ બ્રાહ્મણ બટુકની આંખમાં વેરની જ્વાળા ભભૂકી ઊઠી. એણે મુનિ પર મશ્કરીનાં વાગ્બાણ

છોડવા માંડ્યાં. તમાશાને તેડું નહિ! બીજા મશ્કરા છોકરાઓએ પણ મુનિને રમતનું મેદાન બનાવી દીધા.

મુનિનું મન વેરની જ્વાળાથી ધખી ઊઠ્યું. એમણે તેજોલેશ્યા છોડીને બ્રાહ્મણ બટુકના પ્રાણ લીધા. બધા છોકરાઓ જીવ લઈને નાઠા.

સિદ્ધિને મેળવવી સહેલ છે, પરંતુ એને જીરવવી એ તો ખાંડાના ખેલ છે. તપ-જપના બળે યુગંધર મુનિને તેજોલેશ્યા તો વરી ગઈ હતી. પણ એ સિદ્ધિને મુનિ જીરવી ન શક્યા અને સિદ્ધિની એ સમશેરે પાંચ પાંચ જીવોના ભોગ લીધા : નંદનાવિક, ચંદન ઘો, હંસ, સિંહ અને બ્રાહ્મણ બટુક.

— ● —

વસંતના વૈભવ જ્યાં સદાય ખીલેલા રહેતા, એ વારાણસીનું ઉદ્યાન ! કોકિલના પંચમ સ્વર અહીં હંમેશ સંભળાતા. મયૂરની કેકા અહીંના વાતાવરણને સંગીતમય જ રાખતી. બુલબુલોનાં ગીત અહીં નિયમિત ગુંજતાં રહેતાં.

વારાણસીના રાજવી શૂરસેન અવારનવાર આ ઉદ્યાનની સહેલગાહ માણતા. એક દહાડો શૂરસેન રાજવી સહેલગાહ કરવા નીકળ્યા. ઉદ્યાનમાં પગ મૂક્યો, ત્યારે તો કોઈને કલ્પનાય નહોતી કે, જીવનમાં અજબ ઘડી એક આવશે જે જનમ-જનમની કડીઓ જોડી આપશે!

દૂર દૂર ઉદ્યાનમાં એક મુનિ ધ્યાનમાં ઊભા હતા. અડોલતા એવી હતી કે જાણે પર્વત ઊભો હતો. મોં પરની મસ્તી એવી હતી કે, જાણે સમી સાંજે મંદ મંદ પવનની લહેરખીએ સાગર લહેરાતો હતો.

રાજવી શૂરસેને આ મુનિને હજી જોયા-ન-જોયા, ત્યાં તો એ ઊંડા વિચારમાં ઊતરી ગયાઃ ઓહ ! મેં આવો મુનિવેશ ક્યાંક જોયો છે ખરો!

વિચારના વેગને રાજીવી ખમી ન શક્યા ને એક તમ્મર સાથે એ પછડાઈ પડ્યા. મૂર્છાની અસર હટાવવાના ઘણા ઘણા ઉપાયોના અંતે રાજીવીને જ્યારે કળ વળી, ત્યારે એમને આંખ આગળ જાતિનું સ્મરણ થઈ આવ્યું. એ બોલવા માંડ્યા :

गंगाए नाविओ नंदो समाए गिहकोईलो !

हंसो मयंग-तीरे य सिंहो अंजनपव्वई ॥

वाराणसीए बटुओ राया इत्थेव आसीओ...

રાજીવીએ ઘણો ઘણો વિચાર કર્યો. પણ આ શ્લોકની ચોથી કડી તેમને ન જડી. મોટા મોટા પંડિતોને તેડાવવામાં આવ્યા. પણ મન માને એવી ચોથી કડી રાજાને ન જડી તે ન જ જડી !

શ્લોકનો ભાવ હતો : હું ગંગાતટે રહેનારો નાવિકનંદ હતો. ત્યાંથી ચંદનઘો થયો. ત્યાંથી ગંગાતીરે હંસ થયો. ત્યાંથી અંજન પર્વતમાં સિંહ થયો. ત્યાંથી વારાણસીમાં બ્રાહ્મણપુત્ર થયો ને ત્યાંથી મરીને અત્યારે આ વારાણસીમાં રાજા તરીકે જન્મ્યો છું.

રાજાને પોતાના જનમ જનમનાં સ્મરણ થઈ આવ્યા હતાં. પણ હવે એક એ પ્રશ્ન રાજા માટે અણઊકલ્યો હતો કે, ભવની આ પરંપરામાં મેં જે યુગંધર મુનિ સાથે વેરની ગાંઠ વાળી ને જેમની તેજોલેશ્યાથી હું મરતો રહ્યો એ યુગંધર મુનિ અત્યારે ક્યાં હશે?

રાજવી શૂરસેનને બસ હવે તો એક એ જ ધૂન લાગી કે, ક્યારે એ યુગંધર મુનિનો ભેટો થાય ને એમની સાથે ભવભવથી ચાલી આવતી વેરની આ વણઝારને કાપી નાખું. એમણે જાહેર કર્યું કે गंगाए नाविओ नंदो- આ શ્લોકની મનગમતી પાદપૂર્તિ કરી લાવનારને અડધું રાજ્ય ઇનામ તરીકે આપવામાં આવશે.

બસ, પછી તો ચોરે ને ચૌટે, સીમમાં ને શહેરમાં, વાટે ને ઘાટે ગંગાए नाविओ नंदोनो નાદ ગુંજવા માંડ્યો.

આશા કોની અમર ન હોય ! પાદપૂર્તિ કરીને આવનારની અવિરત વણઝાર ચાલુ થઈ. પણ ઇનામની આશા ઠગારી ને ઠગારી જ રહી. રાજા રીઝે એવી એક પણ પાદપૂર્તિ કોઈ ન કરી શક્યું.

દિવસો વીતવા માંડ્યાં, એમ રાજાનો ઢંઢેરો દેશ-દેશમાં ઘૂમી રહ્યો. હળ હાંકતો ખેડુ-બાળ પણ ગંગાए नाविओ नंदोनुं ગીત ગાઈ રહ્યો. હાલરડાં ઝુલાવતી માતાઓના મોઢે પણ આ જ ગીત ગુંજી રહ્યું.

વાયુની જેમ અનિયમિત અને અવિરત વિહરતા યુગંધર મુનિ પોતે જ યોગાનુયોગ એક દહાડો વારાણસીના સીમાડે પધાર્યા. હળ હાંકતા ધરતીના છોરુઓના મોઢે ગવાતી ગાથા ગંગાए नाविओ नंदो એમના કાને અથડાઈ અને વેરના વાવેતરની એ ગોઝારી પળ એમની આંખ સામે ઊપસી આવી. એમનું મન વિચાર કરતું થઈ ગયું :

ઓહ! આ નંદ, આ ચંદનઘો, આ હંસ, આ સિંહ ને આ બ્રાહ્મણબટુક તો મારી આંખ સામે, મારા જ ક્રોધાગ્નિમાં બળીને રાખ-ખાક થઈ ગયેલાં પાત્રો છે ! શું નંદનાવિકના દેહની જ આ બધી કાયાપલટ હશે? રે ! હું સાધુ ! સમતા મારું વ્રત ! ક્ષમા મારો આચારધર્મ ! પણ મેં જ વેરનાં વાવેતર કર્યાં. પરીક્ષાની પળ આવી ત્યારે જ હું ગફલતમાં રહ્યો ને મળેલી સિદ્ધિને સમશેર બનાવીને મેં મારા પગ પર જ પ્રહાર કર્યો ?

શ્રી યુગંધરના આંખ સામે ભૂલભર્યો ભૂતકાળ તરવરી આવતાં, હૈયું પશ્ચાત્તાપથી જલી ઊઠ્યું. એમણે ખેડૂતને પૂછ્યું :

'આ ગીત શેનું છે?'

જવાબ મળ્યો : મહારાજ ! આ ગીતની ચોથી કડી કોઈ ગોઠવી આપે ને રાજા રીઝે તો અડધું રાજ્ય મળે. અમારા રાજવીને જાતિનું સ્મરણ થઈ આવ્યું છે, ને એમણે આવો ઢંઢેરો પિટાવ્યો છે. આપ તો જોગી છો. પાદપૂર્તિ કરી આપો ને રાજા રીઝે તો અમારાં દળદર ફીટે.

મુનિને થયું : ચોક્કસ આ તો મારા જીવનની જ વાત છે. એમણે પાદપૂર્તિ કરી : 'एएसिं घायगो जो उ, सो हुं ईत्थ समागओ'

પાદપૂર્તિનો ભાવાર્થ હતો : આ નાવિક, ઘો, હંસ, સિંહ ને બ્રાહ્મણની હત્યા કરનાર જે હતા, એ અત્યારે અહીં આવ્યા છે.

ખેડૂત દોડતો દોડતો સભામાં ગયો. એની પાદપૂર્તિ સાંભળીને રાજા રીઝી ઊઠ્યો. એણે ખેડૂતને પૂછ્યું :

'ધરતીના ઓ છોરુ ! જૂઠું ના બોલતો. સતની સાખે કહે કે આ પાદપૂર્તિ તને કોણે કરી આપી?'

ખેડૂતે મુનિની વાત જણાવી. રાજા આનંદી ઊઠ્યો : ઓહ! વેરના વિસર્જનની ને સ્નેહના સર્જનની અજબ ઘડી આવી ખરી ! યુગંધર મુનિ પોતે જ પધાર્યા લાગે છે ! વેરનાં વાવેતર કરીને મેં મારા મરણને નોતર્યા, એટલું જ નહિ, પણ એ મુનિની સાધનાના અમૃતમાંય મેં વિષ ભેળવ્યું !

ખેડૂતની સાથે રાજવી શૂરસેન મુનિ પાસે ક્ષમા માંગવા ચાલી નીકળ્યો. હજી એને તો ભય હતો કે આ ભવમાં પણ મુનિની મુક્તિસાધનાને ધૂળમાં મેળવવાનું કાળું પાપ તો મારા લલાટે નહિ અંકાયને ?

ધીમે પગલે ને ધડકતે હૈયે રાજવીને પોતાની સામે આવતો જોઈને યુગંધર મુનિએ કહ્યું : રાજવી શૂરસેન ! તમને અભય છે. મારી તમને ક્ષમા!

રાજવી યુગંધર મુનિના ચરણને અશ્રુ-જળે અભિષેકી રહ્યા. ગદ્ગદ કંઠે એ બોલ્યાઃ

'મુનિ ! નંદનાવિકના ભવમાં વેરનાં વાવેતર કરીને આજ સુધીની તમારી સાધનાને મેં ધૂળમાં મેળવી છે. મને ક્ષમા!'

મુનિએ રાજવીને ઊભા કર્યા ને કહ્યું.

'રાજવી શૂરસેન ! આ એક ભવમાં જ હું પાંચ પાંચ પ્રાણીઓનો હત્યારો બન્યો. તેજોલેશ્યાની સિદ્ધિને મેં સમશેર બનાવી ને વેરની વેદીને લોહીથી મેં તરબતર જ રાખી. તમે મને ન મળ્યા હોત, તો વેરના આ વાવેતરને હજી હું લોહી સિંચી-સિંચીને ઉછેરતો જ રહ્યો હોત!'

યુગંધર મુનિને રાજવી શૂરસેન એકબીજાની સામે જોઈ રહ્યા. એ ચાર આંખના મિલનમાંથી ક્ષમાનો ઈતિહાસ સરજાઈ રહ્યો.

એ દહાડે પાંચ પાંચ હત્યાથી લોહી-તરબોળ બનેલી વેરની વેદી પ્રેમના પાણીથી પાવન બની ગઈ !

●

# 3

# ક્રોધનો કણ

સંસાર માને છે કે વિરાગની આગ જેલમાં જ જાગે છે. વિરાગની વાસંતી-વનરાજીને પ્રફુલ્લવા જોગું ખાતર ને ખેતર, સંસારને દુઃખ જ લાગે છે.

જ્યારે સિદ્ધાંત કહે છે : ના, ના. એવું કશું નથી! વિરાગની આગ મહેલમાં પણ જાગી શકે છે. વિરાગનો વૈભવ સુખ વચ્ચેય પ્રગટી ને પાંગરી શકે એવો સંતોનો સાદ છે.

દમસાર, રાજકુમાર હતો. વૈભવના વિલાસી વાયરા વચ્ચે એ શ્વાસોશ્વાસ લેતો. સત્તા ને સુંદરીની સુંવાળી કેદમાં એ મુક્તિની મજા માણતો પ્રેમી હતો.

જેલમાં જાગેલી વિરાગની આગ હજી કદાચ ઓલવી શકાય. પણ મહેલમાં મજા માણતાં માણતાં જ્યારે વિરાગનો ચિરાગ હૈયાં-કોડિયે ઝગી ઊઠે છે, ત્યારે એને બુઝાવવા ઝંઝાઓ ને ઝડીઓ પણ અશક્ત જ નીવડતી હોય છે.

કૃતાંગલાનગરીનું ઉદ્યાન જ્યારે શ્રમણ ભગવાન મહાવીરદેવના પાવન પગલે મહોરી ઊઠ્યું, ત્યારે ખુદ

દમસારને પણ કલ્પના ન હતી કે, આજે કો' અણદીઠ-ચિનગારીના પાવન સ્પર્શે, મારા હૈયાનું કોડિયું વિરાગના ચિરાગથી ઝળહળી ઊઠશે!

કોઈ દર્શન જ એવાં હોય છે કે, પહેલી પળે જ એ સમ્યગ્દર્શનની દેન કરી દે. એના મૌનમાંથી ઊઠતી મહા-વાણી જ અંતરના અવાવરા ખંડોમાં ઘૂમરાય અને એ પ્રેરણા-સ્પર્શે પ્રમાદ પીછેહઠ કરી જાય.

રાજવી દમસારે ભગવાન મહાવીરના દર્શન માત્રથી કોઈ અનેરો ચેતનાસ્પર્શ અનુભવ્યો. એમાંય જ્યારે ભગવાનની વાણી એણે સાંભળી, ત્યારે તો એનો આત્મા આશક બની ઊઠ્યો આઝાદીનો ! એના કદમમાં કૌવત ધસી આવ્યું, વતનની વાટે દોટ મૂકવાનું !

રાજપિતા સિંહરથે જ્યારે પુત્રનું આ વિરાગી દિલ વાચ્યું. ત્યારે તેમણે એક થડકાર અનુભવ્યો. એકનો એક પુત્ર શું વિરાગની વાટે સંચરશે! શું રાજધુરા ફંગોળીને એ કોઈની ધૂંસરી હેઠળ જોતરાશે ?

પિતૃ-ચરણને છબતો દમસાર બોલ્યોઃ

'પિતાજી ! આશકના અંતરની વ્યથા-કથા તો આપનાથી ક્યાં અજાણ છે ! પળની પરિભાષા એને મન યુગ હોય છે અને દુઃખ કે દમન, ઉપસર્ગ કે ઉપદ્રવ-એને સુખનું જ નામાન્તર લાગતું હોય છે.'

પાંપણ પાછળનું ઊનું ઊનું આંસુ છુપાવીને સિંહરથે કહ્યું :

'હાં. બેટા ! મારા જીવનમાં મારી આંખ આગળ ઘણા ઘણા સ્વાતંત્ર્ય-સંગ્રામો ખેલાઈ ગયા છે. સ્વાધીનતાના સેનાનીમાં મેં આ બધાંની છેલ્લી હદ નિરખી છે!'

દમસારને થયું : મારી વાતને પિતાજી ગેરરસ્તે દોરી જાય છે. એણે નમ્રતાથી હૈયું ખોલ્યું :

'પિતાજી ! સ્વાધીનતાનો સેનાની તો આજે હુંય બનવા માંગું છું. સ્વાતંત્ર્ય-સંગ્રામ કાજે આપની વીરતાભરી વિદાય લેવા જ હું અહીં આવ્યો છું પણ, મારું સ્વાતંત્ર્ય ને મારો સંગ્રામ અનોખો છે.'

'એટલે ?' સિંહરથે પૂછ્યું.

'પિતાજી ! સ્વાતંત્ર્યના સંદેશ આજે મને પ્રભુ મહાવીરે સંભળાવ્યા છે. સાધુતાની સમશેરે, આજે મારે સિદ્ધ-પદની સ્વતંત્રતા સર કરવી છે !'

ખાળી રાખેલી આંસુધાર ખળ ખળ વહી નીકળી. માતા સુનંદાનાં ડૂસકાંએ, વાતાવરણની કરુણામાં વળી ઓર કરુણતાની કવિતા મૂકી. પણ મહેલમાં જાગેલી વિરાગની આગને આંસુ ઠારી શક્તા નથી.

ઘણાં ઘણાં સંભાષણો પછી, દમસારનો વિજય થયો. માતા-પિતાએ જોયું કે વિરાગના ઊછળતા આ મહાસાગરને હવે પ્રેમની પાળથી આંતરવાનો પ્રયાસ વૃથા છે. ઝોલે ચડેલાં મોજાં, પાળને તોડીને જ જંપશે. એમણે હસતે હૈયે દમસારને આશીર્વાદ ને અનુજ્ઞા આપ્યાં.

આખી કૃતાંગલાનગરી, આ અનોખા બનાવથી સન્ન રહી ગઈ. ભગવાન મહાવીરની 'મુક્તિ-સેના'માં એ દહાડે દમસારે પ્રવેશ મેળવ્યો.

તપની યજ્ઞ-વેદીના પ્રચંડ જ્વલન પર આજે મહિનાઓ વીત્યા હતા. ક્યાં એ ભરાવદાર ચહેરો અને ક્યાં આજનું આ અસ્થિ-શેષ શરીર ! દમસાર મુનિએ દેહને દમ્યો હતો. ઘણી ઘણી ભીષણ પ્રતિજ્ઞાઓ પછી, હાલમાં એઓ માસિક ઉપવાસના પારણે માસિક ઉપવાસની પ્રતિજ્ઞામાં હતા.

વિહારની દિશા ચંપાનગરીની હતી. એમની મુક્તિ-ઝંખના ઘણી વાર અધીર બની જતી. શું હું મોક્ષમાં જઈશ જ! જઈશ તો ક્યારે જઈશ?

દમસાર મુનિ ચંપાનગરીમાં આવ્યા. સંજોગોના જોડાણ અજબના બન્યા હતા. આજે પ્રભુ શ્રી મહાવીરદેવનું સમવસરણ પણ અહીં જ મંડાયું હતું. મુનિની ઝંખનાને વાચા ફૂટી. એમણે પૂછ્યું :

'ભગવન્ ! ભગવન્ ! આ પંખીની પાંખમાં શું અનંત ઉડ્ડયનોની વેદના જ લખાયેલી છે? મારી મુક્તિ ખરી કે નહિ ?'

સભા આ ઝંખનાને અહોભાવે નિહાળી રહી. સહુએ જોયું : મુનિનું હૈયું વલોવાઈ રહ્યું હતું. એમની આંખ આંસુ-ભારે ભરાઈ આવી હતી.

ભગવાને ભાખ્યું : મુનિ ! મુક્તિ તમારા ચરણની દાસી છે. તમે મુક્તિમાં જશો, તેટલું જ નહિ, આજે જ તમને 'કેવળજ્ઞાન' વરે એવાં અધ્યવસાયો ઉત્પન્ન થશે. પરંતુ સાથે સાથે ક્રોધની એક ચિનગારી પણ એવી પ્રજવળશે કે, એથી કેવળજ્ઞાન પાછું દૂર ચાલ્યું જશે !

મુનિએ પ્રભુનો ઉપકાર વ્યક્ત કરતાં કહ્યું :

'ભગવન્ ! આપે ઘણો ઘણો ઉપકાર કર્યો ! ક્રોધને હું કાબૂમાં લઈશ. અનંત કેવળજ્ઞાનને દૂર ઠેલતી એ પળ અંગે, મને સાવધાની ન મળી હોત તો તો આજે મારા હાથે એક અનિષ્ટ થઈ જાત! ધન્ય વાણી !'

બળ બળતી બપોર હતી. દમસાર મુનિ ભિક્ષા કાજે નીકળ્યા. માસક્ષમણનું આજે પારણું હતું.

ઉદ્યાનમાંથી ચંપાનગરીના દ્વાર સુધી પહોંચતાં પહોંચતાં તો મુનિ ત્રાસી ઊઠ્યા. અસહ્ય ગરમી! ઉપરથી સૂર્ય લાય વેરે

ને નીચે ધરતી-રેતના કણ અંગારાની જેમ ભડભડ બળે ! મુનિના પગે ફોલ્લા ઊઠી ગયા. નગરના પ્રવેશદ્વારની છાયામાં એઓ પળ માટે ખડા રહી ગયા. એમને થયું : નગરમાં જવાનો કોઈ ટૂંકો માર્ગ મળી જાય તો સારું !

વળતી જ પળે એક સાધુ-દ્વેષી માણસ ત્યાંથી આગળ જવા નીકળ્યો. મુનિએ નગરીનો ટૂંકો માર્ગ પૂછ્યો. સાધુ-દ્વેષી મનોમન આનંદી ઊઠ્યો : મૂંડિયાને સતાવવાનો મોકો સારો છે ! એણે લાંબામાં લાંબા માર્ગને ટૂંકો રસ્તો કહ્યો.

મુનિ એ રસ્તે જવા માંડ્યા. પણ, આ શું ? પળ વીતી, ઘડી પસાર થઈ ગઈ. પણ , નગરીનો પાછલો ભાગ જ નજરે ચડતો હતો. શું પોતે ખોટા રસ્તે હતા !

મુનિ વળી થોડા આગળ વધ્યા. રસ્તો ખાડા-ખડિયાવાળો ને પથરાળ શરૂ થયો. અંગમાંથી પરસેવાના રેલેરેલા ટપકી રહ્યા હતા. રસ્તો સાવ નિર્જન હતો. ધોળે દહાડે ચકલુંય ફરકતું ન હતું. ભગવાને ભાખેલા એ ભાવિવાણીના પડઘા મુનિના કાન આગળથી શમી ગયા. મુનિના મનમાં દ્વેષનો દવ જલવા માંડ્યો : રે ! આ આખું નગર જ દુષ્ટ છે.

ત્રીસ ત્રીસ દિવસના ઉપવાસ. એમાં પાછી પ્રચંડ ગરમી. એમાં વળી હૈયામાં ક્રોધની ચિનગારી ચગી, ઘડીપળમાં તો એ ચિનગારીએ ભડ ભડ જલતા મહાનલનું પ્રલય-સ્વરૂપ ધર્યું. એક પરનો ક્રોધ, લોક પર ઊતર્યો. મુનિએ દાંત પીસ્યા : જોઈ લે, ચંપાનગરી ! એક સંતને સતાવવાનો કરુણ અંજામ ભોગવવા તું તૈયાર થઈ જા ! ચંદન શીતલતા આપે, એથી શું એની પર ઘસારા કર્યા જ કરવાના! ચંદનમાંથી ચગતી ચિનગારીઓ તને રાખ-ખાખ કરીને જ ઓલવાશે!

ક્રોધથી ક્રૂર બનેલા મુનિ એક વૃક્ષ હેઠળ બેસી ગયા. એમને 'ઉત્થાનશ્રુત' યાદ આવ્યું. એ આનંદી ઊઠ્યા : ઓહ ! વેરની વસૂલાત લેવામાં હવે પળનોય વિલંબ શાને!

ઉત્થાનશ્રુત ! એક મહાશક્તિ ! એનો સદ્દુપયોગ ન થાય, તો સંહારલીલા ખેલાઈ જાય. શ્રુતનો જ આ એક ભેદ, એને યાદ કરતાં જ એના અધિષ્ઠાતા દેવો હાજર થાય ને ચોમેર ખેદાન-મેદાન મચી જાય. પળ પહેલાં કિલ્લોલતી ધરતી પર કરુણા, આંસુ ને આક્રંદન સરજી જવાની શક્તિ એટલે જ ઉત્થાનશ્રુત !

ક્રોધનો ભુલાવ્યો જ્ઞાની જ્યારે ભૂલે, ત્યારે સંહાર વેરાવવામાં બાકી નથી રહેતું. મુનિ વિસર્યા કે આ ઉત્થાનશ્રુત તો છેલ્લું શસ્ત્ર છે. ને એનો ઉપયોગ તો શાસન સામે જાગેલા આતતાયીઓને આવરવા, અંતિમ પળે, ન છૂટકે જ થાય!

મુનિ દમસારે ઉત્થાનશ્રુત યાદ કર્યું ને વળતી જ પળે ચંપાનગરી કિલ્લોલતી ચંપાનગરી કણસી ઊઠી. એના આહ ભર્યા સિસકાર સાધુ દમસારને પ્રસન્નતા દઈ રહ્યા.

ચંપાનગરીમાં શત્રુસૈન્ય ચડી આવ્યાની અફવા અચાનક જ ઘૂમી વળી ને લોકોએ નાસ-ભાગ શરૂ કરી. પ્રજાના પોકારે રાજા ધ્રૂજી ઊઠ્યો. એણેય સિંહાસનને લાત મારી. રાજા-પ્રજા બધા જ જીવ બચાવવા નાઠાં. થોડીવારમાં તો બધે સ્મશાન-શાંતિ છવાઈ ગઈ. આખું નગર જીવ લઈને નાઠું.

'ઉત્થાનશ્રુત' ગણીને મુનિએ આંખ ખોલી તો, ચોમેર હાહાકાર હતો. આંસુ ને ડૂસકાં વિનાનું એક મોં જણાતું ન હતું. એઓ વિચારી રહ્યા : આ શું ! મારા વેરની વસૂલાતનું આ સરવૈયું દોષ એકનો ને દંડ લોકને ! સૂકા ભેગું લીલુંય બળે !

મુનિની આંખ આગળ સવારનું એ સમવસરણ ને કરુણાળુ પ્રભુના એ ઉરબોલ ઊપસી આવ્યાઃ મુનિ ! ક્રોધની ચિનગારીથી ચેતજો ! નહિ તો 'કેવળજ્ઞાન'ની કરુણાની સર્વોત્કૃષ્ટ ધરતીના છેડેથી ફંગોળાઈને તમારે ખીણમાં આથડવાનું-કુટાવાનું જ રહેશે !

મુનિનું હૈયું રડી ઊઠ્યું. એમના એક એક રુવાંટેથી ધ્રુજારી, આગ અને અકળામણ વહી રહ્યાં. મારણનું વારણ મુનિ જાણતા જ હતા. ઉત્થાનશ્રુતનું વારણ હતું સમુત્થાન-શ્રુત!

સમુત્થાનશ્રુત ! વિસર્જનને સર્જનમાં પલટાવતી એક અદ્ભુત શક્તિ ! રાખમાં લાખ લાખ સૌંદર્ય અને ખંડિયેરના ઈંટ-મટોડામાં, ઈમારત સર્જતી શક્તિ એટલે જ સમુત્થાન શ્રુત !

મુનિએ 'સમુત્થાનશ્રુત' ગણવા માડ્યું.

થોડી પળોમાં તો ભયની ભૂતાવળો ભાગી ને ભવ્યતા ખેંચાઈ આવી. રાજા પાછો વળ્યો. પ્રજાના ભયમાં જાણે ભંગાણ પડ્યું : જાણે વિનાશની વાર્તા હતી જ નહિ ! આખું નગર કિલ્લોલવા માંડ્યું ! શત્રુ-સૈન્ય શું ને યુદ્ધની અફવા શું. દરેકને થયું કે પોતાની આંખમાં એક ભયંકર ઓથારનું સ્વપ્ન આવી ગયું ને આ બધી ભ્રમણાઓ ફેલાવી ગયું !

દમસાર મુનિને જાતની બેકાબૂ વૃત્તિ પર ધિક્કાર છૂટ્યો : રે ! મેં રાજને રઝળતું મૂક્યું. સુંદરીની સોડ ને એના કોડની દોડાદોડ દાબી લેવાની દમનવૃત્તિ મારે માટે દોહ્યલી ન રહી. હાય ! પણ શું ક્રોધના એક કણને હું કાબૂમાં ન લઈ શક્યો ! ખરે જ પ્રભુના બોલને ખોટા ઠેરવવાની શક્તિ કોઈમાં નથી. હવે સર્યું આ આહારથી !

ભિક્ષાપાત્ર એ દિવસે ખાલી જ રહ્યું. દમસાર મુનિ એમ ને એમ પાછા ફર્યા. ભગવાનના ચરણને છબીને એ બોલ્યા :

'પ્રભો ! પ્રભો ! ક્રોધના એક કણે, મારી સ્વતંત્રતાની સોનેરી પળને બાળી મૂકી ! પ્રતિજ્ઞા કરાવો જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી આહારનો ત્યાગ ! '

અનુતાપના આ આંસુને સહુ અહોભાવે નિહાળી રહ્યા. પ્રભુએ દમસાર મુનિને આહાર-ત્યાગની ભીષ્મ પ્રતિજ્ઞા આપી.

શાસ્ત્રનાં પાનાં બોલે છે કે-

સાતમે દિવસે દમસાર મુનિને, સનાતન સ્વતંત્રતાના અમરપટ્ટા સમું 'કેવળજ્ઞાન' સામે આવીને વર્યું !

ક્રોધના કણમાંથી સર્જાયેલી, વિનાશ-વિકાસની આ કથા પાસે પણ એક આગવી વ્યથા નથી શું ?

●

૪

# વેરની વિદાય

ઋતુ વર્ષા હતી. મહિનો ભાદ્રપદ હતો. પખવાડિયું અજવાશભર્યું હતું. અને આજની રાતનું આકાશ, બીજના ચંદ્રની નાનલ રેખથી શોભાયમાન થવાનું હતું !

ગોવાના સાગરકાંઠે શેઠ રાજિયા-વાજિયાનાં વહાણો છેલ્લા પાંચ દિવસથી લાંગરીને પડ્યાં હતાં અને હજી ત્રણ દિવસ સુધી એમ ને એમ પડ્યાં રહેવાના હતાં. કારણ, પર્યુષણનું આ પર્વ હતું. અવેરની આરાધનાનો આ અવસર હતો અને આ પ્રેમ-પર્વના આઠે દહાડા શેઠ રાજિયા વાજિયા પાખી પાળતા ! સાગરના તો એ ખેડુ હતા, છતાં આ દિવસોમાં એમનું એકેય વહાણ જળપ્રવાસ નહોતું કરતું !

મૂળ વતન તો સ્તંભનપુર! પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી શેઠ રાજિયા-વાજિયા ગોવામાં રહેતા હતા. ગોવાનું પ્રખ્યાત બંદર સાગરના એ સ્નેહીને ભાવી ગયું ને એણે ગોવા ખાતે પોતાની પેઢીઓ ખોલી.

થોડા જ દિવસોમાં રાજિયા-વાજિયાની પેઢીઓ જામી ગઈ. પુણ્યનો પવન પ્રતિકૂળ ન હતો. એમના નામની નાવો થોડા જ દિવસોમાં બંદરે બંદરે ઘૂમવા માંડી. ગોવામાંય એઓ એક પ્રતિષ્ઠિત આગેવાન તરીકે ઓળખાવા માંડ્યા.

દિવસો વીતવા માંડ્યા. દેશ-પરદેશની લક્ષ્મી જળપ્રવાસ કરતી કરતી શેઠ રાજિયા-વાજિયાને ત્યાં છલકાવા માંડી, અને ધર્મમાર્ગે એનો ઉપયોગ પણ શેઠ છૂટથી કરવા માંડ્યા.

થોડા વર્ષો બાદ ધીમે ધીમે એવા દિવસો આવી લાગ્યા કે જળપ્રવાસ ભયભર્યો થઈ પડ્યો. મધદરિયે ચાંચિયાઓના ચોતરા જામ્યા. જે લક્ષ્મી-છલકાતાં વહાણોને લૂંટી લેતા. મઝધારમાં મદદ પણ કોની હોય ? ચોમેર લૂંટારા જ લૂંટારા !

શેઠ રાજિયા-વાજિયાનાં વહાણો પણ એક બે વાર આ લૂંટારાઓના નાગપાશમાં પકડાયાં હતાં ને જે વહાણ પર હજારોની આશામીટ મંડાઈ હતી એ વહાણો સાવ ખાલી જ પાછાં વળ્યાં હતાં.

શેઠે આ ચાંચિયાઓને પકડીને કેદ કરવા માટે ઘણા પ્રયાસો કર્યા હતા. પણ સાગરના ખૂણેખૂણાને જાણનારા એ ચાંચિયાઓની શેઠ ભાળ પણ મેળવી શક્યા નહોતા.

ગોવા સરકારની નૌસેનાનો કપ્તાન એ વખતે વીજરેલ હતા. આખું નૌકાસૈન્ય એના આદેશને અનુસરતું.

શેઠ રાજિયા-વાજિયાએ ગોવા સરકાર સામે આ ફરિયાદ નોંધાવી, ને એ લૂંટારાઓને ગિરફતાર કરવા માટે આર્થિક મદદ પણ એમણે આપી.

થોડા જ દિવસમાં 'વીજરેલ'ની આગેવાની નીચે એક ટુકડી આ ચાંચિયાઓની ભાળ મેળવવા રવાના થઈ. એ ચાંચિયાઓની આગેવાની ખોજગી નામનો એક જબ્બર લૂંટારો ભોગવતો હતો.

આ વાત પર થોડા દિવસો વીત્યા. અષાઢ આવ્યો ને ગયો. શ્રાવણ પણ અડધા ઉપર પસાર થઈ ગયો ને શેઠ રાજિયા-વાજિયાનું પર્યુષણ પર્વ આવ્યું. શેઠ આઠ દિવસ માટે તો અચિંત હતા. આ આઠે દિવસ એમનું કોઈ વહાણ સાગરની સફરે જવાનું ન હતું, એથી લૂંટાવાનો ભય એમને ન હતો.

આજે ભાદરવાની અજવાળી બીજ હતી. કલ્પસૂત્રમાં આવતો પ્રભુ-જીવનનો અધિકાર સાંભળીને શેઠ હજી હમણાં જ પાછા ફર્યા હતા. અવેરની અસ્મિતા અને પ્રેમનો પમરાટ એમના મોં પર તરવરી રહ્યો હતો.

એટલામાં જ એક પ્રચંડ, પડછંદ ને કદાવર દેહ શેઠના પ્રાંગણમાં પ્રવેશ્યો. એ વીજરેલ પોતે જ હતો. સાગરખેડુઓની આંખના કણા સમા ખોજગી સહિત એના સાગરીતોને પકડીને, એની ખુશખબર આપવા એ શેઠ રાજિયા-વાજિયાની પાસે હસતે મોઢે આવ્યો હતો. એણે કહ્યું :

'શેઠ ! સાગરના એ લૂંટારાઓ પકડાઈ ગયા છે. ખોજગી અને તેના સાગરીતોના પગ બેડીઓ વચ્ચે જકડાયા છે. ગોવા સરકારની આંખ ખોજગી પર કતરાઈ છે ને સરકારે એક લાખ લ્યોહરીનો (તે સમયનું ચલણી નાણું) દંડ ખોજગી પર નાખ્યો છે. એ દંડ ખોજગી ભરપાઈ ન કરી શકે તો આજથી દશમે દહાડે ખોજગીને બંદૂકની અણીએ ઠાર કરવાનો સરકારી હુકમ પણ છૂટી ગયો છે.'

ને છેલ્લે એ ચાંચિયાઓ તરફ આંગળી ચીંધતાં વીજરેલ બોલ્યો:

'શેઠ ! આ એ જ ખોજગી છે, જેણે કંઈક વહાણો લૂંટ્યાં, કેટલાયની પેઢીઓ ઉપર તાળાં મુકાવ્યાં અને કેટલીય આંખોનાં આંસુ પીને જેણે પોતાની પૈસાની પ્યાસ બુઝાવી !'

શેઠે એ ચાંચિયાઓ તરફ નજર કરી તો આંખે આંખે એમને આંસુઓ જણાયાં, હૈયે હૈયે કરુણ વેદના જણાઈ ને મોતમાંથી ઊગરવાની ભીખ વંચાઈ.

શેઠે આંખો મીંચી દીધી ને એ કોઈ જુદી જ દુનિયામાં ખોવાઈ ગયા. જીવનમાં કંઈ વાર સાંભળેલું ક્ષમામૂર્તિ ભગવાન મહાવીરનું દિવ્ય જીવન એમની આંખ સામે તરવરવા માંડ્યું.

એ સંગમ ને એના એ સિતમો ! એ કૌશિક ને એના એ ફૂંફાટભર્યા ડંખ ! ગોવાળ, અનાર્યદેશ, શૂલપાણિ-આવા કંઈ કંઈ ઉપસર્ગો ને ઉપદ્રવો વચ્ચે શક્તિ હોવા છતાં આતતાયીનેય પ્રેમનજરે જોનારા એ ભગવાન મહાવીર, શેઠનાં કલ્પનાચક્ષુ સમક્ષ ખડા થઈ ગયા અને એક જ રાત્રિમા ઉપસર્ગોની જીવલેણ ઝડીઓ ઝીંકનારા એ સંગમ પર પણ કરુણાનાં બે આંસુબુંદ વેરતી ભગવાન મહાવીરની એ મૂર્તિ જ્યારે શેઠ સમક્ષ ખડી થઈ, ત્યારે તો શેઠની આંખ પણ ભીની બની ગઈ ! એ વિચારી રહ્યાઃ

'ઓહ ! આવા ક્ષમાના ધારણહાર મારા ભગવાન ! ને હું એમનો ભક્ત વેરની વિદાયના આ દિવસોમાંય શું આ ખોજગી પર પ્રેમ ન કરી શકું ?'

બંદૂકની અણી ..... દસમો દિવસ...... એક લાખ લ્યોહરીનો દંડ ! શેઠના કાનમાં વીજરેલના એ શબ્દો ઘૂમવા માંડ્યા ! ને એમની આંખ આંસુથી ભરાઈ આવી !

ઉત્તરીય-વસ્ત્રથી આંસુ લુંછીને શેઠે જ્યારે આંખ ખોલી ત્યારે ખોજગી સહિત બધા ચાંચિયાઓ પોતાની આગળ ઢળી પડ્યા હતા ને વાણી વિદ્યા વગર જાણે જીવનની ભિક્ષા યાચી રહ્યા હતા !

આંખે આંખે લટકતાં એ આંસુ-તોરણો જોતાં જ શેઠની રહી સહી કઠિનતા પણ પીગળી ગઈ ને એમણે વીજરેલને કહ્યું :

'વીજરેલ ! વેરની વિદાયના આ દિવસો મને દુશ્મનથી ય દોસ્તી ને આતતાયીથી પણ અંતર-પ્રેમ જોડવાનું કહે છે. માટે મારી ઈચ્છા છે કે ખોજગી સહિત બધાને મુક્તિ મળે. એમના દિલમાં જાગેલી વેદના અને પ્રજ્વળેલો પશ્ચાત્તાપ વાંચીને હું મારા તરફથી બાંહેધરી આપું છું કે તેઓ પોતાના આ પાપી ધંધાને ફરી યાદ પણ ન કરે.'

શેઠ અટક્યા. આ સાંભળીને વીજરેલ તો સાવ સ્તબ્ધ બની ગયો ! એને થયું : શેઠ પાગલપણામાં તો આ નથી બોલતાને ? આ લૂંટારાઓને કેદ કરવાનું એમનું એ ઝનૂન ક્યાં ? અને આજે હમણાં લૂંટારા જ્યારે આંખ સામે કેદ છે. ત્યારની આ કરુણા ક્યાં ? શું શેઠ આ ખોજગીને ઓળખવામાં તો ભૂલ્યા નથી ને? વીજરેલે ફરી શેઠને કહ્યું :

'શેઠ ! આ એ જ ખોજગી છે, જેણે આપનાં વહાણો પર ધોળે દહાડે લૂંટ ચલાવી હતી. એને ક્ષમા ? એનાથી પ્રેમ ? શેઠ સ્વસ્થ બનો, વિચાર કરો અને પછી નિર્ણય લો.'

'હા. વીજરેલ ! મેં વિચાર કરી લીધો. હું જાણું છું કે આ ખોજગીએ મારી પર ને કેટલાંય વહાણો પર તારાજી નોતરી છે. પણ આજ અમારાં પર્યુષણ ચાલી રહ્યાં છે. જેનો આદર્શ ક્ષમા છે, જેનો પાયો અવેર છે અને જેનું શિખર પણ અવેર જ છે. મને વિશ્વાસ છેઃ મારી ક્ષમા મને જ નહીં, બીજાનેય ફરી ક્યારે પણ દગો નહિ દે! વીજરેલ, ક્રૂરતાના કોરડા તો ઘણાય વીંઝ્યા, પણ માનવમાં આમૂલચૂલ પરિવર્તન લાવવાની કરુણાની અમોઘ શક્તિને પણ એક વાર પિછાણો !'

વીજરેલ સાંભળી જ રહ્યો. એણે પોતાની કીર્તિ, ખોજગી જેવા નામચીન લૂંટારાને કેદ કરીને મેળવેલી નામના હાથમાં આવીને સરી જતી લાગી. એણે વાતને યુક્તિથી સમજાવવા માંડી :

'શેઠ, પિંજરામાં પુરાયેલા સિંહનું દીન-હીન મોઢું જોઈને, એને જ જે પશ્ચાત્તાપ ને પરિવર્તનનું ચિહ્ન માની પિંજરાનું દ્વાર ખોલે છે એ મરે જ છે! મારું માનો, હજી હું કહું છું કે ખોજગીની ખતરનાકતા પિછાણો અને સાપને દૂધ પાતાં વિચાર કરો.'

શેઠ રાજિયા-વાજિયાના અંતરમાં તો જાણે પ્રેમનો પાતાળ કૂવો ફૂટ્યો હતો અને એનાં પાણી ઊછળી ઊછળીને ખોજગીનેય અભિષેકવા મથી રહ્યાં હતાં. એમણે કહ્યું :

'ના, વીજરેલ! સિંહ જેવું પ્રાણી પણ પોતાને મુક્તિ આપનારને કદી બેવફા નથી થતું. ભલે એ ભૂખ્યું પણ કાં ન હોય ? તો પછી એક માણસ જેવા માણસ પર કરેલો ઉપકાર, કદી અફળ જાય ખરો ? હાં, જો ખોજગી ભવિષ્યમાં બેવફા બને તો આપણા હાથમાં ક્યાં બેડીઓ પડી છે ! ફરી જંજીરો ને ફરી જીત !'

વીજરેલને થયું : ખોજગીને હવે જેર કરવો અશક્ય છે. કારણ કે શેઠના અનુગ્રહનું અભય-કવચ એને વીંટળાઈ વળ્યું છે. થોડી વાર એ વિચારમાં પડ્યો ને એને કંઈક યાદ આવ્યું. ગમે તેમ કરીનેય ખોજગીને જેર કરવો એ વીજરેલનું ધ્યેય હતું. એણે નવો જ મુદ્દો રજૂ કરતાં કહ્યું:

'હા, શેઠ તમારી વાત સાચી ! પણ ખોજગી હવે તમારા એકલાનો ગુનેગાર નથી કે એના જીવન-મરણનો નિર્ણય તમે તોળી શકો ! એ તો હવે ગોવા-સરકારનો ગુનેગાર છે અને

સરકારે એની પર કમરતોડ દંડ જાહેર કર્યો છે. ખોજગીના જીવન-નાવના સુકાની સરકાર છે, હવે આપ નથી !'

શેઠ આ સાંભળીને હસી પડતાં બોલ્યા :

'ઓહ ! એટલું જ ને ! એક લાખ લ્યોહરીનો દંડ મારી પેઢી તરફથી ભરપાઈ થઈ જશે. બસ !'

વીજરેલનું મોં પડી ગયું. શેઠે મુનીમને બોલાવ્યા અને લાખ લ્યોહરી ખોજગીની આગળ, એની મુક્તિ કાજે શેઠ તરફથી મુકાઈ !

પ્રેમમૂર્તિ એ શેઠના ચરણમાં ખોજગી ઢળી પડ્યો. આંખમાંથી વહી છૂટેલી આંસુધારાને રોકી શકવા એ અસમર્થ હતો.

પર્યુષણને શેઠ સાચા અર્થમાં સમજ્યા. વેરની વિદાયનું એ પર્વ શેઠે ઊજવી બતાવ્યું.

-ને લાખ લ્યોહરી સરકાર પાસે ધરાઈ. ખોજગી મુક્ત બન્યો.

વેરની વિદાયનો એ મહોત્સવ ખોજગીએ દિલ-દિમાગથી ઊજવ્યો. હવે એ લૂંટારો મટીને વેપારી બન્યો ને સાગરના સ્નેહે એની પાસે વહાણવટાનો ધંધો જ અદા કરાવ્યો.

ખોજગીનાં વહાણો ધીમે ધીમે સાગરમાં ઘૂમતાં થયાં. પોતાના જીવનની એ અણમોલ પળ, જ્યારે શેઠ રાજિયા-વાજિયાએ પોતાને જીવનની ભિક્ષા આપી હતી એને હૈયામાં સંઘરીને ખોજગી પોતાની જીવનનાવને કાળના જળ પર સરકાવવા માંડ્યો.

વર્ષો વીતી ગયા બાદ એક દિવસ એવો આવ્યો, જ્યારે આઘાત એવો જ પ્રત્યાઘાત પડ્યો ! એક વાર ખોજગીનાં વહાણો એ જ રસ્તાના અપાર પાણીને ચીરીને આગળ વધી

રહ્યાં હતાં. ખોજગીને પોતાનો ભૂલભરેલો એ ભૂતકાળ, પોતાની ચિર-પરિચિત સાગરભૂમિ જોતાં જ યાદ આવ્યો. અહીં રહીને જ પોતે લૂંટ ચલાવતો હતો ને કેટલાંય વહાણોની અરેરાટી બોલાવતો હતો. એની બિડાયેલી આંખ પોતાના જીવનની એ વેરાન ભૂમિમાં ફરી રહી હતી, ત્યાં જ અણધાર્યું એક ટોળું જળમાંથી બહાર આવ્યું ને એણે ખોજગીનાં વહાણો પર હલ્લો લઈ જવા પ્રયત્ન કર્યો. ટોળામાં લગભગ વીસ-બાવીસ જેટલા ચાંચિયાઓ હતા. ખોજગીનું મન અત્યારે બીજે હતું. એનાં વહાણો ભયમાં આવી પડ્યાં હતાં. વહાણમાં જ્યારે બુમરાણ મચી, ત્યારે જ ખોજગીને વાતાવરણમાં છવાયેલા આ ગંભીરતાભર્યા ભયનો ખ્યાલ આવ્યો. પોતે એક વખતનો નામચીન લૂંટારો હતો અને લૂંટારાઓની જાણભેદુતાથી એ સારી રીતે પરિચિત હતો !

ખોજગી ઊભો થયો. પોતાના રક્ષકદળને એણે હાકલ દીધી ને આવેલી આફતને વિદારવા એ મેદાને પડ્યો. સામસામો સંઘર્ષ મંડાયો : થોડી વારમાં તો હલ્લો લઈને આવેલી ટોળી નાસી ગઈ. પણ ખોજગીનું ત્રીજું નેત્ર અંગારા વેરી રહ્યું હતું. ભાગી છૂટેલી ટોળીનો પીછો પકડવા, એની પાછળ પાછળ થોડા જવાંમર્દો પણ નાઠા અને ચોરને ચોર જાણે! થોડી વારમાં તો ખોજગીની કાબેલિયતને બાવીસે બાવીસ ચાંચિયાઓને પકડીને કેદ કર્યા !

ખોજગીનો ક્રોધ હવે નિઃસીમ બન્યો. એણે પળનોય વિચાર કર્યા વગર હુકમ છોડ્યો :

'આ બાવીસે-બાવીસ લૂંટારાઓની લાશો આજ સાંજ સુધીમાં સાગરમાં પડી જવી જોઈએ, ખોજગીની પક્કડમાંથી ભાગી છૂટવું સહેલું નથી!

બાવીસેબાવીસ ચાંચિયાઓ થર થર ધ્રૂજી ઊઠ્યા. સાંજ પહેલાં જ મોતનું આગમન થવાનું હતું. એમણે દર્દીલા સ્વરે ખોજગીને વીનવ્યો :

'ખોજગી શેઠ ! અમારોય ભૂતકાળ ઊજળો છે. અમે શેઠ રાજિયા-વાજિયાની જ પ્રજા છીએ. પણ પેટ આજે અમારી પાસે આવાં નીચ કામ કરાવી રહ્યું છે; રાજિયા-વાજિયાના પર્યુષણના દિવસો હમણાં ચાલી રહ્યા છે; આપ અમને મુક્ત કરો, ફરી અમે આપનો રાહ નહિ રોકીએ!'

બોલતાં બોલતાં બધી આંખોમાં આંસુઓ ફરી વળ્યાં. કોઈને કલ્પના ન હતી, પણ આ શબ્દો જાણે મંત્ર બનીને ખોજગીના કાનમાં પ્રવેશ્યા. ને એ વિચારે ચઢ્યો :

'ઓહ ! શું રાજિયા-વાજિયાના પર્યુષણના દિવસો ચાલે છે, હમણાં ! વેરની વિદાયના આ દિવસો ! વર્ષો પહેલાં, આ જ દિવસોમાં, આ જ શેઠે મને મોતમાંથી ઉગાર્યો હતો. તો હું આ બાવીસને આજે મોતની ઊંડી ખીણમાં શી રીતે પટકી શકું ?'

ક્રૂરતા ઓસરતી ચાલી. એના સ્થાને કરૂણાનું આગમન થયું, ખોજગી પણ વેરની વિદાયના આ દિવસોને ઉજમા અને ઉત્સાહ સાથે ઊજવી લેવા તૈયાર થઈ ગયો.

ખોજગીની આંખ સામે એ આખો પ્રસંગ ખડો થઈ ગયો. જ્યારે વીજરેલની જીવલેણ પક્કડમાંથી, ગાંઠની લાખ લ્યોહરીઓ આપીને શેઠે પોતાને મુક્ત કર્યો હતો! એ દિવસો પર્યુષણના જ હતા. આજે પણ એ જ દિવસો હતા. ખોજગી પીગળી ગયો. એના દિલમાંથી વેરે વિદાય લીધી. બાવીસે ગુનેગારને મુક્તિ આપતા એણે કહ્યું :

'શેઠ રાજિયા-વાજિયાના પર્યુષણના આ દિવસો છે, માટે હું તમને મુક્ત કરું છું અને તમારી પાસે એક આશા

રાખું છું કે નેકીનો રાહ તમારાં પગલાંઓથી ઘેરો બને ! ઈમાનનો દીપ તમારા લોહીથી પણ જલતો જ રહે !'

હર્ષનાં આંસુથી ખોજગીના ચરણ અભિષેકીને બધા ગુનેગારો વિદાય થયા. એમને આજે જ એ વાત સમજાતી હતી કે જેના નામમાત્રથી આપણે મોતમાંથી મુક્તિ મેળવી શક્યા, એ રાજિયા-વાજિયા શેઠ કેટલા મહાન છે !

ખોજગીનાં વહાણો આગળ વધવા માંડ્યાં. જળ-પ્રવાસની મંજિલ સામે જ હતી !

ખોજગી કોઈ જુદી જ દુનિયામાં ખોવાતો હતો, વેરની વિદાયના એ દિવસોની સોનલ સ્મૃતિઓ એની ચોમેર ઘૂમી રહી હતી ! પ્રેમની પગદંડીએ એના પગ પ્રવાસ કરી રહ્યા હતા !

વાતાવરણ અજબનું બન્યું હતું. વાત્સલ્યનો વાયુ ધીમે ધીમે વહી રહ્યો હતો ! સ્નેહની સરવાણીઓનો ખળ ખળ ધ્વનિ, પ્રકૃતિને પાર્શ્વ-સંગીતથી મઢી રહ્યો હતો !

●

૫

# સ્નેહના સંબંધ ! વેરના બંધ!

આ વિશ્વમાં હરેક ચીજ હદમાં હોય, ત્યાં સુધી જ શોભે છે. કિનારાની હદ ઓળંગનારી નદી જેમ સર્વનાશ વેરનારી બને છે, એમ આ સંસારમાં હદ બહાર જનારી લગભગ દરેક ચીજ પોતાનું સુંદર સ્વરૂપ ખોઈ બેસતી હોય છે. માટે જ તો 'અતિ સર્વત્ર વર્જયેત્'નું નીતિવાક્ય સર્જાયું છે. ખાંસી જેમ રોગનું મૂળ છે, એમ હાંસી કલહનું મૂળ છે. હદ ઓળંગી જનારી હાંસીમાંથી જ 'કુરુક્ષેત્ર' જાગતું હોય છે.

'અતિ સર્વત્ર વર્જયેત્'નું આ નીતિસૂત્ર જ્યારે સત્તાસ્થાને બેસેલી વ્યક્તિઓ વીસરી જતી હોય છે, ત્યારે તો વિનાશ વેરાવામાં કંઈ બાકી રહેતું નથી.

રાજપુત્ર સુમંગલ વસંતપુરનો ભાવિ રાજા હતો. રાજા જિતશત્રુ અને રાણી અમરસુંદરીનો એ એકનો એક પુત્ર હતો. એથી એના માટે તો આવા નીતિસૂત્રોનું પાલન કરવું અનિવાર્ય હતું, છતાં એની આંખ આગળ એક દહાડો જ્યારે મંત્રીપુત્ર શ્યેનકનું ઊંટ જેવું સૌંદર્ય છતું થયું અને ગર્દભ જેવું

એનું સંગીત જ્યારે એણે સાંભળ્યું, ત્યારે તો સ્થાન-ભાન ભૂલી જઈને એણે મંત્રીપુત્ર-શ્યેનકને જાણે એક 'રમકડું' જ બનાવી દીધું અને એ રમકડા સાથે રાજપુત્ર યથેચ્છ ખેલ ખેલવા માંડ્યો. આ ખેલનો થોડા જ દહાડામાં અંતિમ અંજામ જે આવવો જોઈએ, એ જ આવ્યો. મંત્રીપુત્ર શ્યેનકને હાડોહાડ લાગી આવ્યું કે, રાજપુત્રનું આવું રમકડું બનવા કરતાં, તો મદારીનું માંકડું બનવામાં વધુ મઝા છે. ! અને એણે મનોમન એક વિચિત્ર નિર્ણય લઈ લીધો.

મંત્રીપુત્ર શ્યેનક કર્મરાજની કારમી થપાટનો ભોગ બની કુરુપતાના કુંડ તરીકે કૂબડી કાયા તો પામ્યો જ હતો. એમાં વળી દાઝ્યા પર ડામની જેમ એ રાજપુત્રના પનારે પડી ગયો. એની કાયા જ એવી હતી કે, કરૂણાળુને દયા-માયા જાગી જાય, જ્યારે કુતૂહલીને મશ્કરી-ઠઠ્ઠા કરવાનું સૂઝે!

મંત્રીપુત્ર શ્યેનક કર્મરાજની એવી તો કરડી નજરનો ભોગ બન્યો હતો કે, એનું મસ્તક માટલા જેવું વિચિત્ર ઘડાયું હતું. એના મસ્તક પરની લુખ્ખી-સુખ્ખી કેશલટો પીળાશ પડતી હોવાથી વધુ વિચિત્ર ભાસતી હતી. એની આંખ માંજરી હતી, તો નાક વાંદરાની જેમ દબાયેલું હતું. એની ડોક લાંબી હતી, તો કાન સાવ નાના હતા. પાણી ભરેલી મશકની યાદ કરાવતું એનું પેટ હતું, તો કોઈ ઠીંગણાને ઊંચો કહેવરાવે, એવો શરીરનો એનો અધોભાગ હતો. વિચિત્રતાના આવા ભંડાર પર જ્યાં કરૂણા વેરવાની હતી, ત્યાં જ રાજપુત્ર સુમંગલ સ્થાનભાન ભૂલી ગયો અને મંત્રીપુત્રને એક રમકડું સમજીને રમવા/ રમાડવા માંડ્યો.

દિવસો વીતતા ચાલ્યા, એમ રાજપુત્રની આ રમત 'અતિ'માં પલટાતી ચાલી. શ્યેનક ગમે તેમ તોય એક માણસ હતો. ગધેડાની સવારી પર ખાસડાના હાર દ્વારા થતા પોતાના

આવા સન્માનને એ ક્યાં સુધી સહી શકે? શ્યેનકની આ વિટંબના મંત્રીશ્વરના કાળજામાંય કાણું પડાવી જતી હતી, પણ સિંહની બોડમાં હાથ કોણ નાખે? સુમંગલ એકનો એક પુત્ર હોવાથી, રાજા જિતશત્રુની આગળ ફરિયાદ કરવાથી અળખામણા થવા સિવાય બીજો કોઈ અંજામ આવવાની શક્યતા નહોતી. એથી મંત્રીશ્વર માટે પુત્રની આ વિટંબણાને મૂંગે મોઢે સહી લીધા વિના છૂટકો જ ન હતો.

ગધેડાની સવારી ! ખાસડાનો હાર ! ફુટેલા ઢોલનો ખોખરો અવાજ! આવા અવળા વરઘોડાથી ત્રાસી ગયેલો મંત્રીપુત્ર શ્યેનક એક દહાડો મધરાતે વસંતપુરનો ત્યાગ કરીને, ભાગ્યના ભરોસે કોઈ અજાણી વાટે ચાલી નીકળ્યો. એનો સકંલ્પ હતો કે, આવા અપમાનના કડવા ઘૂંટડા ઉતારવા કરતાં તો કોઈ આશ્રમનો આશરો પામી જઈને ભગવાં પહેરી લેવાં શાં ખોટાં?

સંન્યાસી બની જવાના સંકલ્પની સિદ્ધિ માટે અનેક દિવસો, મહિનાઓ ને વર્ષો સુધી એ આમતેમ આથડતો રહ્યો. પરંતુ એના જેવાને આશરો પણ જલદી ક્યાંથી મળે ? કાયાથી એ કૂબડો હતો, એથી જ નહિ, પણ એના વિરાગનો પાયો દુઃખ હતો, એ કારણે પણ એને આશરો આપતાં ઘણા કુલપતિઓ ખચકાતા હતા. વર્ષોની રઝળપાટને અંતે એક કરૂણાળુ કુલપતિનો એને ભેટો થઈ ગયો. પોતાની વેદનાભરી વીતક જણાવીને છેલ્લે એણે આંસુ વહાવતી વાણીમાં કહ્યું : કુલપતિજી! આપ હવે જો ભગવાં નહિ આપો, તો આપઘાત કરીને પણ જીવનનો અંત આણવાનો નિષ્ઠુર નિર્ણય મેં લઈ જ લીધો છે.

શ્યેનકની વીતક સાંભળીને કુલપતિનું કાળજું પણ પીગળી ઊઠ્યું. એમણે મનોમન વિચાર્યું કે, દુઃખગર્ભિત આ

વૈરાગ્યમાં જો જ્ઞાનનો અંશ ભળી જાય, તો તો આનો બેડો પાર થઈ જાય! કુલપતિની સમજાવટની ધારી અસર થઈ. એમનો સચોટ ઉપદેશ સાંભળીને અંતે શ્યેનક બોલી ઊઠ્યો : કુલપતિજી ! તો તો રાજપુત્ર મારો ઉપકારી લેખાય કે, જેનું નિમિત્ત પામીને મને સંન્યાસી થવાનું મન થયું. મને હેરાન-પરેશાન કરનાર તો મારું કર્મ જ ગણાય. અને એ કર્મના નાશ માટે તપથી ચઢિયાતું કોઈ સાધન નથી.

કુલપતિ આનંદી ઊઠ્યા. એમણે શ્યેનકના શરીર પર ભગવાં ઓઢાડ્યાં, ભગવાં મળતા જ આનંદી ઊઠેલા શ્યેનકે પ્રતિજ્ઞા કરી કે, આજથી જ હું મહિનાના ઉપવાસના પારણે મહિનાના ઉપવાસનો તપ આદરીશ. પારણાના દિવસે એક જ ઘરે હું ભિક્ષાપાત્ર લંબાવીશ, એ પાત્રમાં જો ભિક્ષાનો લાભ નહિ થાય, તો પુનઃ મહિનાના ઉપવાસનો તપ આદરીશ.

ચોમેરથી 'ધન્ય ધન્ય'નો ધ્વનિ ઊઠ્યો, તપસ્વી શ્યેનકના જયનાદથી ગગન ગુંજી ઊઠ્યું. આ નવા તપસ્વીનો અનોખો તપ થોડા મહિનાઓમાં તો આસપાસના પ્રદેશ માટે અહોભાવ અને આશ્ચર્યનો વિષય થઈ પડ્યો ને તપસ્વી શ્યેનકનાં દર્શન માટે આવનારી પ્રજાની વણઝાર દિનરાત ચાલુ જ રહેવા માંડી! એમાં વળી મંત્રીપુત્ર તરીકેની એમની જીવનકથા લોકજીભે ગવાતી ચાલી, એમ એ વણઝાર વધુ વિસ્તરતી ગઈ.

વણથંભ્યા વહેણમાં વહેતા કાળપ્રવાહમાં એક દહાડો રાજવી જિતશત્રુ અદૃશ્ય થઈ ગયા. અને નવા રાજવી તરીકે સુમંગલની છડીઓ પોકારાઈ રહી. થોડા દિવસો-મહિનાઓ વીતી ગયા બાદ તો રાજવી જિતશત્રુ જાણે ભુલાયેલો એક ભૂતકાળ બની ગયા. કારણ કે પુત્ર સુમંગલે સિંહાસનને એવી નેકીથી શોભાવ્યું કે, પ્રજાને જિતશત્રુની ખોટ જેવું ન જણાયું.

રાજવી જિતશત્રુના સમયની સ્મૃતિઓને પ્રજા ભલે વીસરી ગઈ! પણ એ સમયની એક સ્મૃતિ નવા રાજવી સુમંગલનો કેડો છોડતી ન હતી. એ સ્મૃતિ હતી : મંત્રીપુત્ર શ્યેનક પર ગુજારેલા સિતમોની ! સુમંગલ રાજવી કોઈ વાર જ્યારે એકલા-અટૂલા બેસતા, ત્યારે આંખ આગળ એક માત્ર મજાક-મશ્કરી ખાતર મંત્રીપુત્ર પર પોતે વરસાવેલી વિટંબણાની વણઝાર ખડી થઈ જતી અને એઓ નિસાસો નાખી જતાઃ રે ! મારી રમતોથી ત્રાસી ગયેલા એ મંત્રી-પુત્રે આત્મહત્યા તો નહિ કરી હોય ને? મેં એની સાથે ખેલેલા ખેલ તો એટલા બધા ખતરનાક હતા કે, એ આ નગરથી જ નહિ, આ જીવનથી પણ છેડો ફાડી નાખ્યા વિના જંપ્યો નહિ હોય! હાય ! મારી મજા એના માટે કેવી સજા બની ગઈ હશે!

ઘણી વાર એકાંતની પળોથી ઘેરાયેલા રાજવીની આંખ મંત્રીપુત્ર શ્યેનકની આવી કોઈ સ્મૃતિ તાજી થતાં રડી ઊઠતી. પણ કહેવાય છે ને કે, દુઃખનું ઓસડ દહાડા! થોડાં વધુ વર્ષો વીત્યાં અને મંત્રીપુત્રની સ્મૃતિ ભુલાયેલા કોઈ ભૂતકાળની જેમ રાજવી સુમંગલના કાળજાના કિનારા પરથી અદશ્ય બની ગઈ !

જનની ને જન્મભૂમિનાં અદશ્ય કામણનો તંત તો કોઈ સંત જ તોડી શકતા હોય છે. તપસ્વી શ્યેનકની તપની કીર્તિ એક દહાડો એટલી બધી વ્યાપક બની કે, એમના માટે આશ્રમનો ત્યાગ કરીને બીજા દેશો અને ગામ-નગરોને દર્શન આપવાની વિનંતીઓની વણઝારને વશ થયા વિના કોઈ આરો-ઓવારો ન રહ્યો ! ને તપસ્વીએ સૌ પ્રથમ જન્મભૂમિ વસંતપુર તરફ પ્રયાણ કર્યું. ભીષ્મ અભિગ્રહથી અને તીક્ષ્ણ તપથી ઠેર ઠેર અહોભાવ તેમજ આશ્ચર્યની અંજલિઓને

ગ્રહણ કરતા કરતા તપસ્વી શ્યનેક એક દહાડો વસંતપુરમાં આવી ઊભા. લોકોનાં ટોળેટોળાં એમના દર્શન માટે પડાપડી કરવા માંડ્યાં. થોડાક જ દિવસોમાં એમની કીર્તિ વસંતપુરના કોટ-કિલ્લા ભેદીને રાજમહેલમાં પ્રવેશી અને રાજવી સુમંગલ પણ તપસ્વીનાં દર્શન કરીને જીવનને ધન્ય બનાવવા ચાલી નીકળ્યા. તપસ્વીનું રહેઠાણ જેમ નજીક આવતું ગયું એમ એમ રાજવીનું મન સરી ગયેલી સ્મૃતિઓના ઢગલાથી ઊભરાઈ ઊઠ્યું. એમણે નિર્ણય કરી લીધો કે, આ તપસ્વીના ચરણને અનુતાપના આંસુથી અભિષેકીને મારે એમના આગામી પારણાનો લાભ તો લેવો, લેવો ને લેવો જ !

તપસ્વીની કાયા તો હજી એવી જ કૂબડી હતી. પણ તપનાં તેજ એની પર નૃત્ય કરી રહ્યાં હતાં. એથી એનું કૂબડાપણું જાણે ઢંકાઈ ગયું હતું. રાજવીએ તપસ્વીનાં ચરણોમાં માથું ઝુકાવીને પછી પ્રશ્ન કર્યો :

'તપસ્વીજી ! મને ઓળખ્યો ? હું અગણિત અપરાધ આચરનારો નઠોર અને કઠોર આપનો જ એક અપરાધી ! આજે હું આસુંભીની આંખે અને આગ-નીતરતા અંતરે આપશ્રીની ક્ષમા માગું છું.મારા અપરાધનો અંત નથી, તો આપની ક્ષમાય અનંત છે. હું આ... પ... નો, અ...પ...રા....ધી......'

રાજવી વધુ બોલી ન શક્યા. ગળે ડૂમો ભરાઈ આવ્યો. તપસ્વી શ્યેનક ભૂતકાળને કંઈ ભૂલી તો નહોતા જ ગયા. પણ એ પ્રસંગને જોવાની નવી દૃષ્ટિ એમને લાધી ગઈ હતી. એથી વાત્સલ્યભર્યા હાથે રાજવીનો બરડો પંપાળતાં એમણે કહ્યું :

'રાજન્ ! તમારો કોઈ અપરાધ નથી. અપરાધી હોય, તો માત્ર મારાં કર્મ જ છે. તમે તો મારા જીવનને વિરાગ ભણી વળાંક આપવાનું પુણ્યકાર્ય જ અદા કર્યું છે. તમારી

આંખે અનુતાપનાં આંસુ શોભે ખરાં ? ઊઠો, સ્વસ્થ થાવ અને સંતોષનો શ્વાસ લો કે, મારી મજા પણ સારામાં પલટાઈ અને હું વિશ્વકલ્યાણનો જાણતા-અજાણતા વાહક બની શક્યો !'

આ મિલન જોનારની આંખ આંસુથી ઊભરાઈ ઊઠી. અપકારી પોતાના અપરાધનો એકરાર કરી રહ્યો હતો, જ્યારે તપસ્વી અપરાધીને અપરાધી માનવાનો ઇન્કાર કરીને, એને જ ઉપકારીમાં ખપાવી રહ્યા હતા! તપસ્વીના આ આશ્વાસનબોલ તો ઉપરથી રાજવીના પશ્ચાત્તાપના પાવકને વધુ પ્રચંડ બનાવી ગયા. રાજવીનું દિલ પશ્ચાત્તાપની આગથી ભડ ભડ થતું જલી ઊઠ્યું. એમણે તપસ્વીના પગને આંસુથી અભિષેકીને ગદ્‌ગદ્‌ સ્વરે કહ્યું :

'તપસ્વીજી ! જ્યાં સુધી આપ મને માફી નહિ આપો, ત્યાં સુધી મારા અંતરની આગ ઠરશે નહિ અને જ્યાં સુધી આપ આગામી પારણા માટેની મારી વિનંતી નહિ સ્વીકારો, ત્યાં સુધી ઠરેલી આગની રાખમાંથી પ્રસન્નતાનાં પોયણાં ખીલી નહિ શકે! માટે મારી આ બે વિનંતીઓ આપે માન્ય રાખવી જ પડશે. એક માફી આપવાની ને બીજી મારા આંગણે પારણું કરવાની !'

રાજવી સુમંગલની કાકલૂદી જોઈને તપસ્વી શ્યેનકનું દિલ દ્રવી ઊઠ્યું. એમણે રાજવીની બંને વિનંતીનો સહર્ષ સ્વીકાર કર્યો. કર્તવ્ય અદા થયાનો સંતોષ અનુભવતાં બંને છૂટા પડ્યા.

કેટલાંક નિર્માણ અવશ્યંભાવિ હોય છે, માટે જ અવશ્યંભાવિ એ લેખ પર મેખ મારવાની માનવીની વૃત્તિ-પ્રવૃત્તિ સફળ બની શકતી નથી. રાજવી સુમંગલે શ્યેનક-તપસ્વી સાથેના વેરને વિસર્જવા ક્ષમાની આપ-લે કરીને

એમને પારણાનું નિમંત્રણ આપ્યું. પણ આ નિમંત્રણ જ જાણે વેરને નિમંત્રવાનું હતું. એથી તપસ્વીના પારણાના દિવસો ગણતા રહીને એમની પ્રતીક્ષા કરતા રાજવી બરાબર પારણાના દિવસે જ ગંભીર માંદગીમાં પટકાઈ પડ્યા. બીમારીની ધાંધલ-ધમાલમાં તપસ્વીના પારણાની વાત સૌ કોઈ સાવ જ વીસરી ગયા.

રાજમહેલમાં રાજવીની બીમારી ગંભીરતા અને ગમગીની સરજી રહી હતી. બરાબર આ ટાણે મધ્યાહ્ને જ તપસ્વી શ્યેનક 'ભિક્ષાં દેહિ'ની અહાલેક સાથે રાજમહેલના આંગણે આવી ઊભા. પણ જ્યાં રાજવી બીમારીમાં પટકાયા હોય, ત્યાં તપસ્વીનો ભાવ પણ કોણ પૂછે ? થોડીઘણી પ્રતીક્ષા બાદ ભિક્ષાની સંભાવના ન જણાતા તપસ્વી શ્યેનક એ જ પ્રસન્નતા સાથે પાછા ફર્યા અને બીજા મહિનાના ઉપવાસની પ્રતિજ્ઞા સ્વીકારીને ધૂણી ધખાવીને બેસી ગયા. મહિના પછી પણ રાજભવનના આંગણે તપસ્વીનું ભિક્ષાપાત્ર ખાલી જ રહ્યું. આ સમાચારે એમના શિષ્યવર્ગમાં સન્નાટો બોલાવી લીધો. આ અંગે કોઈ વધુ વિચારે, એ પૂર્વે તો રાજવી તરફથી મંત્રીશ્વરની સવારી આવી ઊભી.

મધ્યાહ્ન પછી કંઈક તબિયત સુધરતાં જ રાજવીને પારણાના દિવસની યાદ આવી, ને એમનું હૈયું પસ્તાવાથી ભરાઈ ગયું. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે, એક તપસ્વી આંગણે આવીને થોડી ઘડીઓ પૂર્વે જ ચાલ્યા ગયા ! આ ગંભીર ભૂલની ક્ષમા યાચવા માટે જવાની રાજવીએ પોતે તૈયારી દાખવી, પણ તબિયતની ગંભીરતા જોઈને મંત્રીશ્વરે કહ્યું : રાજવી! અત્યારે આપના વતી હું ક્ષમા યાચી આવીશ, આપ પછી પધારી શકો છો.

મંત્રીશ્વર જ્યારે તપસ્વીના સાંનિધ્યમાં પહોંચ્યા, ત્યારે તો તેઓ ધ્યાનમાં બેસી ગયા હતા. બીજા મહિનાના ઉપવાસનો નિર્ણય લેવા છતાં તપસ્વીના મુખ પર લહેરાતી વાત્સલ્યભરી પ્રસન્નતા જોઈને મંત્રીશ્વર તો છક્ક જ થઈ ગયા. થોડી પળો પસાર થયા પછી તપસ્વીએ મંત્રીશ્વરને આશીર્વાદ આપ્યા ને આગમનનું પ્રયોજન પૂછ્યું :

મંત્રીશ્વરે આંસુભીની આંખે કહ્યું : તપસ્વીજી ! મહારાજા વતી હું આપની માફી માગવા આવ્યો છું. મહિનાથી આપની જેઓ આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યા હતા, એ રાજવી સુમંગલ આજની પ્રભાતે અચાનક જ ગંભીર બીમારીમાં પટકાઈ પડ્યા અને આ ગંભીરતાએ આપશ્રીના પારણાની ઘડી-પળને ભુલાવામાં નાખી દીધી. મહિનાના ઉપવાસ પર આપને પાછા મહિનાના ઉપવાસ ખેંચવાની જે આ કારમી કટોકટી સરજાઈ, એનો ખ્યાલ આવતાં જ રડી પડેલા રાજવી આપની ક્ષમા યાચવા માટે આવવા ઝૂરી રહ્યા છે. પણ તબિયત ગંભીર હોવાથી એમના વતી હું આવ્યો છું. એઓ બનતી ઝડપે આવવા આતુર છે. તપસ્વીજી ! ખૂબ જ ગંભીર ભૂલ થઈ ગઈ. હું ક્ષમા ચાહું છું. ઘર આંગણે અમૃતની ધારા વરસી, પણ અમે એનું ટીપુંય મેળવવા ભાગ્યશાળી ન બન્યા. કેવું દુર્ભાગ્ય !!

તપસ્વી શ્યેનકે એ જ પ્રસન્નતા સાથે ખૂબ જ સહજ ભાવે જવાબ વાળ્યો : મંત્રીશ્વર ! આમાં આટલો બધો પસ્તાવો કરવાની કંઈ જ જરૂર નથી ! તમારા માટે કદાચ આ દુઃખનો વિષય ગણાય. પણ મારા માટે તો આ તપોવૃદ્ધિની સોહામણી પળ ગણી શકાય! આમ વળી ક્યાં હું બે મહિનાના ઉપવાસ કરવાનો હતો ! મારા સંન્યાસની જેમ આ તપોવૃદ્ધિમાંય રાજવી નિમિત્ત બન્યા, એથી એમનું ઋણ મારે માથે વધતું

જાય છે. રાજવીને કહેજો કે, પસ્તાવો ન કરે, આવી ગંભીર તબિયતમાં અહીં આવવાનું કષ્ટ ઉઠાવવાની કોઈ જ જરૂર નથી. એમનો કોઈ અપરાધ નથી. છતાં એમના સંતોષ ખાતર હું માફી આપીને જ અટકી જતો નથી, પણ આ બે મહિનાના ઉપવાસનું પારણું રાજાના ઘરે કરવાનું વચન પણ આપું છું. બસ ! બોલો હવે વધુ કોઈ અપેક્ષા છે ?

મંત્રીશ્વરને જ્યાં ગાગર મળવાનીય ઓછી સંભાવના લાગતી હતી, ત્યાંથી સ્નેહનો આખો સાગર મળી ગયો હતો. એથી સંતોષ વ્યક્ત કરતાં એમણે કહ્યું : તપસ્વીજી ! આવી ક્ષમા ક્યાંય જાણી જોઈ નથી. આપની ઉદારતાને બિરદાવવા મારી પાસે કોઈ શબ્દો નથી. હું આપનો આજીવન ઋણી રહીશ.

મંત્રીશ્વર પાછા ફર્યા. રાજવી એમની પ્રતીક્ષા જ કરી રહ્યા હતા. મંત્રીશ્વરનો પ્રસન્ન ચહેરો જોઈને એઓ બધી વાત પામી ગયા. અને બીજા દિવસની સવારે જ્યારે એઓ તપસ્વીના ચરણોમાં આળોટી પડ્યા, ત્યારે એમનું હૈયું હળવું થયું.

રાજવીએ રડતા હૈયે અપરાધની કબૂલાત કરી, તો તપસ્વીએ હસતા હૈયે ક્ષમાના ક્ષીરથી રાજવીને અભિષેક્યા.

બીજા મહિનાના ઉપવાસ આગળ વધવા માંડ્યા. તપસ્વીની કાયા પર ધીમે ધીમે એની અસરો વરતાવા માંડી. પણ એમના કાળજા પર એ તપસંતાપની કોઈ અસર પેદા કરી ન શક્યો. બીજા મહિનાના ઉપવાસનો અંત નજીક આવવા માંડ્યો. રાજવી પોતાની ભાવના-સૃષ્ટિને શણગારી રહ્યા. પણ ભાવિના લેખ કોઈ જુદા જ હતા! પારણાના દિવસે જ પટરાણીની કાયા એકાએક બીમારીથી ઘેરાઈ ગઈ, પારણાની પળ માટેનું દિવસોનું ગણી રાખેલું ગણિત, આ

ગંભીર બીમારીમાં ભુલાઈ ગયું. ને આખો પરિવાર રાજરાણીની ચિંતામાં ખોવાઈ ગયો.

મધ્યાહ્ન થતાં જ તપસ્વી શ્યેનક રાજમહેલના દ્વારે આવી ઊભા. પણ એમની 'ભિક્ષાં દેહિ'ની ટહેલ કોઈના જ કાને ન અથડાઈ અને એઓ થોડીક પ્રતીક્ષા કર્યા બાદ પાછા ફરી ગયા. એમની પ્રતિજ્ઞા અડગ હતી. ત્રીજા મહિનાના ઉપવાસનો ભીષ્મ નિર્ણય લઈને એઓ ધ્યાનમાં બેસી ગયા. આ નિર્ણયમાં જોકે ક્રોધનોય થોડો અંશ ભળ્યો હતો. જે ઘણાંથી અજાણ્યો ન રહી શક્યો.

સ્નેહના સંબંધમાંથી વેરના બંધનું સર્જન જો અવશ્યંભાવિ ન હોત, તો રાજવી સુમંગલ માટે આગ લાગ્યા પછી કૂવો ખોદવા જેવો આવો ઘાટ ન રચાત. તપસ્વી પાછા ફરી ગયા અને રાજવીને એકાએક પારણાના દિવસની સ્મૃતિ થઈ આવી. એઓ મારતે ઘોડે દોડ્યા. પણ તપસ્વી તો ત્રીજા મહિનાના ઉપવાસની પ્રતિજ્ઞા લઈને વ્યાઘ્રચર્મ પર બેસી ગયા હતા.

રાજવીની આંખ આંસુથી મુશળધાર વરસાવી રહી. એઓ સીધા જ તપસ્વીના ચરણ ઝ઼ાલીને પોકે પોકે રડી રહ્યા. એ આંસુ અને એ આક્રન્દને જોઈને તપસ્વી શ્યેનકનો ક્રોધાંશ કરૂણામાં પલટાઈ ગયો. એમણે રાજવીને કહ્યું :

'રાજવી ! ભાવનાનો છોડ વાવવો, એ આપણા હાથની વાત છે, પણ એ છોડ પર સિદ્ધિના ફૂલ/ફળ ઉગાડવાં, એ કિરતાર/કિસ્મતના હાથની વાત છે. પછી આવો શોક કરવાનો શો અર્થ? મને તો એનો વધુ આનંદ છે કે, તમે મારી તપોવૃદ્ધિમાં નિમિત્ત બની રહ્યા છો. હું આમ પરિસ્થિતિને પચાવીને સમાધાન કરવા દ્વારા સમાધિ રાખી રહ્યો છું. તો પછી તમારેય આવો જ માર્ગ અપનાવવો રહ્યો ને?'

ત્રીજા મહિનાના ઉપવાસના પારણાની વિનંતીનો સ્વીકાર કરાવીને રાજવી સુમંગલ જ્યારે પાછા વળ્યા, ત્યારે એમના અંતરે કંઈક આસાયેશ અનુભવી.

ત્રીજા મહિનાના ઉપવાસના કટોકટીભર્યા દિવસો આગળ વધી રહ્યા. આ ભીષ્મ તપના દર્શને આવનારાઓની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જ રહી. શરીર હવે તો અસ્થિશેષ જ રહ્યું હતું. તનનું નહિ, મનનું બળ જ તપસ્વીના જીવનને ટકાવી રાખી રહ્યું હતું.

પારણાનો દિવસ નજીક આવી રહ્યો, એમ રાજવીની સાવાધાની વધી રહી. પણ વેરના બંધનું ભાવિ અફર હતું બરાબર પારણાના દિવસે જ રાજપુત્રના મસ્તકમાં શૂળની વેદના ઊપડી. એ વેદનાની હાયવોયથી આખું રાજભવન ગમગીન બની ગયું. મધ્યાહ્ન થતાં જ તપસ્વી શ્યેનકને રાજમહેલ તરફ આવતા જોઈને રાજસેવકોના મનમાં એક એવો ઊંધો વિચાર આવી ગયો કે, સાલો આ જોગટો જ પાપી પગલાનો છે ! એ આવવાનો હોય છે, એ જ દિવસે રાજ-પરિવારમાં કોઈ ને કોઈ ગંભીર પરિસ્થિતિ ઊભી થાય છે ! માટે મારો, આ જોગટાને!

ને રાજસેવકો તપસ્વી શ્યેનક પર તૂટી પડ્યા. ઘાયલ થયેલા તપસ્વી અધવચ્ચેથી જ પાછા ફર્યા. એમના અંગેઅંગમાં વેરની આગ ભભૂકી ઊઠીઃ આ સુમંગલ જ સાલો ધુતારો છે! બાળપણની ટેવ ક્યાંથી છૂટે ! કૂતરાની પૂંછડી કદી સીધી થાય જ નહિ! ભક્ત બનવાના બહાને એ મારું કાસળ કાઢવાના દાવપેચ રમી રહ્યો છે ! મારા આ તપનું જો કઈ પણ ફળ હોય, તો હું આવતા ભવમાં આને મારનારો થાઉં ! મારી માંગણી આ જ છે, અને આટલી જ છે!

વેરના બંધ પડી ગયા. ચોથા મહિનાના ઉપવાસની પ્રતિજ્ઞા લઈને તપસ્વી શ્યેનક ધમધમતા અંતરે ધ્યાનમાં બેસી ગયા. નખથી શિખ સુધીના એમના દેહમાં જાગી ઊઠેલો દ્વેષનો દાવાનલ જોઈને સૌ ગભરાઈ ગયા : રે! તપસ્વીના શાપનો ક્યાંક ભોગ બની બેસીશું. ભાગો, રે ! ભાગો !

આગ લાગી ગઈ હતી. હવે કૂવો ખોદવાનો કોઈ અર્થ નહોતો. છતાં પોતાની ગંભીર ભૂલનો ખ્યાલ આવી જતાં જ રાજવી સુમંગલ સમી સાંજે દોડતા પગે તપસ્વી પાસે પહોંચ્યા.

શ્યેનક તપસ્વીના અંગેઅંગમાં તો વેરની જ્વાલાઓ ભભૂકી ઊઠી હતી. જ્યાં રાજવી સુમંગલે એમના ચરણ પર આંસુનો અભિષેક કર્યો, ત્યાં જ તપસ્વીના મોંમાંથી વેરની જ્વાળાઓ ઓકાવા માંડી. શાપની ભાષામાં એમણે કહ્યું : સાલા, સુમંગલ ! હોઠ પર હેત રાખીને, હૈયામાં હલાહલ રાખવાની ધિઠ્ઠાઈ કરતા તને આ ઉંમરેય શરમ નથી આવતી ! હું માનતો હતો કે, તું બાળપણની વેરવૃત્તિ ભૂલી ગયો હોઈશ! પણ મારી આ માન્યતા મને આજે દગો દેતી જણાય છે. સાપની દાઢમાંથી હજી ઝેર જાય, કૂતરાની પૂંછડી હજી સીધી થાય, પણ તારો સ્વભાવ તો ન જ બદલાય ! તું ભક્તનો દાવો કરીને મારી જીવન-નાવને ઝંઝાવાતમાં સપડાવવા માગે છે. તું જો આવું વેર રાખે છે. તો હું વેરનો બંધ ઈચ્છું છું. મેં મારા તપનું ફળ માગી જ લીધું છે. મારા તપનો જો કંઈ પણ પ્રભાવ હોય, તો હું આવતા ભવમાં તને મારનારો થાઉં ! ક્ષમાની હવે કોઈ સંભાવના જ નથી. મારા રોમરોમમાં ધખારો છે : વેર ! વેર ! વેર !

નાવ કિનારે આવીને ડૂબી ગઈ. જે તપથી સમાધિ સાધવાની હતી, એ તપના ફળ રૂપે ઉપાધિ માંગીને તપસ્વી શ્યેનક વ્યંતર તરીકેની કાયાપલટ પામ્યા.

રાજવી સુમંગલ માટે આ પ્રસંગ જીવનભર હૈયામાં શલ્ય રૂપે ખૂંચતો રહે, એવો બની ગયો હતો. જીવનના અંત ભાગમાં સંન્યાસ જીવન સ્વીકારીને, ઋષિહત્યાના આ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યાનો એમણે આંશિક સંતોષ અનુભવ્યો. તપસ્વી શ્યેનક સાથે મનોમન હાર્દિક ક્ષમા કરીને તપસ્વી સુમંગલ એક દહાડો મૃત્યુ પામીને વ્યંતરનો ભવ પામ્યા.

વેરના બંધની જેમ સ્નેહના સંબંધના અને સ્નેહના સંબંધની જેમ વેરના બંધના લેખ લખાઈ ગયા પછી એની પર મેખ લાગી શક્તી નથી! રાજવી સુમંગલનો જીવ વ્યંતરનો ભવ પૂર્ણ કરીને એક દહાડો રાજવી પ્રસેનજિતના પુત્ર શ્રેણિક તરીકેની કાયાપલટ પામ્યો. ત્યારે પેલા વ્યંતર શ્યેનકનો જીવ વેરની વસૂલાત કરવા એક દહાડો એમના પુત્ર કોણિક તરીકેની કાયાપલટ પામ્યો.

શ્રેણિક-કોણિક તરીકેના પિતા-પુત્રના એ ભવમાં એકે સ્નેહનો સંબંધ સાચવ્યો, તો બીજાએ વેરના બંધનો વિપાક વેઠ્યો ! જેલ ભેગા કરાયેલા મહારાજા શ્રેણિક, મૃત્યુની ક્ષણ સુધી વાત્સલ્યનું વહેણ વહેતું રાખી શક્યા, જ્યારે કોણિક દિનરાત વેરની જ્વાળાઓમાં જ ભૂંજાતો રહ્યો ! આ કરૂણ ઈતિહાસને સૌ કોઈ જાણે જ છે!

●

## ૬

# જિનમાં 'દીન'નાં દર્શન

મનનો મોરલો થનગન નાચી ઊઠે, એવી સોરઠની સોહામણી ભોમકા છે, આ ભોમકા પર જન જનમાં ને ઘરઘરમાં ગવાતો એક ગિરિ છે. આ ગિરિના એક છેડે લોબાનની ધૂમ્રસેરોમાંથી ઊઠતી સુગંધ વાતાવરણને દિનરાત મહેંક આપતી રહે છે. સામે એક પીરની દરગાહ છે. ઓલિયાઓ અહીં પડ્યા પાથર્યા રહે છે. દુઆ લેવા આવતા દિલોની કતાર અહીં અટકતી નથી.

દીનને માનનારા દીનવેશોય અહીં દેખાય છે અને જિનને નમનારા જૈનો પણ અહીં આવે છે.

દીન-જિનનો આ સંગમ બડો આશ્ચર્યકારી છે. મોટા મોટા સંઘો પણ અહીં લોબાનનો ધૂપ પેટાવીને થોડું નજરાણું મૂકીને પછી જિનનો જયજયકાર કરવા જાય છે.

મન ન માને, એવી આ વાત છે, પણ ઈતિહાસનાં એ પાનાંઓ જ્યારે સજીવ થઈને બોલે છે ત્યારે ભલભલા આદમીનું અંતર જિનના પ્રભાવ પર ઓવારી જાય છે. ચાલો, એ ઈતિહાસને બોલાવીએ/સાંભળીએ :

ઘણી ઘણી તડકી-છાંયડીનું સાક્ષી અમદાવાદ! એની પર બાદશાહ ચોથા મુજફ્ફરની ત્યારે હકૂમત. પાટણ એની આણ નીચે. ત્યાંનો અધિકારી શેરશાહ ચિક્થો !

મુસ્લિમ રાજવંશનો ઈતિહાસ એટલે જ સુરા, સુંદરી, સંપત્તિ ને સંગ્રામની કહાણી ! સુંદરી ભાળી, સંપત્તિનો ઝળહળાટ જોયો કે સંગ્રામ ! સંગ્રામ સાથે સુરા તો જોઈએ જ !

શેરશાહ ચિકથો પણ આ માટીનો જ માનવી હતો. પાટણ પાસે કુણઘેર ગામ. ત્યાં ભાણસી નામનો સોની રહે. નાતે શ્રીમાલી. ગોત્ર એનું અડાલજા.

કદીક કદીક સૌંદર્ય ઉકરડે ઊગે છે, ને એને ઘણી ઘણી આપત્તિ-વિપત્તિઓ નડે છે.

ભાણસી સોનીને ત્યાં સૌંદર્યસભર એક શતદલ કમલિની ખીલેલી. એની પત્ની કોડાઈમાં જાણે સ્વર્ગભ્રષ્ટ કોઈ સુંદરીનાં રૂપ-રંગ ખીલેલાં.

કમળ-કમળના ભોગી ભ્રમર શેરશાહ ચિકથાને કોણ જાણે ક્યાંથી એક દિ' આ કોડાઈની રૂપવાર્તા મળી ગઈ. એણે તો છોડી આજ્ઞા કે, કુણઘેરની કોડાઈને અબી ને અબી હાજર કરો!

સૈનિકો છૂટ્યા. મોરની નજરે ચડેલો સાપ દોડી દોડીને કેટલે જાય ! કોડાઈ પાટણના અંતઃપુરમાં કેદ બની.

ભાણસી સોની દેવ તરીકે વીતરાગને જ માનતો. ગુરુ એના નિર્ગ્રંથ જ હતા. કોડાઈ પણ આ ધર્મની જ નીડર પૂજારણ હતી. એ મુસ્લિમ વાતાવરણમાં આવી હતી, છતાં પોતાના જૈન ધર્મને અચૂક આચરતી.

ઉકરડે ઊગેલી આ કમલિનીમાં એટલી તો સુગંધ ને એટલા તો રૂપરંગ હતા કે, એની આગળ રાજબાગમાં ઊગેલી બધી કમલિનીઓ મ્લાન જણાવા માંડી. કોડાઈને પોતાનું સૌંદર્ય આજે નાગણ બનીને અંગે અંગે ડંખ દઈ રહ્યું હતું.

એટલું કૌવત એનામાં ન હતું કે, શીલ સાચવવા એ શરીરને હોમી દે ! પોતે ઝેરને કટોરો ઘોળીને પી જાય અને પોતાના શબને શેરશાહ પ્રેમ આપે. આ હૈયાશક્તિનો અભાવ કોડાઈને ઘણી વખત બોર બોર આંસુએ રડાવી જતો.

અંતે એક દિવસ કોડાઈ અણદાગ ન રહીં. શેરશાહની વાસનાના ભડકા એક નારીના ધર્મને જલાવી ગયા.

દિવસો જતા ગયા, એમ શેરાશાહ વધુ પડતો દીવાનો બનતો ગયો. ગમે ત્યાં જવું હોય, પણ કોડાઈ તો સાથે જોઈએ જ! એક બપોરે કોડાઈ અરિહંતનું ધ્યાન ધરી રહી હતી. ત્યાં જ બારણાં ખૂલ્યાં ને શેરશાહ દાખલ થયો. કોડાઈને ધ્યાનભંગ થયો. એણે રાડ નાખી.

'આ તે કંઈ જિંદગી છે. જ્યાં બંદગી પણ ન થઈ શકે ! હું અત્યારે મારા ખુદાને જપું છું, નાપાક દિલનો પ્રવેશ અત્યારે ન જોઈએ.'

શેરશાહ શરમાઈ ગયો. એણે પ્રશ્ન કર્યો :

'તારા ખુદા ક્યાં ? એનાં રહેઠાણ ક્યાં છે ?'

જવાબ મળ્યોઃ

'તમેં દીનને ખુદા માનો છો, હું જિનને ! શત્રુંજય પર રહેલા યુગાદિદેવ મારા દેવ છે !'

'એમ ? સારું. બંદગી ભલે ચાલુ રહે. એક દિવસ તને તારા ખુદા પાસે હું લઈ જઈશ.'

શેરશાહ ચાલ્યો ગયો.

પ્રેમ જેટલું ન કરાવે, એટલું ઓછું ! કોડાઈ પરનું કામણ શેરશાહને એક દિ' શત્રુંજય ભણી દોરી ગયું. સાથે કોડાઈ હતી. એક ઓલિયો હતો. નામ અંગારશાહ! ખરે જ અંગારા જેવો પ્રચંડ !

પાલિતાણા આવ્યું. જૈનોના પાકસ્થાન શત્રુંજય માટે શેરશાહે ઘણું ઘણું સાંભળ્યું હતું પણ જ્યાં એણે પહાડ ને એની વિરાટ ધરતી પર પથરાયેલી અણમૂલી દેવનગરી જોઈ કે, સાંભળેલું બધું એને ઓછું ઓછું લાગ્યું. ઈશ્વર પરની જૈનોની આવી ઈમાનને એ મનોમન નમી પડ્યો. આવો ખુદાપ્રેમ! ખુદાને રીઝવવા કેટલી બધી દોલત અહીં ન્યોચ્છાવર થઈ છે!

શેરશાહની વૃત્તિ-પ્રવૃત્તિ ભક્તિની ભરતી ભણી જાણે-અજાણે ખેંચાયે જતી હતી. ભગવાન યુગાદિનું ભવ્ય મંદિર આવ્યું. શેરશાહે અંદર જઈને કુર્નિશ બજાવી. કોડાઈના અંગમાંથી છલકાતો આનંદ શેરશાહ જોઈ રહ્યો હતો. તેણે ભગવાન યુગાદિ તરફ મીટ માંડી. પળ બે પળ ! ને એ પુકારી ઊઠ્યો :

'રે ! આમાં તો મને ખુદ ખુદાનાં દર્શન થાય છે. હું આ મૂર્તિમાં જિનનાં નહિ, દીનનાં દર્શન પામું છું. કેવું આ પાકસ્થાન ! હાજરાહજૂર છે આ ખુદા !'

શેરશાહ ઘૂંટણિયે નમ્યો. એણે સેવકને કહ્યું, સોનામહોરોનો એક થાળ પેશ કર.

અંગારશાહની આંખ અંગારા વેરી રહી હતી. એ ઉકળાટ અનુભવી રહ્યો હતો. કાફરની આગળ શાહ જેવો પાક પરવરદિગાર નમ્યો, એનું એને દુઃખ હતું. ત્યાં તો સુવર્ણમુદ્રાનો થાળ આવી ગયો. શેરશાહ એ થાળને યુગાદિભગવાનને ચરણે પેશ કરીને પાછો ફર્યો. એના દિલમાં જિન પ્રત્યે ઈમાન જાગી હતી.

ફકીર અંગારશાહના અંગમાં ધર્મઝનૂની આગ પ્રજવળી ઊઠી હતી. શેરશાહ પરનો ક્રોધ એ મૂર્તિ પર ઠાલવવા

માંગતો હતો. પણ એને ખબર ન હતી કે, આ ખુદા ખુદા છે. હાજરાહજૂર છે આ ખુદા !

શેરશાહ ગયો ને અંગારશાહ પાછો મંદિરમાં આવ્યો. એની આંખ મૂર્તિ તરફ અંગાર વેરતી હતી. એની બાનીમાં જ્વાલામુખીનો સ્ફોટક ધડાકો હતો :

'કાફર ! તેં મારા શેરશાહને નાપાક બનાવ્યો. એનું ફળ ચાખી લે ! આ અંગારશાહ છે. હા. અંગારાની સગડી !'

ને ફકીરે એક અણિયાળા શસ્ત્રનો મૂર્તિ ભણી જોરદાર ઘા કર્યો. ઘા તો થઈ ગયો.પણ પછી ફકીર ગભરાયો. એને એવો ભાસ થવા માંડ્યો કે, મોત મારી પાછળ પડ્યું છે ને એ નાઠો. પાછળ જ એનું મોત લપસણા પથ્થરના રૂપમાં ખડું ખડું અટ્ટહાસ્ય વેરી રહ્યું હતું.

અંગારશાહને ભયે ભુલાવામાં નાંખ્યો. એ પથ્થર પરથી લપસ્યો અને જોરથી એ નીચે અફળાયો. પાપે જ એનો પીછો લીધો હતો. મર્મસ્પર્શી ચોટ લાગી અને એના જીવનની બાજી ત્યાં ને ત્યાં જ સંકેલાઈ ગઈ.

અંગારશાહનો અંગાર એને જ બાળીને ભડથું કરી ગયો. સનસનાટીના આ સમાચારે શેરશાહને પાછો વાળ્યો. એણે જોયું તો એક ધર્મઝનૂન કમોતે મર્યું હતું.

અવની પર આ ધમાલ હતી. ત્યારે આકાશમાં તો કોઈ જુદી જ રંગત જામી હતી.

કપર્દિ યક્ષની આગેવાની નીચે તીર્થરક્ષક દેવો એકઠા મળ્યા હતા. એક નવોત્પન્ન દેવ માથું નમાવીને ખડો હતો. એની માંગ હતીઃ મને તીર્થની રખેવાળીનું ઉત્તરદાયિત્વ સોંપો. મુસલમાની આક્રમણોની સામે હું ઢાલ બનીને આ તીર્થની રક્ષા કાજે ઝઝૂમીશ.

કપર્દિ યક્ષે નવોત્પન્ન દેવના ભૂતકાળમાં ડોકિયું કર્યું ને ધૂઆંપૂઆં થતો એ સહસા બોલી ઊઠ્યો : રે ! દગો ! હજી હમણાં જ તો તું ભગવાન યુગાદિની સામે તલવાર બનીને પડ્યો હતો ને હવે હમણાં ઢાલ બનવાની વાત કરે છે ! તું ફકીર અંગારશાહ છે કે બીજો કોઈ ! નાલાયક, જો તારું શબ હજી તારી કાળી કથા કહેતું મંદિરમાં પડ્યું છે.

નવોત્પન્ન દેવ વધુ નમ્યો. એની વાણીમાં પશ્ચાત્તાપનું પાણી હતું: દેવ ! ભૂતકાળને જોઈને વર્તમાનકાળને ન મૂલવો. સાચી વાત છે. હું એ જ અંગારશાહ છું. પરંતુ આ ખુદાના પ્રભાવે મને પીરનો અવતાર મળ્યો. રે ! કેવા આ ખુદા ! મેં નિશ્ચય કર્યો છે કે, આ ખુદાની સેવાને હવે મારે જીવનધ્યેય બનાવવું ! આપ આજ્ઞા આપો!

કપર્દિ યક્ષે વર્તમાનને જાણી/ચકાસી જોયો. એને શ્રદ્ધા બેઠી કે, આ ઢાલ માલ વિનાની નથી. અંગારશાહને રક્ષાનું ઉત્તરદાયિત્વ મળી ગયું. ને જિનને દિન માનીને એ ઓલિયાએ ત્યાં રક્ષાની ધૂણી ધખાવી ને અડોલ આસન જમાવ્યું.

ઈતિહાસનાં પાનાં બંધ થયાં. આ ભૂતકાળને વર્તમાનકાળની સાથે સાંધતી પીરની દરગાહ આજે ય શત્રુંજય પહાડના એક ખૂણે મોજૂદ છે. 'અંગારશા પીર'ને નામે એ ઓળખાય છે. લોબાનના ધૂપ આજે ય ત્યાં જલે છે. ઈત્રની મઘમઘતી સોડમ હજીય ત્યાંના વાતાવરણમાં ઘૂમે છે.

●

## ૭

# હાથીના હાથ હેઠા પડ્યા

આભમાં ભયની ભૂતાવળો ભમી રહી હતી. ઘડી પછીનું ભાવિ કોઈ કલ્પી શકતું ન હતું. ગીજનીપતિ સત્યપુર/સાંચોરની સંસ્કૃતિને સંહારવા આજે પોતાના દળકટક સાથે ચડી આવ્યો હતો.

સત્યપુર ત્યારે અનેક હૈયાઓનું મનમાન્યું તીર્થ લેખાતું હતું. ભગવાનશ્રી મહાવીરદેવના ત્યાંના મંદિરે સાંચોરને તીર્થધામ બનાવ્યું હતું. ને 'जयउ वीर सच्चउरिमंडण'ની પંક્તિ બોલતાં જ કેટલાંયની આંખ સામે સત્યપુર ને ભગવાન મહાવીર પરમાત્મા ખડા થઈ જતા.

આવાં તીર્થો જ્યારે ધર્મ-સંસ્કૃતિનું જતન કરવાનું જબ્બર કામ કરી રહ્યાં હતાં, ત્યારે એ જ સંસ્કૃતિની સામે સંગ્રામ જાહેર કરનારા આતતાયીઓ પણ નીકળતા ! પણ એમનો એ સંગ્રામ લાકડાની સમશેરનો સાબિત થતો અને સંસ્કૃતિની પ્રતિષ્ઠા વધુ જામતી.

મ્લેચ્છો ત્યારે ઠેરઠેરનાં મંદિરોને ખંડેર બનાવવાની ધૂન સાથે ઘૂમતા અને લોકલાગણીને કચડી-છૂંદીનેય એઓ પોતાની ધૂન લલકારતા રહેતા. ગીજનીપતિએ એક દિ' સત્યપુરના પાદરે પોતાનું આક્રમકસૈન્ય ખડું કર્યું. ભગવાન મહાવીરની મૂર્તિને સ્થાનભ્રષ્ટ કરીને એને ખંડખંડ કરી નાંખવાનું ભયાનક સ્વપ્ન એની આંખમાં ઘેરાતું હતું.... પણ એને ખબર ન હતી, એક રજ જેવું કાર્ય કરવા આજે પોતાને ગજ જોડવા પડશે અને તોય એમાં સફળતા તો નહિ જ સાંપડે !

સત્યપુરનો સિંહ જાગતો જ હતો. એના સિંહનાદ ગીજનીપતિની છાવણીઓમાં ઘૂમી રહ્યા હતા. પણ બાદશાહ પોતાના બળ પર મુસ્તાક હતો. એણે સિંહની સામે પડવાની હાકલ કરી!

ને મારમાર કરતું સૈન્ય સત્યપુરના રાજમાર્ગો ચીરીને ભગવાન શ્રી મહાવીરની તીર્થભૂમિ આગળ આવી ઊભું. કેટલાયના પગ લોહીભીના બન્યા હતા, કેટલીય સમશેરો રક્તરંગી બની હતી. એ ભવ્ય મંદિર જોતાં જ ગીજનીપતિ મુગ્ધ બની ગયો. એના સ્થાપત્યની પૂતળીઓમાં જાણે સાક્ષાત્ દેવીઓ ઊતરી આવી હોય, એમ ભાસતું હતું એનાં શિખરો પરની કોરણી, પ્રેક્ષકની પાસેથી વાહ ! વાહ ! બોલાવે એવી હતી. એના પથ્થરો જાણે બોલતા હતા. અંદર 'ઘંટનાદ'ના પડઘમ ઘૂમી રહ્યા હતા ને 'ધૂમ્રસરો' ની પાંખે બેસીને સુગંધની સવારી જાણે પસાર થતી દેખાતી હતી.

ગીજનીપતિએ મંદિરની ભવ્યતાનાં ધ્વનિગીત દૂરદૂરથી તો સાંભળ્યાં હતાં. પણ એ ભવ્યતાને આંખેઆંખ નિહાળવાનો પ્રસંગ આજે અને પહેલી વાર જ સાંપડતો હતો. એથી થોડી પળો સુધી ગીજનીપતિ મોહક નજરે એ ભવ્યતાને માણી રહ્યો. પણ એને પાછું પોતાનું સંહારભર્યું સપનું સાંભરી

આવ્યું અને એણે દાંત કચકચાવ્યા, આંખમાં આગ ભરી, દિલ પર પથ્થરો મૂક્યા. એણે આદેશ આપ્યો :

'આગે બઢો ! આક્રમણ મંદિર પર ! આક્રમણ મૂર્તિ પર !'ને સમશેરો ઊગામાઈ. સંહારે જાણે પોતાનો બુરખો ફગાવી દીધો. ને નગ્નદેહે એ મંદિરમાં ઘૂસી ગયો. કોઈની સમશેરો મંદિર પર તોળાઈ, તો કોઈ મૂર્તિ પર તૂટી પડ્યું ! પણ મંદિરનો અજ્ઞાત રક્ષક જાગ્રત હતો. ભક્તોની વહારે ધાતો એ દેવ જ્યારે ખુદ ભગવાન પર ભય તોળાય, ત્યારે શી રીતે ઊંઘી શકે ? આખું સૈન્ય જાણે આંખ મીંચીને તૂટી પડ્યું હતું! એથી તો ગીજનીપતિને એમ જ થતું હતું કે, સંહારની આ થોડી જ પળોમાં મંદિર માટી બન્યું હશે ને મૂર્તિઓ મીણ બનીને ઓગળી ગઈ હશે ! પણ એણે આંખ ખોલીને જોયું, તો એ ઠરી જ ગયો. એની આંખ સામે કલ્પનાતીત દશ્ય દેખાયું :

મંદિરની એક પણ ઈંટ સંહારની અસર તળેથી પસાર થયેલી નહોતી જણાતી. મૂર્તિઓની એ સૌમ્યમુદ્રા પર વિનાશના કારમા ઘાની આછીપાતળી એંધાણીઓ પણ નહોતી દેખાતી.

દિલેદિલ દંગ બની ગયાં. આ શું ? અમોઘ આક્રમણને કપાળે હારનું આવું કાળું કલંક ? મંદિરના અધિષ્ઠાતા ને પ્રતિષ્ઠાતા દેવ એ આક્રમણની સામે ઢાલ બન્યા હતા ને મંદિર-મૂર્તિની રક્ષાનું પોતાનું કર્તવ્ય એમણે અદા કર્યું હતું.

ગીજનીપતિ વીફર્યો. પોતાની અમોઘ શક્તિને પડકારતી કોઈ અજ્ઞાત શક્તિ પર એની આંખ કતરાતી ચાલી. બધાં બળોનું એકમ સાધીને, મૂર્તિ પર એકી સાથે ધસી જવાની ઈચ્છાને ગીજનીપતિ ન રોકી શક્યો, એણે બધાંને પોતાની દિશામાં આવવાની હાકલ કરી.

-ને બધા મંદિરના ગર્ભગૃહ આગળ એકઠા થઈ ગયા. સૌથી પહેલો દાવ ગીજનીપતિએ ફેંક્યો, પણ ખલાસ ! એ દાવ જાણે પહાડની સામે થયો હોય, એમ અફળ નીવડ્યો. બળનાં અભિમાનો, એક પછી એક આગળ આવતાં ગયાં. પણ કોઈ અજ્ઞાત શક્તિ દરેક બળને પડકારતી ગઈ, અને પરાજયના કારમા ઘાથી દરેકનું મસ્તક રંગાતું ચાલ્યું.

ગીજનીપતિનું મગજ ચક્કરચક્કર ઘૂમી રહ્યું હતું. એને એ સમજણ નહોતી પડતી કે, પોતાના અમોઘ બળને અજ્ઞાત રીતે કઈ શક્તિ યુદ્ધ આપી રહી છે ! પણ આજે તો એ પોતાની અમોઘતાને સાચી સાબિત કરવાની હઠ લઈને બેઠો હતો.

થોડી પળો સરી ગઈ ને એક યોજના તૈયાર થઈ ગઈ. મૂર્તિને એક લોહ-સાંકળથી બાંધવામાં આવી ને એનો બીજો છેડો છેક મંદિરની બહાર લઈ જવામાં આવ્યો. ત્યાં એક મદભર હાથી તૈયાર રાખવામાં આવ્યો હતો, એની સાથે એ સાંકળ બાંધવામાં આવી. બસ, બધાંને હવે તો વિશ્વાસ હતો કે, હમણાં આ હાથી પગલું ઉઠાવશે ને મૂર્તિ સ્થાનભ્રષ્ટ થઈ જશે ? ગીજનીપતિ મૂર્તિની શક્તિને રજ જેવી માનતો હતો. એથી એના મનમાં વિશ્વાસ જાગી ચૂક્યો હતો કે, એક રજને હટાવવા ગજ જોડવામાં આવ્યો છે, એથી હવે વિજય નક્કી જ છે! પરંતુ અજ્ઞાત શક્તિને ગજની હાર ને રજની જીત કરાવવી હતી. થોડી પળોમાં તો મહાવતના અંકુશોથી હાથીનું ગંડસ્થલ લોહી રંગી બની ગયું, પણ હાથી એક ડગલુંય આગળ ન વધી શક્યો!

મૂર્તિ એક તસુય આઘીપાછી ન થઈ. એથી ગીજનીપતિનું આશ્ચર્ય અવધિની પાળ તોડી નાખીને બહાર વહેવા માંડ્યું. પણ એ હજી નિરાશ બન્યો ન હતો. અજ્ઞાત શક્તિની સામે

પડીનેય જીત મેળવવાની ઘેલછા એના રોમરોમમાં ઊછળી રહી હતી. એણે સેનાપતિને બીજી યોજના બતાવી.

હાથીની સાથે બંધાયેલી એ લોહસાંકળ છોડવામાં આવી. બળવાન બળદોની જોડીઓ તૈયાર થઈ ગઈ. એક નહિ, બે નહિ, અગણિત મજબૂત બળદો હારબંધ ગોઠવાયા ને લોહની સાંકળ એમની સાથે બાંધવામાં આવી. પાછા પ્રયત્નો ચાલુ થયા ને થોડી જ વારમાં બધા હસી ઊઠ્યા. મૂર્તિ ચાર આંગળ ખસીને પછી પાછી સ્થિર બની ગઈ !

મંદિરને રક્ષતા અધિષ્ઠાયક દેવ 'બ્રહ્મશાંતિ' યક્ષ હતા. એ યક્ષે બળદ પરના પ્રેમના દાવે મૂર્તિને ચાર આંગળ ખસવા દીધી!

જયનો એક અંશ મળતાં ગીજનીપતિનું આશાબળ વધી ગયું હતું. બધાને હવે વિશ્વાસ હતો કે, જય હાથવેંતમાં જ છે !

ને પ્રયત્નની ગતિમાં ખૂબ જ વેગ પુરાયો.પણ સ્થિર બનેલી એ મૂર્તિ જરાય ન હાલી. ગીજનીપતિનું પાણી ઊતરી ગયું. પણ હારેલો તો બમણો ઘા કરે. બધા સૈનિકો મૂર્તિ પર ઘણ સાથે તૂટી પડ્યા. પણ ઘણના એ ઘા ગીજનીપતિના અંતપુરમાં પડવા માંડ્યા. એથી છાવણીમાં બુમરાણ ને રોકકળ મચી ગઈ !

મંદિર-મૂર્તિ પર ઘણ ઝીંકવાનું હજી ચાલુ જ હતું. ત્યાં તો છાવણીમાંથી અંતઃપુરનો એક રક્ષક હાંફતો હાંફતો ગીજનીપતિ પાસે આવી ઊભો. રાણીઓનાં આંસુઓને પોતાના ખોબામાં ભરીને જાણે એ લાવ્યો હતો. એ આગ/આંસુ જોતાં જ ગીજનીપતિ ધ્રૂજી ઊઠ્યો. એણે રડમસ સાદે આજ્ઞા કરી :

'ઘણના ઘાની આ કારમી વેદનાઓ મારી રાણીઓને અનુભવવી પડે છે. માટે આ બધું મૂકીને ભાગી છૂટો ! પણ મૂર્તિ તો અખંડ ન જ રહેવી જોઈએ !'

મૂર્તિની નજાકત આંગળી પર એક ઘણ જોરથી ઝીંકાયું. મૂર્તિ ખંડિત બની. તૂટેલી એ આંગળીને લઈને બધા ભાગી છૂટ્યા!

અંતઃપુર હવે શાંત હતું. રજની જીતના પડઘા સાંભળવા કોઈ ઊભું ન રહ્યું, પણ ગજની હાર આજે તો ખૂબ ખૂબ નામોશીભરી થઈ હતી.

ભયની ભૂતાવળો વચ્ચે હવે ગીજનીપતિ બરાબર ઘેરાયો હતો. એની ભાષામાં ભય હતો. એના દિલમાં દર્દ હતું. પોતાની ચોમેર જાણે ભયની નાગી ભૂતાવળો ડાકલાં વગાડી રહી હોય, એવો આભાસ ગીજનીપતિને થવા માંડ્યો. એ સીધો જ છાવણીમાં આવ્યો. ત્યાંય એવી જ ભૂતાવળોનો ભાસ એને જણાવા માંડ્યો.

ગીજનીપતિ હવે તો ગભરાયો. કાળી ચૌદશે સ્મશાનની વેરાનભૂમિ વચ્ચે જાણે પોતે એકલવાયો ઊભો હોય, એવો આભાસ ગીજનીપતિને થયો ને એણે પડાવ ઉઠાવવાની આજ્ઞા કરી. ને વળતી જ પળે એણે સત્યપુરનો ત્યાગ કર્યો. પણ ભયની ભૂતાવળો પાછળ જ હતી. માર્ગ હજી થોડો જ કપાયો હતો. સત્યપુના મંદિરની રણકતી ઘૂઘરીઓમાંથી જાણે પોતાની કારમી હારનાં પડઘમ હજી સંભળાતાં હતાં. ત્યાં તો પાછળ સૈન્યમાં હા...હો, ધમાધમ, બુમરાણ ને કાગારોળ મચી ગઈ. એના દર્દીલ અવાજે ગીજનીપતિને ઊભો રાખ્યો.

અશ્વસૈન્ય ચાર પગે કૂદી રહ્યું હતું, કારણ એમનાં પૂંછડાં બળી રહ્યાં હતાં. હૈયું થીજી જાય, એવા એના હેષારવથી વનનું વાતાવરણ વેદનાભર્યું બન્યે જતું હતું.

અણધારી અને અકલ્પિત આ આપત્તિને ગીજનીપતિ ફાટી આંખે જોઈ રહ્યો, ત્યાં તો પાછળથી 'ત્રાહીમામ ત્રાહિમામ'ની તીણી ચીસો સંભળાવા માંડી.

અશ્વસૈન્યની જેમ અગ્નિનો નાગપાશ માનવસૈન્ય પર પણ ફરી વળ્યો હતો. સૈનિકોની દાઢી-મૂછના વાળ પર પણ અગનઝાળની ફાળ ફરી વળી હતી ને બધા કૂદાકૂદ કરી રહ્યા હતા.

ગીજનીપતિ હવે ત્રાસી ઊઠ્યો. અજ્ઞાત શક્તિનો આ પરચો જીરવવા પોતે અશક્ત હતો. સેનાનાયક પણ હવે તો ગભરાઈ ગયો હતો. આ અણધારી આફતમાંથી ઊગરવા માટે જેની સામે શસ્ત્રો ઉગામ્યાં, એની શરણાગતિ લેવી અનિવાર્ય લાગી. સેનાનાયકે ગીજનીપતિને વીનવ્યા : રહમાન આપણી વહારે ધાય એમ નથી. આપણે એક જાગતા દેવને સતાવ્યા છે. લોહી ને લોકલાગણી પર પગ મૂકીને એક અન્યાયી યુદ્ધ, આપણે ધર્મની સામે ખેલ્યા છીએ, એનો જ આ પરચો હોવો જોઈએ, નામવર!

'રહમાન .... રહમાન 'ની દયા-માયાથી સભર પ્રાર્થનાઓ ચારે બાજુ સંભળાતી હતી. કર્તવ્યની કેડી કોઈને જડતી ન હતી, બધા આમતેમ આથડી-લથડી રહ્યા હતા. ત્યાં તો આકાશવાણી થઈ :

'ભગવાન શ્રી મહાવીર દેવની મૂર્તિને તમે ખંડિત બનાવી છે. એના જ વેદનાભર્યા આ વિપાકો છે. માટે એ દયામૂર્તિને શરણે જાવ. તમને અવશ્ય માફી મળશે!'

-ને ગીજનીપતિનું સૈન્ય સત્યપુર ભણી પાછું વળ્યું. ગીજનીપતિએ તૂટેલી એ આંગળી મૂર્તિને અડાડી ને એ આંગળી સ્વસ્થાને પાછી ચોંટી ગઈ ! જાગતા દેવના આ ચમત્કારો પર સમગ્ર સૈન્ય વારી ગયું. ગીજનીપતિ સહિત બધા ત્યાં ઘૂંટણિયે પડ્યા ! આંસુનું અર્ધ્ય ધરીને ગીજનીપતિ ઊભો થયો, આખા સૈન્યે એનું અનુકરણ કર્યું. ક્ષણ પૂર્વે સમશેર ઝાલનારાઓના હાથ જાણે સિતારીથી શોભી રહ્યા હતા અને સિતારીના એ તાર શરણાગતિના શબ્દધ્વનિને ગુંજિત કરતા જાણે ઝણઝણી રહ્યા હતા !

●

## ૮

# કરોડો વાર પુનરાવર્તિત 'પ્રવ્રજ્યા' શબ્દના પ્રભાવે

કોઈ પણ કાર્ય અકારણ નથી હોતું. કાર્ય જેટલું કારણ સ્પષ્ટ જોઈ શકાતું ન હોય, એથી કોઈ કાર્ય કારણ વિના બની ગયું હોય , એવું લાગે. પણ જો ઊંડા ઊતરીએ, તો અંતે કારણ જડી જ આવે. કેમ કે કારણ વિના કાર્ય નહિ આ સનાતન સિદ્ધાંત છે. કાર્યના મૂળ તરીકે કારણ હોય અને કારણના ફળ રૂપે કાર્ય જોવા મળે. ઘણાં ઘણાં દૃષ્ટાંતોમાં કારણનું સ્પષ્ટ દર્શન ન થતાં કાર્યસિદ્ધિ જોઈને આશ્ચર્યચકિત બની જવાય અને ઘણી વાર તો એ કાર્યસિદ્ધિને કાલ્પનિક માનવા મન તૈયાર થઈ જાય. પણ એ દૃષ્ટાંતની મૂળ શોધ કરવા નીકળી પડીએ, તો કારણભૂત તત્ત્વ અચૂક જડી આવ્યા વિના ન જ રહે.

શ્રી વજ્રસ્વામીને નજર સમક્ષ રાખીને આ સનાતન સત્યનો વિચાર કરીએ, તો જન્મતાંની સાથે જ દીક્ષા શબ્દ સાંભળતાં જ જાતિસ્મરણજ્ઞાનનું પ્રગટીકરણ, દીક્ષાની

ભાવનાનું જાગરણ, માતાનો મોહ જાગવા જ ન દેવા રાત-દિવસ સતત રડતા જ રહેવાના ઉપાયનું અનુસરણ, છ વર્ષની વયે રમકડાં પર નજર પણ ન કરતાં રજોહરણનું જ આકર્ષણ અને ગ્રહણ, સાધ્વીજીના ઉપાશ્રયે ઘોડિયામાં સૂતાં સૂતાં અગિયાર અંગનું શ્રવણ અને ધારણ : આ બધી સિદ્ધિઓ આશ્ચર્યજનક જણાય, અને આની પાછળનું નક્કર કારણ જાણવાની જિજ્ઞાસા જાગી ઊઠે એ સહજ ગણાય. પૂર્વભવની સાધના આ બધી સિદ્ધિઓના પાયામાં છુપાયેલી જ હોવા છતાં મુખ્યત્વે કઈ જાતની સાધનાને મૂળ બનાવીને ફૂલ-ફળ તરીકે એ સિદ્ધિઓ ખીલી ઊઠી, એ જાણવાનો પ્રયત્ન કરીશું, તો વજ્રસ્વામીએ પૂર્વભવમાં 'દીક્ષા-પ્રવ્રજ્યા' આ શબ્દની કરોડો વાર કરેલી સ્વાધ્યાય-રટણા મૂળ તરીકે જોવા મળશે. આનો ઘટનાક્રમ કંઈક નીચે મુજબનો છે.

અનંત લબ્ધિ-સિદ્ધિના અખૂટ ભંડાર સમા શ્રી ગૌતમ-સ્વામીજીને આશ્ચર્યકારી અજબગજબની એક એવી લબ્ધિસિદ્ધિ વરી હતી કે, એઓશ્રીની પાસે કૈવલ્યલક્ષ્મી ન હોવા છતાં એઓશ્રી જેને પણ દીક્ષા-દાન કરતા, એને અવશ્ય 'કેવળજ્ઞાન'ની ભેટ મળી જતી. એમને પોતાને પણ આ વાતનું આશ્ચર્ય અનુભવાતું હતું કે, પોતે હજારો કેવળી શિષ્યોના ગુરુ હોવા છતાં પોતાને જ કેમ કેવળજ્ઞાન થયું ન હતું ? ભગવાન મહાવીર પ્રભુના ચરણકમળમાં એઓશ્રી આ જિજ્ઞાસા અવારનવાર રજૂ કરતા, ત્યારે પ્રભુ તરફથી એક જ જવાબ મળતો કે, ગૌતમ ! કર્માવરણ દૂર થઈ જતાં આ ભવમાં જ તને કેવળજ્ઞાન થવાનું છે.

ભગવાનની દેશનામાં એક વાર અષ્ટાપદ સંબંધિત એવી વાત વર્ણવાઈ કે, પોતાની લબ્ધિથી અષ્ટાપદ પર આરોહણ કરીને જે યાત્રા કરે, એને એ જ ભવમાં અવશ્ય કેવળજ્ઞાન તથા મોક્ષ મળે ! આ વર્ણન સાંભળતાં જ ગૌતમસ્વામીના

મનમાં સતત રમતો રહેતો મોક્ષનો મનોરથ એકદમ ઉત્તેજિત બની ઊઠ્યો. એમણે પ્રભુસમક્ષ નતમસ્તકે અનુજ્ઞા યાચી કે, ભગવન્ ! આપના વચન ઉપર મને સંપૂર્ણ વિશ્વાસ છે. છતાં આપની અનુજ્ઞા હોય, તો અષ્ટાપદની યાત્રા કરવા દ્વારા હું મારા મોક્ષગમન અંગે વધુ વિશ્વસ્ત અને નિશ્ચિત બની શકું.

પ્રભુની આજ્ઞાને શિરસાવંદ્ય બનાવીને ગૌતમસ્વામીજી અષ્ટાપદની દિશામાં ચાલી નીકળ્યા. જેની પગથાર પર સેંકડો સાધકો સાધના કરી રહ્યા હતા. એ અષ્ટાપદની તળેટીમાં આવીને સૂર્યકિરણોનું રજ્જુ રૂપે પોતાની લબ્ધિથી આલંબન લઈને ગૌતમસ્વામીજીએ અષ્ટાપદ પર આરોહણ પ્રારંભ્યું, ઉપર ચડવા વર્ષોથી પુરુષાર્થ કરનારા તાપસો જોતા જ રહ્યા અને ગૌતમસ્વામીજી તો સાવ સરળતાથી ઉપર પહોંચી ગયા. તીર્થયાત્રાની પળોમાં ગૌતમસ્વામીજીના રોમેરોમમાંથી મોક્ષગમન અંગે પોતે વધુ વિશ્વસ્ત બની ગયાનો આનંદ છલકાઈ રહ્યો.

યાત્રા કરીને પાછા વળતાં ગૌતમસ્વામીજીએ તિર્યગ્ જાંભક વૈશ્રમણ દેવની વિનંતીથી ધર્મદેશના પ્રારંભી, એમાં સાધુ તપસ્વી હોવાથી કૃશ હોવાનું વર્ણન આવતાં જ વૈશ્રમણ દેવને શંકા થઈ કે, ગૌતમસ્વામીજીની ભરાવદાર કાયા સાથે આ વર્ણન કઈ રીતે ઘટી શકે? આનું સમાધાન કરતાં ગૌતમસ્વામીજીએ કષાયની કૃશતા પર આધારિત સાધુતાનું સ્વરૂપ બરાબર સમજાવવા પુંડરિક-કંડરિક અધ્યયનનું શ્રવણ કરાવવા દ્વારા મહત્ત્વનો એ મુદ્દો બરાબર સમજાવ્યો કે, કાયા પુષ્ટ હોવા છતાં જેના કષાયો કૃશ હોય એ જ સાચો સાધુ ! કૃશકાયા ધરાવવા છતાં જો કષાયો પુષ્ટ હોય, એ સાચો સાધુ નહિ!

પુંડરિક-કંડરિક અધ્યયનનું કાન અને ધ્યાનથી એકાગ્ર અંતરે શ્રવણ કરીને વૈશ્રમણ દેવે એ અધ્યયનને અક્ષરશઃ મનમાં બરાબર અવધારણ કરી લીધું. અધ્યયનના શ્રવણથી સંદેહનું મૂળથી ઉન્મૂલન થઈ ગયું હોવાથી વૈશ્રમણ દેવે મનોમન એવો સંકલ્પ કરી લીધો કે, વૈરાગ્યભાવના દિવસે દિવસે વધુ પ્રજ્વલિત બનતી રહે, એ માટે પુંડરિક- કંડરિકના અધ્યયનનું પ્રતિદિન કમ સે કમ પાંચસો વાર તો પરિશીલન પુનરાવર્તન કરવું જ ! આવા સંકલ્પ સાથે વૈશ્રમણ સ્વસ્થાને ગયા. પુંડરિક-કંડરિક અધ્યયન પાંચસો ગાથા પ્રમાણ વિસ્તૃત હતું અને દરેક ગાથામાં એક વાર તો 'દીક્ષા-પ્રવ્રજ્યા' આ શબ્દ ગૂંથાયેલો જ હતો. વૈશ્રમણ દેવનું હવે પછીનું આયુષ્ય ૫૦૦ વર્ષ જેટલું શેષ હતું. જીવનના અંતિમ દિન સુધી પ્રતિદિન ૫૦૦ વખત આ અધ્યયનનો સ્વાધ્યાય-પાઠ વૈશ્રમણ દેવે બરાબર જાળવી જાણ્યો. એથી કરોડોવાર 'દીક્ષા' શબ્દ દોહરાતો જ રહેવાના પ્રભાવે એમના આત્મા સાથે 'દીક્ષા-પ્રવ્રજ્યા' શબ્દ ખૂબ ખૂબ આત્મસાત્ બની ગયો, એના સંસ્કાર દેવભવમાં એટલા બધા સુદૃઢ અને બદ્ધમૂલ બની ગયા કે, વૈશ્રમણનો ભવ પૂર્ણ થયા બાદ ધનગિરિ-સુનંદાના પુત્ર તરીકે એ દેવનો જન્મ થતાંની સાથે જ 'ધનગિરિએ દીક્ષા સ્વીકારી ન હોત, તો કેવો સુંદર જન્મોત્સવ ઊજવત' આ વાક્યમાં આવતો દીક્ષા શબ્દ કાનમાં પ્રવેશતાની સાથે જ નવજાત એ શિશુને જાતિસ્મરણ જ્ઞાન થઈ જવા પામ્યું અને સંયમ સ્વીકારનો મનોરથ જાગી ઊઠ્યો.

નવજાત શિશુને એ પણ ખ્યાલ આવી ગયો કે, માતાનો મોહ મારી પર જાગે જ નહિ, એ માટે મારે સતત રડતા જ રહેવું જોઈએ. તો જ કંટાળેલી મા મારાથી છુટકારો ઇચ્છશે! વજ્રસ્વામી તરીકે આગળ જતાં વિખ્યાત બનેલ એ બાળક જન્મતાંની સાથે જ દીક્ષાના મનોરથની પૂર્તિ માટે માતા જાગે

એ પૂર્વે જ જાગી જઈને રડવાની સાધના શરૂ કરી દેતો, આખો દિવસ રડ્યા જ કરતો, એ બાળક મા સૂઈ જાય, પછી રડવાનું બંધ કરીને સૂઈ જતો. મા એને ક્યારે પણ હસતો જોઈ શક્તી નહિ. લાગલગાટ ૬ મહિના સુધીની આવી રડવાની સાધનાના પ્રતાપે અંતે મા એનાથી એકદમ કંટાળી ગઈ. હસતું બાળક જ સૌને ગમે. સતત રડતા જ રહેતા બાળકથી કંટાળી ગયેલી માતાએ એક દિ' ગોચરી વહોરવા આવેલા એના પિતા ધનગિરિ મુનિને કંટાળાપૂર્વક કહ્યું કે, તમારા આ છોકરાને એક વાર અહીંથી લઈ જાઓ. જન્મ્યો ત્યારથી એણે મને શાંતિ અનુભવવા દીધી નથી. વજ્ર જેવા ભારે એ બાળકને ઝોળીમાં ગ્રહણ કરીને પિતામુનિ ઉપાશ્રયે આવ્યા અને વજ્ર તરીકે એ વિખ્યાત બન્યો.

આ પછીનો ઘટનાક્રમ તો સુપ્રસિદ્ધ જ છે. લાંબીલચ એ ઘટનામાંથી સારસાર રૂપે તારવવા જેવો બોધ તો આટલો જ છે કે, સતત સ્વાધ્યાયથી સંસ્કાર પડે છે. સંસ્કારની સુદઢતા એ સંસ્કારને 'વાસના' રૂપે પરભવ સુધી ખેંચી જાય છે. પરભવમાં નહિ જેવું સ્મારક નિમિત્ત મળતાં જ સૂતેલા એ સંસ્કારો જાગી ઊઠીને જાતિસ્મરણ જેવા જ્ઞાનના પ્રેરક બનીને અંતે સંયમની સિદ્ધિ અપાવીને જ રહે છે.

કરોડો વાર દોહરાવાયેલા-પુનરાવર્તિત થયેલા પ્રવ્રજ્યા-દીક્ષા શબ્દના પ્રભાવે આ રીતે જૈનજગતને વજ્રસ્વામીની ભેટ મળી. સંયમના મનોરથમાં જ રાચતા મુમુક્ષુએ પોતાના એ મનોરથની પૂર્તિ માટે શું કરવું જોઈએ એનું માર્ગદર્શન આ પ્રસંગ ખૂબ જ સારી રીતે નથી કરાવી જતો શું ?

•

૯

# આરાધના એળે જતી નથી

શત્રુંજયના શિખરની શાન-માન-બાન-આન સમા યુગાદિનાથની યાત્રા કરનારા યાત્રીઓ માટે વાઘણ પોળનું નામ અજાણ્યું ન જ હોય. વાઘણ પોળ નામ ક્યારથી વિખ્યાત થયું ? આ પોળ પૂર્વે ક્યા નામથી પ્રખ્યાત હતી ? વગેરે માહિતી મળતી નથી, પરંતુ 'વાઘણ પોળ' નામ ક્યા કારણસર પ્રચલિત બન્યું, એનો ઈતિહાસ તો ઉપલબ્ધ જ છે. આ ઈતિહાસના પ્રવાસે નીકળીએ, તો એવી પણ પ્રેરણા મળે કે, ધર્મની આરાધના કે વિરાધના ક્યારેય એળે જતી નથી. એનાં મીઠાં મીઠાં ફળનો ભોગવટો કરવો જ પડતો હોય છે. આ સચ્ચાઈનીય પ્રતીતિ કરાવતી આ એક ઘટના 'વાઘણ પોળ'ના નામકરણ પાછળનું કારણ જાણવા માટે પણ અવશ્ય પઠનીય છે.

આજથી થોડાક દાયકાઓ પૂર્વે ગિરિરાજ શત્રુંજય પર ઘટાટોપ વનરાજી, ઊંડી ઊંડી ખીણો, ખળખળ નાદે અહર્નિશ વહેતાં ઝરણાંઓથી 'પહાડ-ડુંગર' તરીકેની ઓળખાણથી

ઓપતો હતો અને આવા કારણે ત્યાં વિવિધ વેલડીઓ-વનસ્પતિઓ-ઔષધિઓ ઊગતી હતી, તદુપરાંત ત્યાં હિંસક પશુઓનો પણ વસવાટ રહેતો. થોડા સમય પૂર્વે ગિરિરાજના ચિત્રિત બનતાં પટોમાં જોવા મળતાં વાઘ-સિંહ જેવાં પશુઓ આજે ચિત્રિત બનતાં પટોમાં પણ જવલ્લે જ, બહુ ઓછા પ્રમાણમાં જોવા મળતાં હોય છે, ત્યારે સાક્ષાત ગિરિરાજ પર તો આવાં પશુઓનું સ્વપ્નેય દર્શન આજે દોહ્યલું બન્યું હોય, એમાં શી નવાઈ ? વર્તમાનની આવી વાસ્તવિકતા વચ્ચે જો કોઈને એમ કહીએ કે, કોઈ કાળે વાઘ-સિંહનો વસવાટ આ ગિરિરાજ પર હતો, અને એની ત્રાડ સંભળાતાં યાત્રિકો ભયભીત બની જતા અને એથી દિવસોના દિવસો સુધી યાત્રા બંધ રહેતી. તો માત્ર એક કલ્પના કરતાં આ વાતને કોઈ વધુ વજૂદવાળી ન ગણે. પરંતુ આ કોઈ કોરી કવિ-કલ્પના જ નથી. વીર વિક્રમસિંહનો આજે પણ જોવા મળતો પાળિયો અને 'વાઘણ પોળ' તરીકે ઓળખાતી જગા એ સત્યની સાખ પૂરે છે. વાઘ-સિંહની ગિરિરાજ પરની અવરજવર હજી નજીકના જ ભૂતકાળની એક વાસ્તવિકતા હતી.

ભૂતકાળના એ દિવસોમાં ત્રાડ અને ગર્જના દ્વારા ભલભલાનાં ગાત્રને ગાળી નાંખતા અને ગિરિમાર્ગને અવરોધીને હરતા ફરતા સિંહના ભયથી જ્યારે લાંબા સમય સુધી યાત્રા અટકી ગઈ હતી, ત્યારે ભાભીનું મહેણું સાંભળીને જેનું સાહસ સળવળી ઊઠ્યું હતું, એ વીર વિક્રમે બહાદુરીપૂર્વક સિંહનો સામનો કર્યો હતો અને સિંહને ભગાડી મૂકીને યાત્રામાર્ગ નિષ્કંટક બનાવ્યો હતો, એની સ્મૃતિમાં આજેય એક પાળિયો અડીખમ ઊભો છે. એ ઇતિહાસની સાથે સાથે જ લખી શકાય, એવી ઘટના એ દહાડે બનવા પામી કે, જ્યારે એક વાઘણે આ ગિરિરાજ પર દેખા દીધી.

વાઘણના આગમનની વાત ફેલાતાં જ પાલિતાણા ફફડી ઊઠ્યું. ને સૌરાષ્ટ્રમાં સોપો પડી ગયો. આ વાઘણ આતતાયી નહિ, પણ અનુયાયી બનીને આવી હતી, કલ્પનામાંય ન આવે એવી આ જાતની વાતની પ્રતીતિ ધીમે ધીમે જેમ લોકોને થવા માંડી, એમ સૌનાં હૈયાં હાશકારો અનુભવતાં થયાં.

એ વાઘણ યુગાદિનાથની ટૂક ભણી મુખ રાખીને સ્થિર આસને બેસી ગઈ, એ દૃશ્ય ચોરી-છૂપીપૂર્વક જોનારને ત્યારે તો એમ જ લાગ્યું કે, સો ચૂહે મારકર બિલ્લી અબ હજ કરને બૈઠી હૈ, જેના અંગેઅંગમાં ખુન્નસ ખળભળતું હોય, મુખની મુદ્રામાં વિકરાળતા રાસડા લેતી હોય અને જીભમાં જાણે સમશેરની કાતિલતા ધૂંધવાતી હોય, એવી વાઘણ સાવ શાંત બનીને બેસી જાય, એ વાત માનવા કોઈ તૈયાર ન હતું. પરંતુ આ વાત જ્યારે થોડા દિવસ સુધી કોઈ નક્કર હકીકતની જેમ ફેલાઈ ગઈ, ત્યારે થોડાક બહાદુરોએ ડરતા ડરતા વાઘણને જોવા જવાનું સાહસ તો કર્યું, પણ વાઘણની શાંત-પ્રશાંત એ મુદ્રા પર વિશ્વાસ તો કોઈ જ ન કરી શક્યું. સૌને એમ જ લાગ્યું કે, આ તો બગલા જેવી ધ્યાન-માયાથી વિશેષ વધુ કશું જ ન હોઈ શકે.

નવે ટૂકમાં રહેતા પૂજારીઓમાં જે સાહસિક હતા, એમને એમ થયું કે, ફેલાયેલી વાતોની સચ્ચાઈનું જાતે પારખું કરવામાં શું જાય છે? તેઓ સાશંક હૈયે લપાઈ છુપાઈને એ વાઘણને અવારનવાર જોવા આવવા માંડ્યા. થોડા દિવસ પછી તો એમનેય ખાતરી થઈ ગઈ કે, આ વાઘણ કોઈ નોખી માટીમાંથી બની છે. કેટલાય દિવસોથી ખાધાપીધા વિના આમ બેસી રહેલી આ વાઘણ શું અનશન કરીને દેહત્યાગ કરવા તો નહિ માંગતી હોય ને?

કુતૂહલનું સ્થાન વિશ્વાસે લીધું. થોડા દિવસો પછી તો પૂજારીઓની જેમ યાત્રિકો પણ નિર્ભયતાપૂર્વક વાઘણની આસપાસ આવવા લાગ્યા. વાતોના ફેલાવાનો વ્યાપ વધ્યો, કુતૂહલના સ્થાને વિશ્વાસ અને વિશ્વાસથી આગળ વધીને હવે ભક્તિનું જાગરણ થવા માંડ્યું. દિવસોથી ખાધાપીધા વિના જ બેસી રહેલી વાઘણ પર ઘણાને દયાપૂર્વકની ભક્તિ જાગી, એથી એની આગળ ભોજનસામગ્રી ભેટ રૂપે ધરાવા માંડી અને પાણીનાં પાત્ર છલકાવા માંડ્યાં. પણ વાઘણે તો જાણે ચોવિહાર ઉપવાસની ભીષ્મ પ્રતિજ્ઞા સ્વીકારી હોય, એમ જણાતું હતું. એથી એ ભોજનને સૂંઘતી પણ નહોતી અને પાણીનાં પાત્રો પર તો નજર પણ કરતી નહિ.

દિવસો વીતવા લાગ્યા, એમ 'વાઘણ અને અણસણ'ની વાતો ચકચાર અને ચમત્કાર બનીને વધુ ને વધુ ફેલાવા માંડી. એથી જેની પાસે જતાં પણ ડર લાગે, એવી વાઘણ પાસે દર્શનાર્થીઓની ભીડ જામવા માંડી. આમ તો વાઘણને સાક્ષાત નિહાળવી, એ શક્ય જ નહોતું, જ્યારે આ તો અણસણ આદરનારી વાઘણનું દર્શન મેળવવાની તક આવી હતી, એથી કોણ એને જતી કરે ?

જે જે યાત્રિકો વાઘણનાં દર્શન કરતા, એમના દિલમાંથી એવા અવ્યક્ત શબ્દો સરી પડવા માંડ્યા કે, આ વાઘણે પૂર્વભવમાં આરાધનાની સાથે કોઈ વિરાધના પણ કરી હશે? વિરાધના એને વાઘણ બનાવી ગઈ હશે, જ્યારે થયેલી આરાધનાની ફલશ્રુતિ રૂપે એને જાતિસ્મરણ જ્ઞાન થયું હશે, એથી જ અણસણપૂર્વક દેહત્યાગ કરવાની ભાવનાપૂર્વક અત્યારે શત્રુંજયના શિખરે આ વાઘણ ઉપવાસમાં આગળ વધી રહી હોય એમ લાગે છે.

અકે,બે,ત્રણ, ચાર જ નહિ, પણ ૭૦/૭૦ દિવસો વીતવા આવ્યા, છતાં ભૂખ-તરસને ગણકાર્યા વિના દાદાની

ટૂક તરફ માંડેલી મીટને અમીટ રાખવામાં એ વાઘણને જ્યારે સફળતા મળતી રહી, ત્યારે સૌને એ વાતનો વિશ્વાસ બેસી જ ગયો કે, આરાધના કદી પણ એળે જતી જ નથી, એની પાકી પ્રતીતિ આ વાઘણ અણસણ દ્વારા કરાવી રહી છે. માટે આનાં તો દર્શન કરવાં જોઈએ, આના જીવનને ધન્ય ગણવું જોઈએ અને આ રીતે વાઘણ મૃત્યુને વરે, તો એની મહોત્સવની જેમ ઉજવણી કરવી જોઈએ.

બરાબર ૭૮ દિવસ સુધી ઉપવાસને અખંડિત રાખીને એ વાઘણે જ્યારે દેહ છોડ્યો, ત્યાં જ એના મૃત્યુની વાત ચોમેર ફેલાઈ જતાં શત્રુંજયના એ શિખરે ભાવિકોની ભીડ જામી. ચંદનની ચિતાએ એ વાઘણની કાયાને ભસ્મમાં રૂપાંતરિત કરી દીધો, પણ અણસણ દ્વારા વાઘણનો કીર્તિદેહે જે પુનર્જન્મ થયો હતો, એ દેહને જલાવવા તો કોઈ જ સમર્થ ન હતું. અગ્નિસંસ્કાર પામીને જ્યાં કીર્તિદેહે વાઘણનો પુનર્જન્મ થયો, એ જગા એ જ દિવસથી 'વાઘણ પોળ' તરીકે વિખ્યાત બની, જે હજી આજેય એવી ને એવી જ વિખ્યાત છે.

આરાધના-વિરાધના એળે જતી નથી. આરાધના પછી વિરાધના થઈ હોય, તો એનાં માઠાં ફળ જરૂર ચાખવા પડે, પરંતુ આરાધના પોતાનાં મીઠાં ફળનો રસાસ્વાદ કરાવવા ત્યાં પણ હાજર થઈ જ જતી હોય છે. આ સત્યનો ઉદ્‌ઘોષ 'વાઘણ પોળ'માંથી અનવરત થઈ જ રહ્યો છે. કેટલા યાત્રિકોને એ સંભળાતો હશે? આ પ્રસંગ જાણ્યા પછી તો 'વાઘણ પોળ'માં પ્રવેશીએ, ત્યારે આ સત્ય-ઘોષ વાચકના કાનમાં પ્રવેશ્યા વિના નહિ જ રહે ! આવા સત્યના શ્રવણની ભાવના જાગે, તોય આ લેખન-વાચન વધુ સફળ થયું ગણાય.

●

# ૧૦

# અતિરેક અને વિવેક

પ્રાચીનકાળમાં ભૃગુકચ્છ તરીકે ઓળખાતું ઐતિહાસિક નગર ઘણાં વર્ષોથી તો ભરૂચ તરીકે પ્રસિદ્ધ છે. શ્રી મુનિસુવ્રતસ્વામી એક અશ્વને પ્રતિબોધિત કરવા રાતોરાત એંશી યોજનનો વિહાર કરીને ભરૂચમાં પધાર્યા હતા, આ ઘટનાના કારણે શ્રી મુનિસુવ્રતસ્વામી અને ભરૂચ વચ્ચે એકબીજાને સાંકળતો અને એકની યાદમાં બીજાની યાદ અપાવતો અભેદ જેવો જે સંબંધ સ્થપાયો, એ આજેય ઠીક ઠીક પ્રમાણમાં જળવાઈ રહ્યો છે.

શકુનિકા વિહાર, સમડી-વિહાર, અશ્વાવબોધ તીર્થની ઘટનાના મુખ્ય પાત્ર તરીકે સિંહલદેશની રાજકુમારી સુદર્શના જે રીતે ભરૂચની સાથે સંકળાયેલી રહી છે, એ જ રીતે શ્રી આર્યસુહસ્તિસૂરિજી મહારાજના એક શિષ્ય આર્ય શ્રી કલહંસસૂરિજી મહારાજ પણ ઠીક ઠીક પ્રમાણમાં સંકળાયા હોવા છતાં પણ આજે સુદર્શના રાજકુમારીનો સંબંધ જેટલો જગજાહેર છે એટલો જ આર્ય શ્રી કલહંસસૂરિજી મહારાજનો

સંબંધ અપ્રસિદ્ધ-અજ્ઞાત પ્રાયઃ છે. સુદર્શનાની ઘટનાનું થોડુંક સિંહાવલોકન કરી લઈને પછી શ્રી કલહંસસૂરિજી મહારાજ સાથેનો સંબંધ જાણવાનો પ્રયાસ કરીશું, તો બધી જ કડીઓ બરાબર સંકળાઈ ગયેલી જોવા મળશે.

નવકારનું શ્રવણ મુનિમુખે પામવા ભાગ્યશાળી બનેલી સમડી અંતસમયે એમાં તલ્લીન બની જવાના પ્રભાવે સિંહલદેશની રાજકુમારી સુદર્શના તરીકે કાયાપલટ પામી. સુદર્શનાના આ ભવમાં નવકાર સાંભળવા મળતાં જ એને જાતિનું સ્મરણ થઈ આવ્યું. અને જયાં પોતે સમડીના ભવમાં નવકારનું સ્મરણ કરવા ભાગ્યશાળી બની હતી, તે ભરૂચ તરફની એની ભક્તિમાં ભરતી ચડી આવતાં ભરૂચના ભાગ્યવિધાતા શ્રી મુનિસુવ્રતસ્વામીજીની સેવામાં સમર્પિત થવા એણે દેશ છોડ્યો, સ્વજનોને અલવિદા આપી અને જન્મભૂમિ સાથેની મમતાના તારેતાર તોડી નાંખીને એ રાજકુમારી ભરૂચમાં આવીને વસી. ભરૂચમાં રહીને એણે ભગવાનની ભક્તિ પાછળ તન-મન-ધન-જીવનનું સમર્પણ કરી દેવાપૂર્વક અંતસમયે અનશનની ભીષ્મ આરાધના કરી, આના પ્રભાવે એ રાજકુમારી મૃત્યુ પામીને બીજા ભવમાં દેવી તરીકે સ્વર્ગલોકમાં ઉત્પન્ન થઈ.

દેવી તરીકે ઉત્પન્ન થયેલી રાજકુમારીને જયાં ગતભવનો સાક્ષાત્કાર થવા પામ્યો, ત્યાં જ ભરૂચના ભાગ્યવિધાતા ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામી ઉપરની એની ભક્તિમાં ભારે ભરતી ચડી આવી. એના હૈયાના તારેતાર પર સમડીમાંથી રાજકુમારી અને પછી દેવી તરીકેની સમૃદ્ધિના એક માત્ર દાતાર નવકારનાં અને શ્રી મુનિસુવ્રતસ્વામીનાં ભક્તિ-ગીત ગુંજી ઊઠ્યાં.

ભક્તિની ઊછળતી એ ભરતી એવા ઘુઘવાટ સાથે ઘૂઘવી રહી કે, ભક્તિભાવિત દેવીએ એક એવો નિર્ણય લઈ લીધો કે, ભરૂચના અને મારા ભાગ્યવિધાતા આ ભગવાનની કોઈ વિશિષ્ટ ભક્તિ રૂપે પુષ્પપૂજામાં ભરૂચના તમામ બાગ-બગીચાઓમાં ખીલેલાં બધાં જ શ્રેષ્ઠ પુષ્પો મારે ભગવાનના ચરણે સમર્પિત કરી દેવાં !

દૈવીશક્તિ માટે તો ભરૂચનાં તમામ પુષ્પો એકઠાં કરવાં અને ભગવાનના ચરણે એને સમર્પિત કરી દેવાં, એ તો જરાય કઠિન વાત નહોતી. કેમ કે દેવોને તો માત્ર મનથી જ ચિંતવતાની સાથે જ સામેથી સિદ્ધિ સ્વયંવરા બનીને વરવા દોડતી આવે, એવી વિરલ શક્તિનું સ્વામીત્વ પ્રાપ્ત થયું હોય છે. આના પ્રભાવે ભરૂચના તમામ બાગ-બગીચાનાં પુષ્પો મુનિસુવ્રતસ્વામી ભગવાનનાં ચરણે સમર્પિત થતા ગયાં, એમ દેવીની ભક્તિ-ભાવનામાં વધુ ને વધુ ઉછાળો આવવા માંડ્યો.

અશ્વાવબોધ તીર્થમાં તો આ જાતની દેવી-ભક્તિના પ્રભાવે જાણે સુગંધનો કોઈ સાગર જ છલકાવા માંડ્યો, જ્યારે અન્ય દેવ-દેવીઓનાં મંદિરોમાં પુષ્પની એકાદ પાંખડીનાં દર્શન પણ દુર્લભ બન્યાં. શરૂઆતમાં તો જૈનોને જિનમંદિરમાં સુગંધ-સુવાસના છલકાતા સાગરનું રહસ્ય જાણવા ન મળ્યું તેમજ અજૈનોને પણ એ વાત અચરજ પેદા કરનારી જ ભાસી કે, એકાદ પુષ્પ-પાંખડીનું પણ પોતાના દેવ-દેવીઓનાં મંદિરોમાં દર્શન મેળવવું કેમ દોહ્યલું બન્યું હશે ? આ રહસ્ય પરથી થોડા જ દિવસો બાદ જ્યારે પડદો ઊંચકાયો, ત્યારે જૈનો તો દેવીની ભક્તિનાં ઓવારણાં લઈ રહ્યા, પણ અજૈનોમાં તો ચણભણાટ રૂપે એવી વાતો ફેલાવા માંડી કે, આ તો ભક્તિનો અતિરેક જ ગણાય. વિવેકનો દીપ જાગ્રત હોય, તો આ રીતે ગાંડી ભક્તિ કરવાનો વિચાર જ કેમ આવે ?

ત્રીજા લોચન તરીકે વિવેકની અનિવાર્ય આવશ્યકતા સમજતા શ્રી કલહંસસૂરિજી મહારાજના કાને આ રીતે થતી જિનભક્તિની નિંદા-ટીકાની વાત આવતાં જ એમણે પોતાની ગીતાર્થતાને સાર્થક કરવા લોકોને જ્યાં અતિરેકનું દર્શન થઈ રહ્યું હતું, એવી ભક્તિને વિવેકવાળી બનાવવા માટે દેવીને પ્રતિબોધ આપવાનો નિર્ણય કર્યો.

ભગવાન પ્રત્યે સમર્પિત દેવીનું દિલ ભક્તિની ભરતીમાં તણાઈને ક્યાં સુધીની ભક્તિ-ભાવિતતા દર્શાવી શકે છે, એ ભરૂચે જોઈ લીધું હતું. આના પ્રત્યાઘાત રૂપે થતી જૈનશાસનની નિંદા-ટીકાને અટકાવવા એક આચાર્ય ભગવંતની ગીતાર્થતા દેવીને પ્રત્યક્ષ કરીને અને આંખમાં વિવેકાંજન કરવાનું કર્તવ્ય કઈ રીતે અદા કરવાની હતી, એનો સાક્ષાત્કાર પામવો ભરૂચ માટે હજી બાકી હતો. ગીતાર્થતાનું ગૌરવ આવા અવસરે જ જોવા મળતું હોવાથી એને જોવા અગ્રણી જૈનો અતિઆતુર હતા.

શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની એક વિશિષ્ટ આરાધના કરવા દ્વારા દેવીનો સાક્ષાત્કાર પામવા કોઈ શુભ ઘડી-પળ સાધીને આર્ય શ્રી કલહંસસૂરિજી મહારાજ તપ-જપમાં તલ્લીન બની ગયા. તપ અને જપને માટે કોઈ સિદ્ધિ અસાધ્ય નથી ગણાતી. સાધક આચાર્યદેવની સમક્ષ દેવી સાક્ષાત હાજર થઈ ગઈ, અને સેવાકાર્ય માટેની વિનવણી રજૂ કરી રહી, ત્યારે આચાર્યદેવે એક પ્રશ્ન કર્યો : સૌથી મોટું પુણ્યકાર્ય કયું ?

દેવીએ જણાવ્યું કે, જિનશાસનની જાહોજલાલી જેના દ્વારા ફેલાય, એને જ મહાનમાં મહાન પુણ્યકાર્ય ગણી શકાય.

પુનઃ પ્રશ્ન થયો કે, સૌથી વધુ વખોડવાલાયક અધમ-પાપ ક્યું ? આના જવાબમાં દેવીએ જણાવ્યું કે, જેના દ્વારા જિનશાસનની નિંદા થાય, એ વખોડવાલાયક અધમમાં અધમ પાપ ગણાય.

આર્ય શ્રી કલહંસસૂરિજી મહારાજને અપેક્ષિત જવાબ મળી જતાં એમણે કહ્યું કે, તમારી ભગવદ્ભક્તિ પુષ્પપૂજાના માધ્યમે આજે જિનશાસનની જાહોજલાલી અને જયકાર જગવવામાં મહાન નિમિત્ત પૂરું પાડી રહી છે, આનો અનહદ આનંદ છે પણ અજૈનો ઈચ્છે છે કે, આ ભગવદ્ભક્તિ અતિરેકપૂર્વકની ન હોય, તો અમે પણ અમારા ઈષ્ટ દેવોનાં મંદિરમાં છેવટે પુષ્પપાંખડી પણ ચડાવી શકીએ. આટલો પણ અવર્ણવાદ ટળી જવો જોઈએ. જિનશાસનની જાહોજલાલીના સુવર્ણથાળની શોભાને થોડીક કલંકિત કરતી આટલી મેખ દૂર થઈ જાય, તો જૈનશાસનના જયજયકારની સામે આંગળી કરવાની કોઈ હિંમત કરે ખરું ?

દેવીની આંખમાં પ્રતિબોધની શલાકાથી વિવેકાંજન થઈ જતાં દેવીએ મેખને દૂર કરી દેવાનું વચન આપવાપૂર્વક વિનંતી કરી કે, શાસનનું આવું કોઈ કાર્ય હોય, તો આ સેવિકાને પુનઃ યાદ કર્યા વિના ન રહેશો.

દેવીની ભક્તિમાં અતિરેકના સ્થાને વિવેકની પ્રતિષ્ઠા થતાં એ દિવસથી જ ભરૂચના ઈતિહાસમાં એક સુવર્ણપૃષ્ઠ તરીકે આર્ય કલહંસસૂરિજી મહારાજનાં નામકામ પણ આ રીતે અંકિત થવા પામ્યાં. એની પુનઃસ્મૃતિ કરાવતો આ પ્રસંગ એ ઈતિહાસને ઢાંકી દેતી ધૂળને ખંખેરવામાં જરૂર પોતાનો અદનો એક ફાળો નોંધાવ્યા વિના નહિ જ રહે !

●

# ૧૧

## નાગફણી–તીર્થ : જ્યાં આજેય જ્વલંત ચમત્કારનો ચિરાગ!

વિશ્વમાં બીજા કોઈને પણ ન મળ્યા હોય, એવા બે અજોડ અને અલૌકિક વારસા આપણને મળ્યા છે. એક વારસો તે જિનાગમ! અને બીજો વારસો તે જિનબિંબ ! અતિશયોક્તિનો આશરો લીધા વિના છાતી ઠોકીને એમ કહી શકાય કે, આવો સમૃદ્ધ વારસો જ્યાં મુક્તમને વિલાસ-વિકાસ સાધતો રહ્યો હોય, એવું દર્શનીય સમગ્ર વિશ્વનું એક માત્ર મંગલ મંદિર એટલે જ જિનશાસન.

આગમ-શાસ્ત્રો, સાહિત્ય, પુસ્તકો અને સુવિચારોની ઠેર ઠેર વહેતી સરવાણીના રૂપમાં આ વિશ્વમાં જિનાગમ જયવંત છે, તો મનોહર મૂર્તિઓ, મંદિરો અને તીર્થો રૂપે જિનબિંબ આ જગતમાં જ્વલંત છે. વારસા રૂપે મળેલી આ મૂડીમાંથી જિનાગમ પ્રત્યે આપણી ઠીક ઠીક ઉપેક્ષા હોવાથી કેટલાય આગમો કાળના પ્રવાહમાં દટાઈ ગયાં, કેટલાંય આગમ-શાસ્ત્રો એવી તો જીર્ણ-શીર્ણ અવસ્થા રૂપે અસ્તિત્વ ધરાવે છે

કે, એની પૂરતી સારસંભાળ ન લેવાતી હોવાથી એની પર પણ કાળનાં ઘોડાપૂર ફરી વળ્યા વિના નહિ જ રહે. સંભવિત આવી આફતમાંથી એને ઉગારી લેવા એનું હસ્તલેખન કરાવવું કે એના આધારે નવસર્જન કરવું, આ બે જ ઉપાય ગણી શકાય.

થોડાઘણા અંશે આને મળતી કરૂણ કહાણી જિનબિંબના વારસાની પણ છે. પરંતુ આ વારસા પ્રત્યે આપણે થોડાઘણા જાગ્રત છીએ, એથી મંદિરો-મૂર્તિઓ-તીર્થોનું નવસર્જન ઓછી પ્રેરણા હોવા છતાં પણ ઠેર ઠેર ચાલી જ રહ્યું છે. આમ છતાં પણ તીર્થોનો પૂર્વકાલીન વિરાટ વારસો વિચારીએ, તો ચિત્તને એવી ચોટ લાગ્યા વિના ન જ રહે કે, આપણે કંઈ ઓછાં તીર્થો ગુમાવ્યાં નથી. કેટલાંક તીર્થો તો સાવ જ લુપ્ત બની ગયા છે, જ્યારે કેટલાંક તીર્થો લુપ્ત ન થયા હોવા છતાં આપણા હસ્તકની એની માલિકી અને એનો વહીવટ તો જરૂર આંચકી લેવાયો છે. આવાં અનેકાનેક તીર્થોમાંનું જ એક તીર્થ ગણી શકાય કલિકુંડ તીર્થ !

ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંયમકાળ દરમિયાન પ્રભુના કેવળજ્ઞાન પૂર્વે કલિકુંડ તીર્થનો ઉદ્‌ભવ થયો હતો. કવિ શ્રી શુભવીરે પંચકલ્યાણક પૂજામાં એ કલિકુંડ તીર્થની સ્થાપનાનો ઇતિહાસ થોડીક જ કાવ્ય-કડીઓમાં સુંદર રીતે ગાયો છે.

'પ્રભુ પારસનાથ સિધાવ્યા, કાદંબરી અટવી આવ્યા,
કુંડ નામે સરોવર તીરે, ભર્યું પંકજ નિર્મળ નીરે.
કાઉસ્સગ્ગ મુદ્રા પ્રભુ ઠાવે, વનહાથી તિહાં એક આવે,
જળ સૂંઢ ભરી નવરાવે જિન અંગે કમળ ચઢાવે,
કલિકુંડ તીરથ તિહાં થાવે, હસ્તી ગતિ દેવની પાવે.'

આવું અદ્‌ભુત આ કલિકુંડ તીર્થ અત્યારે લુપ્ત તો નથી થયું. પણ દિગંબરોના આક્રમણનો ભોગ બન્યું હોવા છતાં થોડાઘણા અંશે પ્રભાવ-પરચો દર્શાવતું આજે પણ અડીખમ ખડું છે. એની ભૌગોલિક ભાળ કંઈક નીચે મુજબની છે.

ગુજરાત રાજ્યમાં ટીંટોઈ શામળાજી થઈને એક રાજમાર્ગ કેસરિયાજી તરફ જાય છે. આ માર્ગમાં નાગફણી પાર્શ્વનાથ પ્રભુનું તીર્થરૂપ એક મંદિર વિદ્યમાન છે. એની આસપાસ જંગલ-અટવી પણ છે અને એક કુંડ આજે પણ વિદ્યમાન છે. યક્ષદેવ રૂપે કલિકુંડ સ્વામીની પ્રતિમા પણ આજે ત્યાં પૂજાતી જોવા મળી રહી છે.

શ્વેતાંબરો હસ્તકના આ તીર્થમંદિર પર ક્યારથી દિગંબરોએ કબજો જમાવ્યો, એ તો ઈતિહાસનો વિષય છે. આજે તો આ તીર્થ સંપૂર્ણ દિગંબરોના કબજા અને વહીવટ હેઠળ જ છે. આમ છતાં નોંધપાત્ર વિશેષતા રૂપે એવો એક ચમત્કાર આજે પણ ત્યાં જોવા મળે છે કે,

જો કોઈ ભાવિક એ કુંડના કિનારે બેસીને ચોવીસ જિનેશ્વરોના નામોનો જયકાર ક્રમસર કરવાનો આરંભ કરે, તો જ્યાં પાર્શ્વનાથ-પ્રભુના નામના જય જયકારનો ઉચ્ચાર થવા પામે, ત્યાં જ એ કુંડમાં રહેલું જળ ઉપર આવવા લાગે છે.

કલિયુગ ચાલતો હોવા છતાં કલિકુંડ પાર્શ્વનાથ પ્રભુના નામનો આ ચમત્કાર આજે પણ જોવા મળે છે. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી દ્વારા લિખિત 'પોષદશમી' નામક પુસ્તિકા વિ.સં. ૨૦૬૩માં પ્રકાશિત થયેલ છે. એમાં આ ચમત્કારને વર્ણવતાં લખવામાં આવ્યું છે કે,

'શ્રી પાર્શ્વનાથ ભગવાનની જય બોલો કે તરત જ કુંડનું પાણી ઉપર આવે છે. આજે પણ આવું બને છે. આ રીતે

પાર્શ્વનાથ ભગવાનનું એક નામ કલિકુંડ પાર્શ્વનાથ પ્રસિદ્ધ થયું.'

ચમત્કારના નામે આજે ધતિંગ અને ધૂર્તવિદ્યાની જ બોલબાલા લગભગ જોવા-સાંભળવા મળે છે. આવાં બોગસ બ્યૂગલ વગાડનારા અશ્રદ્ધાળુઓની આંખ ખોલી નાંખતા આવા તો કેઈ ચમત્કાર આજેય બનવા પામે છે અને જોવા મળે છે. કલિકુંડ પાર્શ્વનાથ પ્રભુથી પ્રતિષ્ઠિત આ પ્રાચીન તીર્થ નાગફણીને ચમત્કારના એક ચિરાગ તરીકે બિરદાવી ન શકાય શું ? આ તીર્થ જેનું હતું, એને જ પુનઃ સોંપાય, એવો એક વધુ ચમત્કાર સરજીને શાસનદેવો, જૈનશાસનને મળેલા તીર્થ-વારસામાંથી ઝૂંટવાઈ ગયેલા એક રત્નની પુનઃ માલિકી મેળવી આપવામાં સહાયક બને, એવી અપેક્ષા રાખવી અસ્થાને તો નહિ જ ગણાય.

●

૧૨

# ગુરુ-શિષ્યનું અદ્‌ભુત વ્યક્તિત્વ

જૈનશાસનના ઇતિહાસનાં સુવર્ણપૃષ્ઠો ઉથલાવીશું, તો શ્રી દેવસૂરિજી મહારાજ તરીકે એક એવાં વ્યક્તિત્વ કૃતિત્વનાં દર્શનથી આપણે ધન્ય ધન્ય બની જઈશું કે, અજબની સમતાની સાથે ગજબનું વાદ વિજેતૃત્વ, સિંહની સામે પણ નિર્ભયત્વ અને દેવોનું પણ હાજરાહજૂર દાસત્વ : જેવી ગુણમૂલક એમને સ્વયં વરેલી ગુણસમૃદ્ધિ જોઈને આપણું અંતર અહોભાવથી ઝૂકી ગયા વિના અને આંખો અનુમોદનાની અશ્રુધારાથી છલકાઈ ઊઠ્યા વિના નહિ જ રહે.

શ્રી દેવસૂરિજી મહારાજના જીવનની એક વિશેષતા તો એવી અજબગજબની હતી કે, જીવનમાં એક જ વાર એમને ગુસ્સો આવ્યો હતો. પ્રશસ્તની પ્રશસ્તિને પાત્ર એ ગુસ્સો પુણ્ય-પ્રકોપમાં પલટાઈને એમને એવા ‘વાદ-વિજેતા’ બનાવી ગયો કે, એઓ શ્રી વાદીદેવસૂરિજી તરીકે ઇતિહાસનાં પાને અમર બની જવા પામ્યા. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે પણ એ વાદની સ્તુતિ કરવાપૂર્વક સુવર્ણાક્ષરે નોંધ લીધી કે,

દિગંબર કુમુદચંદ્ર પર જો શ્રી દેવસૂરિજી મહારાજે વિજય ન મેળવ્યો હોત, તો ક્યો શ્વેતાંબર શ્રમણ કટિવસ્ત્ર ધારણ કરી શક્યો હોત ?

વિક્રમની બારમી સદીમાં વાદી-પ્રભાવક તરીકે વિશિષ્ટ-વિરલ સ્થાન-માન પામી જનારા એ શ્રી વાદીદેવસૂરિજીનો જ એ અપ્રતિહત પ્રભાવ ગણાય કે, આજે એકવીસમી સદી સુધી પણ શ્વેતાંબરોનો અણનમ વિજયધ્વજ ગગને લહેરાતો જ રહ્યો છે. ઈતિહાસમાં ઊંડા ઊતરીશું, તો એવો સ્પષ્ટ ખ્યાલ આવી ગયા વિના નહિ જ રહે કે, શ્રી વાદીદેવસૂરિજી મહારાજ દ્વારા ગુજરાતની ધરતી પર પ્રતિષ્ઠિત શ્વેતાંબરોના એ વિજયધ્વજના પાયા એટલા બધા પોલાદી છે કે, આગામી કેટલીય સદીઓ સુધી એ પાયાની કાંકરીય ખરશે નહિ કે કોઈ તેને ખેરવી નહીં શકે.

એ યુગમાં ગુજરાતમાં સિદ્ધરાજ જયસિંહના શાસન-કાળમાં દિગંબરોનો પ્રભાવ બદ્ધમૂલ બની રહ્યો હતો. ઠેર ઠેર વિજયપતાકા વરનારા દિગંબરોને હંફાવવાની સમર્થતા ધરાવતી વ્યક્તિ-શક્તિ તરીકે સમગ્ર સંઘની નજર એક માત્ર શ્રી દેવસૂરિજી મહારાજ પણ જ ઠરતી હતી. પણ જિંદગીમાં એકેવાર જેમને ક્રોધ આવ્યો જ ન હતો, એમની આંખમાંથી પુણ્યપ્રકોપ ઠલવાય, તો જ શ્વેતાંબરો દિગંબરોની સામે વાદવિવાદમાં વિજય વરી શકે, એ હકીકત હતી. એ પુણ્યપ્રકોપને પરાણે પરાણે જગાડવા ખુદ શ્રી દેવસૂરિજી મહારાજે અને શ્વેતાંબર સંઘે પણ ઘણા ઘણા પ્રયત્નો કરવા છતાં જે સફળતા સિદ્ધ ન થઈ શકી, એ સફળતા સિદ્ધ કરવામાં એક દહાડો અચાનક જ એક સ્થવિર સાધ્વીજી સફળ સાબિત થયાં.

પ્રસંગ એવો બન્યો કે, અણહિલપુર પાટણમાં અષાઢી મેઘની જેમ ગર્જના કરતા દિગંબરવાદી કુમુદચંદ્રને એક વાર શ્વેતાંબરોની સામે વાદવિવાદ કરવાની એવી તીવ્ર ચળ ઊપડી કે, જો કોઈ પ્રતિવાદી ન મળે, તો એના માટે એ ચળ શમાવવી અશક્ય-અસહ્ય બની જવા પામી. એને એ વાતનો બરાબર ખ્યાલ હતો કે, મારી સામે ઊભા રહેવા માટે સમર્થ એકમાત્ર શ્વેતાંબરાચાર્ય દેવસૂરિજી જ છે. એમની સમતામય વૃત્તિ-પ્રવૃત્તિ જોતાં જેને વાદની અસહ્ય ચળ-ખણજ ઊપડી હતી, એ કુમુદચંદ્રે મનોમન નક્કી કર્યું કે, સુષુપ્ત સૂતેલા સાપ સમા આ શ્વેતાંબરાચાર્યને છંછેડવામાં મને જો સફળતા મળે, તો જ ખણવાની મજા માણી શકાય.

કુમુદચંદ્રે શ્રી દેવસૂરિજીને છંછેડવા માટે અસભ્યતાની છેલ્લી સીમા વટાવતો એક ઉપાય અજમાવવાનું નક્કી કર્યું. એ ઉપાય મુજબ એક દહાડો વહેલી સવારે સ્થંડિલભૂમિથી પાછાં ફરનારાં એક વૃદ્ધ સાધ્વીજીને કુમુદચંદ્રના માણસોએ જ રસ્તા વચ્ચે રોકી રાખીને કોઈ ભરવાડણ જેવો વેશ સજીને નાચવાની ફરજ પાડી. વહેલી સવારનો સમય હતો, કુમુદચંદ્રના માણસોનો ઘેરાવો અભેદ્ય હતો. એથી મજબૂર બની જઈને એ વૃદ્ધ સાધ્વીજીને નાચવું પડ્યું. પણ તેઓ મનોમન એવાં ધૂંધવાઈ ઊઠ્યાં હતાં કે, દિગંબરોની આ કેવી જોહુકમી ! સ્ત્રીજાત અને એમાંય મારા જેવી વયોવૃદ્ધા સાધ્વીજીની સાથે આવો આમન્યા ભંગ કરીને કુમુદચંદ્રે ખરેખર તો શ્વેતાંબર સંઘનું જ હડહડતું અપમાન કર્યું છે. જડબાતોડ જવાબ આપી શકે, એવા શ્રી દેવસૂરિજી આ જ પાટણમાં હોવા છતાં શ્વેતાંબરો જો આવા મર્યાદાભંગને મૂંગે મોઢે સહન કરી લે, તો તો માનવું જ પડે કે, શ્વેતાંબર સંઘની આબરૂ આ રીતે લૂંટાવા બદલ કુમુદચંદ્ર કરતાંય વધુ ગુનેગાર તો ખુદ શ્વેતાંબર સંઘ જ ગણાય.

આમન્યા ભંગ બદલ ભીતરથી ધૂંઆપૂંઆ બની ઊઠેલાં એ સાધ્વીજી ધમધમતા પગલે તરત જ જ્યાં શ્રી દેવસૂરિજી મહારાજનો વસવાટ હતો, એ ઉપાશ્રયમાં જઈ ઊભાં. હજી અંધારું સાવ ઓસર્યું ન હતું. આવા કમસયે ક્રોધથી ધૂંઆપૂંઆ થતાં એક વયોવૃદ્ધા સાધ્વીજીને આવેલાં જોઈને સૌ સાધુઓ સન્ન થઈ ગયા. આ રીતે આવવાનું કારણ જણાવ્યા વિના જ સાધ્વીજીએ એવો પુણ્યપ્રકોપ ઠાલવ્યો કે, શ્રી દેવસૂરિજી મહારાજ જેવા સમર્થ સંરક્ષક જીવતા જાગતા હોવા છતાં મારા જેવાની આમન્યા છડેચોક લૂંટાતી હોય, તો શ્વેતાંબર સંઘ માટે હવે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવાના દિવસો આવી લાગ્યા છે, એમ માનવું જ રહ્યું.

શ્રી દેવસૂરિજી મહારાજને થોડીક એવી કલ્પના તો આવી જવા પામી કે, કદાચ કુમુદચંદ્રની કનડગતનો આ સાધ્વીજી ભોગ બન્યાં હશે? પણ ચોક્કસ માહિતી મેળવવા એમણે પૂછ્યું કે, કંઈક ચોખવટ કરો તો સમજાય કે, તમારી આમન્યા કોણે અને કઈ રીતે લૂંટી ?

સાધ્વીજીનો ગુસ્સો આસમાને પહોંચ્યો : હજી પણ ચોખવટ કરવાની હોય ખરી ? શ્વેતાંબરની સામે પડેલા કુમુદચંદ્રના બકવાસ સાંભળીને જેનું લોહી ઊકળી ન ઊઠ્યું હોય, એના મોઢે જ આવો પ્રશ્ન શોભે ? મૃગબાળ સામે સિંહનું આક્રમણ આવે, ત્યારે પોતાની શક્તિ-અશક્તિનો વિચાર કર્યા વિના મૃગલી પણ સિંહનો સામનો કર્યા વિના જો રહી શકતી નથી, તો પછી આપ તો અષ્ટાપદ જેવા બળવાન હોવા છતાં શા માટે કુમુદચંદ્રને પડકારતા નથી, એવો સણસણતો સવાલ મારા કાળજાનો વીંધ્યા વિના નથી રહેતો. એના માણસોએ આજે એ રીતનો આમન્યા ભંગ કર્યો કે, મારે મારો શ્રમણી-વેશ ગોપવીને ભરવાડણ બનવું પડ્યું અને

મને નાચવા મજબૂર બનવાની એ માણસોએ ફરજ પાડી. મારું જ નહિ, આ અપમાન શ્વેતાંબર-સંઘનું પણ છે. આપે આનો જડબાતોડ જવાબ આપવો જ જોઈએ.

પૂરી વિગત સાંભળ્યા બાદ તો સરોવર સમા શાંત જણાતા શ્રી દેવસૂરિજી મહારાજ ભરતીથી ઊભરાતા સાગરની જેમ ખળભળી ઊઠ્યા. એમનો પુણ્યપ્રકોપ પાટણમાં પડઘાઈ રહ્યો : એક વયોવૃદ્ધા સાધ્વીજીને નચાવવામાં બહાદુરી નથી. કુમુદચંદ્રના કાંડામાં કૌવત હોય અને બુદ્ધિમાં બળ હોય, તો સિદ્ધરાજ જયસિંહની રાજસભામાં દિગંબર સિદ્ધાંતો સાચા સાબિત કરી આપવાની કુમુદચંદ્રને મારી હાકલ છે. શ્વેતાંબર સંઘનો પ્રભાવ જ્યાં અપ્રતિહત ચાલ્યો આવતો જ રહ્યો છે, એ ગુજરાતમાં હવે માત્ર અસ્તિત્વ પણ ટકાવી રાખવું હોય, તો શ્વેતાંબર સંઘનો આ પડકાર દિગંબર સંઘે ઝીલી લેવો જ રહ્યો.

વાદવિવાદની જેને ચળ ઊપડી હતી, એ કુમુદચંદ્રે પોતાની તાકાત વધુ પડતી આંકવાપૂર્વક શ્વેતાંબર સંઘનું બુદ્ધિબળ હતું એના કરતાં ખૂબ જ ઓછું આંક્યું હતું. એથી કુમુદચંદ્રે પળનોય વિચાર કર્યા વિના શ્રી દેવસૂરિજી મહારાજનો આ પડકાર ઝીલી લીધો. પણ જ્યાં રાજસભામાં શ્વેતાંબરોનો મુકાબલો કરવાનો અવસર આવ્યો, ત્યાં જ કુમુદચંદ્રની આંખે અંધારાં આવવા માંડ્યાં.

જિંદગીમાં આજ સુધી જેમને ગુસ્સો આવ્યો જ ન હતો, એ શ્રી દેવસૂરિજી મહારાજ જુસ્સાભેર વાદવિવાદનો જંગ જીતવા, બુદ્ધિબળે એ રીતે ઝઝૂમ્યા કે, દિગંબરો જ નહિ, શ્વેતાંબરો પણ એ જોમ-જુસ્સો જોઈને દિંગ બની ગયા. આ જંગી જંગમાં જય મેળવીને શ્રી દેવસૂરિજી મહારાજે ગુજરાતમાં શ્વેતાંબર સંઘની પ્રતિષ્ઠાના પાયા ધરતીમાં એટલા

બધા ઊંડા ઉતારી દીધા કે, આજ સુધી એ પાયાની કાંકરી પણ કોઈ ખેરવી શક્યું નથી. દિગંબરોને એ જંગમાં એવી કારમી હાર ખમવી પડી કે, કુમુદચંદ્ર જેવા મિથ્યાભિમાનીનો પડછાયો પુનઃ જોવાનો આજ સુધી ગુજરાત માટે અવસર આવ્યો નથી.

'मुद्रित कुमुदचंद्र प्रकरण' નામની નાટ્યકૃતિમાં સિદ્ધરાજ જયસિંહની સભામાં થયેલા આ વાદનું હૂબહૂ વર્ણન જોવા મળે છે. શ્વેતાંબર-દિગંબર વચ્ચે થયેલી એવી શરતનો પણ એમાં ઉલ્લેખ છે કે, જો દિગંબરો હારે, તો દિગંબરોએ ગુજરાત છોડીને અન્યત્ર ચાલ્યા જવું અને શ્વેતાંબરો હારે, તો બધા શ્વેતાંબરોએ દિગંબર-મત સ્વીકારી લેવો. કુમુદચંદ્રે લાંચરુશવતથી પણ આ જંગ જીતવાનો પ્રયાસ કરેલો. પણ આખરે સત્ય જ જીત્યું. શ્રી દેવસૂરિજી મહારાજે આ એક એવો જંગી જંગ જીતી જાણ્યો હતો કે, એમનું નામ ત્યારથી જ વાદિદેવસૂરિજી મહારાજ તરીકે લોકજીભે ગવાવા માંડ્યું. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજીએ પણ આ વાદની સ્તવના કરતાં લખ્યું કે,

यदि नाम कुमुदचंद्रं ना जेष्यद् देवसूरिहिमरुचिः
कटि-परिधानमधाष्यत कतमः श्वेताम्बरो जगति

પ્રશમરસથી પરિપૂર્ણ, શ્રી દેવસૂરિજી મહારાજે વાદી કુમુદચંદ્રને જીત્યો ન હોત, તો આ દુનિયામાં શ્વેતાંબરો કટિવસ્ત્ર ક્યાંથી પરિધાન કરી શક્યા હોત?

આજે ખેલાતી મેચ-ક્રિકેટ જેવી રોમાંચક રમતો કરતાંય એ યુગમાં વાદવિવાદનું કેવું અને કેટલું બધું મહત્ત્વભર્યું સ્થાનમાન હતું, એનો અંદાજ લગાવવા ઐતિહાસિક આ ઘટના જ કાફી નથી શું ?

દિગંબર સામેના વાદમાં શ્વેતાંબરોનો વિજયવાવટો ફરકાવનારા શ્રી વાદિદેવસૂરિજી મહારાજ કોઈ પણ વાદીથી ડરતા ન હતા. આથીય ચારગણી ચડિયાતી બીજી વિશેષતા એમનામાં એ વણાઈ ગયેલી જોવા મળતી કે, ભલભલાં હિંસક જનાવરો એમની અહિંસક અસર તળે આવીને જન્મસિદ્ધ સ્વભાવને પણ વીસરી જઈને એવું અલૌકિક આચરણ કરતાં કે, સાક્ષાત જોવા છતાં એ આચરણ અશ્રદ્ધેય જેવું જ ભાસતું. એ પ્રભાવ એમના સંયમનો અને સમતાવૃત્તિનો હતો. અહિંસાધર્મની પ્રતિષ્ઠા એમની વૃત્તિ-પ્રવૃત્તિમાં એટલી બધી ઊંચી કક્ષાની થવા પામી હતી કે, સિંહ જેવાં ખૂંખાર પ્રાણીઓ પણ જન્મજાત પોતાની ઝનૂની વૃત્તિ વીસરી જઈને વાત્સલ્યનો પાઠ અદા કરવાનો અભિનય આચરતાં જોવા મળતાં.

વિ.સં. ૧૧૬૫ આસપાસની એક ઘટના આ સત્યમાં સાખ પુરાવી જાય એવી છે. થરાદ આસપાસના પ્રદેશમાં શ્રી વાદિદેવસૂરિજી મહારાજ વિચરી રહ્યા હતા. વિચરણ દરમિયાન જંગલ જેવો રસ્તો પસાર કરીને સામે ગામ પહોંચવાનું હતું. એમાં અચાનક જ એક સિંહ સામેથી આવતો જણાયો. જે રસ્તેથી સિંહ આવી રહ્યો હતો, એ જ રસ્તેથી શ્રી વાદિદેવસૂરિજી મહારાજને ગામ તરફ આગળ વધવાનું હતું. સિંહને તો કોઈથી ડરવાનું ન હોય, એથી એ રસ્તો ન બદલે, એમાં તો આશ્ચર્ય શાનું હોય ? પણ સિંહની જેમ જ શ્રી વાદિદેવસૂરિજી મહારાજે પણ જ્યારે રસ્તો ન જ બદલ્યો, ત્યારે દૂર દૂર ઊભેલા ગામના લોકો શરૂઆતમાં તો આશ્ચર્યચકિત થઈ ગયા કે, સિંહથી પણ ન ડરે, એવું પ્રાણી તો એક અષ્ટાપદ જ પ્રસિદ્ધ છે. એથી શ્રી વાદીદેવસૂરિજી મહારાજને તો અલૌકિક અષ્ટાપદ તરીકે જ આવકારવા રહ્યા.

સિંહની સામે નિર્ભયતાપૂર્વક આગે બઢનારા શ્રી વાદિદેવસૂરિજી મહારાજના ભયંકર ભાવિની કલ્પના આવતા જ લોકો રાડો પાડી પાડીને એમને દિશા બદલીને બીજે રસ્તે ચડવા પોકાર પાડી રહ્યા. પણ એ પોકાર જાણે આભમાં જ વેરાઈ વિખરાઈ જતો હોય, એમ લોકોને જણાતું હતું. કારણ કે શ્રી વાદિદેવસૂરિજી મહારાજ તો નિર્ભય પગલે જાણે મોતને ભેટવા સિંહની સન્મુખ જ આગળ વધી રહ્યા હતા. બંને વચ્ચેનું અંતર જેમ જેમ ઘટી રહ્યું હતું, એમ લોકોનો ભયભર્યો પોકાર પણ વૃદ્ધિંગત બની રહ્યો હતો. આ પોકાર બેમાંથી એકને પણ રસ્તો બદલાવવામાં સફળ બની જાય, તો ગળું ફાડીફાડીને પાડેલો પોકાર સાર્થક હતો. પણ આવું કંઈ જ ન બનતાં જે અલૌકિક વળાંક એ ઘટનાએ લીધો, એથી તો સૌ કોઈના આશ્ચર્ય-અહોભાવને આરો-ઓવારો જ ન રહ્યો.

શ્રી વાદિદેવસૂરિજી મહારાજ તો મસ્તીથી ગજગતિએ ચાલ્યા જતા હતા, ત્યાં જ સામેથી ચાલ્યો આવતો સિંહ પોતાનું સિંહત્વ ભૂલી જઈને જાણે શિષ્ય-સેવક તરીકેનો અભિનય ભજવવા પૂ. આચાર્યદેવને ત્રણ પ્રદક્ષિણા આપીને ચૂપચાપ આગળ ચાલતો થયો. અદ્વિતીય, અલૌકિક અને જોવા છતાંય સાચી માની ન શકાય, એવી આ ઘટનામાંથી ન તો આચાર્યદેવનો જયધ્વનિ કે ન તો સિંહની હારનો હાહાકાર તારવી શકાય, તારવવું હોય, તો એટલું જ તથ્ય આ ઘટનામાંથી તારવી શકાય કે, સમતા પરાકાષ્ઠા પામે, ત્યારે વેર-વિરોધને શાંત થઈ જવાની ફરજ પડતી હોય છે. એ આનું નામ !

વિ.સં. ૧૧૬૫માં બનેલ આ ઘટના પરથી એ ગામનું નામ 'ભયરોલ' પડ્યું. જે ધીમે ધીમે અપભ્રંશની અસરમાં આવીને અંતે 'ભોરોલ' તરીકે ઓળખાયું અને જે આજે

ભોરોલતીર્થ તરીકે જૈનજગતમાં સુપ્રસિદ્ધ છે. આમ 'ભોરોલ' આ નામની ભીતરમાં પણ શ્રી વાદિદેવસૂરિજી મહારાજની નિર્ભયતામૂલક સંયમ-સાધનાની સ્મૃતિ અંકિત છે, એ કેટલા જાણતા હશે ?

— ● —

શ્રી વાદિદેવસૂરિજી મહારાજનું વ્યક્તિત્વ આટલું બધું પ્રભાવશાળી હતું, તો એમના ગુરુદેવ શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજના વ્યક્તિત્વને વરેલી વિરલ વિશેષતાઓનો તો કોણ તાગ પામી શકે? દર્ભાવતી-ડભોઈને જન્મભૂમિ તરીકેનું ગૌરવ અપાવનાર તેઓશ્રી એટલા બધા અંતર્મુખી જ્ઞાનોપાસક હતા કે, શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની અતિગંભીર રચનાઓના પેટાળમાં જ મરજીવાની અદાથી ડૂબકી મારીને મેળવેલાં રહસ્યરત્નોની વિવરણરૂપ આજીવન માળા ગૂંથતા રહ્યા અને શ્રી હરિભદ્રાચાર્યના એકાધિક ગ્રંથોના વિવરણકાર તરીકે જૈન સાહિત્યના ઈતિહાસમાં અમર બની ગયા.

શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજની અંતર્મુખતા, શ્રી હરિભદ્રાચાર્યજીના ગ્રંથો ઉપર વિવરણ-લેખનમાં જ જીવનનું સમર્પણ તથા જ્ઞાનોપાસનાને જ પ્રાધાન્ય : આ અને આવાં કારણોસર 'શ્રી વાદિદેવસૂરિજી'ના ગુરુદેવ તરીકેની જ એમની ઓળખાણ ઠેર ઠેર રૂઢ-દઢ બની હતી. શિષ્યના નામે થતી આવી ઓળખાણ એક તરફ મુખ્યત્વે એ ગુરુદેવની અંતર્મુખતાને જ આભારી હતી, તો બીજી તરફ દિગંબરો પર વિજય મેળવવાના પ્રભાવે શ્રી વાદિદેવસૂરિજી મહારાજને જે યશઃકીર્તિ સ્વયં વર્યાં હતાં, એ દિગદિગંતમાં કેટલાં બધાં ફેલાયેલાં હતાં, એ ફેલાવાની સૂચક પણ હતી.

આવા ગુરુદેવ શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજના થનારા કાળધર્મનો સંકેત શ્રી વાદિદેવસૂરિજી મહારાજને શ્રી

અંબિકાદેવી દ્વારા જે રીતે મળવા પામ્યો હતો, એ જાણીશું, તો તો દેવા વિ તં નમંસંતિ જસ્સ ધમ્મે સયા મણો દશ વૈકાલિક સૂત્રની આ આગમવાણી સાર્થક થતી અનુભવાશે.

વિ.સં. ૧૧૭૭ આસપાસની ઘટના છે. ચૈત્ર વદના દિવસો હતા. મેડતા સંઘની વિનંતીથી એ તરફ જવા નીકળેલા શ્રી વાદિદેવસૂરિજી મહારાજે આબુની યાત્રા કરીને મેડતા તરફ આવવાની ભાવના વ્યક્ત કરી. એ મુજબ આબુ પહાડ ચડતાં ચડતાં એમના પગમાં એક કાંટો વાગતાં એઓ નીચે બેસી જઈને જ્યાં કાંટો કાઢવા માંડ્યા, ત્યાં જ એક એવો ગેબી અવાજ એમના કાનમાં પ્રવેશ્યો કે, મનોરથ મેડતાનો હોવા છતાં પસંદગી પાટણ પર ઉતારવા જેવી છે.

આ ગેબી ધ્વનિ સાંભળીને વિચારમગ્ન બની ગયેલા શ્રી વાદિદેવસૂરીશ્વરજી મહારાજે અવાજની દિશામાં નજર લંબાવી, ત્યાં જ અંબિકાદેવી હાજરાહજૂર બની ગયાં અને એમણે સૂચવ્યું : મેડતા નહિ, પાટણ તરફ પધારો. શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજનું આ અંતિમ વર્ષ છે. એમનું ચાતુર્માસ પાટણ હોવાથી મેડતાના મનોરથ સેવવાના બદલે પાટણની પસંદગી કરવાનો સંકેત મેં જ આપ્યો છે.

આ દૈવી સંકેત એક આંખમાં આનંદ, તો બીજી આંખમાં આઘાત જગવનારો હતો. શ્રી વાદિદેવસૂરિજી મહારાજને મન આનંદ એ વાતનો હતો કે, ગુરુદેવની અંતિમ નિર્યામણામાં પોતે હાજર રહીને સેવા કરી શકશે. આઘાત એ વાતનો હતો કે, ગુરુદેવ ચાતુર્માસ દરમિયાન જ સ્વર્ગવાસી બનનાર હતા. મેડતા સંઘને આ વાતથી વાકેફ બનાવીને આબુથી એમણે પાટણ તરફ વિહાર લંબાવ્યો. પાટણમાં પ્રવેશીને એમણે ગુરુ ચરણોમાં દૈવીસંકેત જણાવ્યો. એથી શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજે વધુ સજાગ બનીને જ્ઞાનસાધનામાં મગ્નતા વધારી

દીધી. શ્રી હરિભદ્રાચાર્યના ગ્રંથો પર વિવરણ લખવાની જ્ઞાન સાધનામાં આકંઠ ડૂબી ગયેલા એઓશ્રીનો દેહ પરનો નિર્મમત્વભાવ તો અજબગજબનો હતો. દેહ ટકાવી રાખવા માટે આહારનો ટેકો જરૂરી ગણાય એવો હોવા છતાં તેઓશ્રીનો આજીવન સંકલ્પ હતો કે, ચોખા-ભાતના ઓસામણ સિવાય બીજા કોઈ પણ આહારનો ઉપયોગ ન જ કરવો ! આવી ભીષ્મટેક જાળવવાપૂર્વક એમની જ્ઞાનસાધના આગળ વધી રહી હતી. કર્મોદયના કારણે શ્વાસ-કાશ વગેરે આઠ આઠ રોગો દેહને ઘેરી વળ્યા હોવા છતાં ભીષ્મ સંકલ્પમાં જરાય બાંધછોડ કર્યા વિના શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજે જ્ઞાનસાધનાની અખંડિતતા જાળવી જાણી હતી.

પર્યુષણ પર્વની આરાધના સુંદર રીતે પૂર્ણ થઈ. શાશ્વતી ઓળીનું આરાધન પણ પાટણ સંઘે રંગેચંગે પૂર્ણ કર્યું. આસો વદનો આરંભ થતાં જ દૈવીસંકેત મુજબ શારીરિક સ્થિતિ જરીક અસ્વસ્થતા તરફ વળાંક લઈ રહેતી જણાતાં જ શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજ વધુ સજાગ બની ગયા. ચોમેર જામેલા સમાધિમય વાતાવરણે વધુ જમાવટ સાધી અને આસો વદ આઠમે નવકારનું શ્રવણ અને ઉચ્ચારણ કરતાં કરતાં જ્યાં આઠમો નવકાર આવ્યો, ત્યાં જ શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજે છેલ્લો શ્વાસ મૂક્યો.

ગુરુદેવની ગોદ ગુમાવીને શ્રી વાદિદેવસૂરિજી મહારાજે જે ગુમાવ્યું હતું, એની પુનઃ પ્રાપ્તિ જોકે શક્ય જ ન હતી. ગુરુ-વિરહની અકથ્ય વેદના એમણે બેંતાલીસ શ્લોકના વિરહકાવ્યમાં વ્યક્ત કરી. આટલેથી જ ન સંતોષાતાં એમણે ગુરુ-વિરહને વાચા આપવા અપભ્રંશ ભાષામાં પણ ૨૫ શ્લોક પ્રમાણ કાવ્યરચના કરી.

આજે આવા ગુરુ ઉપરાંત શિષ્ય પણ આપણી સમક્ષ વિદ્યમાન નથી. પણ એમની વિદ્યમાનતાનો સાક્ષાત્કાર કરાવવા હારિભદ્રીય-ગ્રંથો પરની વિવરણ રચનાઓ, તેમજ 'સ્યાદ્‌વાદ રત્નાકર' જેવા ગૌરવવંતા ગ્રંથો તો હયાત જ છે, આ હયાતીને જ હાજરાહજૂર ગુરુ-શિષ્ય માનીને એમની સેવા રૂપે સકલસંઘ જ્ઞાનોપાસનામાં મંડી પડે, તો આપણને ક્યારેય ગુરુવિરહ વેઠવાનો વખત ન જ આવે, આવી કલ્પના પણ કેટલી બધી આનંદપ્રદ છે.!

●

## ૧૩

# ચારિત્રે સરજેલો ચમત્કાર પર ચમત્કાર

જૈનનું ઘર એટલે જ ચારિત્રના પાઠ શીખવતી પાઠશાળા ! જૈન તરીકે ઓળખાતાં જાતિકુળ એટલે જ સર્વવિરતિના સંગીત-સૂરો જ્યાં અહર્નિશ ગુંજ્યા જ કરતા હોય, એવી સંગીતશાળા! જૈનત્વને વરેલી આવી આગવી અસ્મિતા જ્યારે પુરબહાર ખીલેલી જોવા મળતી, ત્યારનાં સ્થળ-કાળમાં લખાયેલા ઈતિહાસે પોતાનાં સુવર્ણપૃષ્ઠો પર જે ઘટનાઓનું આજ સુધી જતન કરી જાણ્યું છે. એ ઘટનાઓ એટલી તો અસરકારક, સપ્રાણ અને દિલદ્રાવક છે કે, એને વાચતાં આજેય હૈયું હલબલી ઊઠ્યા વિના ન જ રહે. હજાર બારસો વર્ષ પૂર્વેની એક ઘટનામાં ડોકિયું કરીશું, તો શરીરના સાડા ત્રણ કરોડ રૂંવાડાં આજેય ખડાં થઈ જઈને એવું નૃત્ય કરવા માંડશે કે, એ નૃત્યના ઠેકે તાલ લેતું આસપાસનું સમગ્ર વાતાવરણ અહોભાવિત બનીને એવું ગીત ગાઈ ઊઠશે કે, ચમત્કાર પર ચમત્કાર સર્જતો ચારિત્રનો આ કેવો પ્રભાવ !

સ્થળકાળ પર પડેલો પડદો હટાવવાની જહેમત કર્યા વિના જ આપણે એ લગ્નમંડપમાં પ્રેક્ષક તરીકે પહોંચી જઈએ કે, જ્યાં મોટા ભાઈનાં લગ્ન લેવાયાં હતાં. કુળ સંસ્કાર-સમૃદ્ધ હતું, માતપિતા ચારિત્રના ચુસ્ત અનુરાગી હતા, એથી જેનાં લગ્ન લેવાયાં હતાં, એ મોટા દીકરાના હૈયાની ધરતીમાં ચારિત્ર સ્વીકારવાની ભાવના બીજ રૂપે તો ધરબાયેલી જ હોય, એમાં તો કંઈ પૂછવા જેવું જ નહોતું ! ભીતરમાં ધરબાયેલું એ ભાવનાબીજ જાણે અંકુરિત, વિકસિત, ફલિત અને પ્રફુલ્લિત બનવા માટે કોઈ પ્રેરક પરિબળની જ કાગડોળે પ્રતીક્ષા કરી રહ્યું હતું.

સંસ્કારી માતપિતાને નછૂટકે જ લગ્નનો માંડવો બાંધવો પડ્યો હતો, બાકી એમના મનના મનોરથ તો એ જ હતા કે, દીકરો હજી પણ વર મટીને મુનિવર બની જાય, તો કેવું સુંદર ! રંગ-રાગને રેલાવતો પ્રસંગ હોવા છતાં લગ્નના માંડવે આવેલા સાજન-માજનને રાગનો રંગ લાગી ન જાય અને ધર્મનો રંગ લાગ્યા વિના ન જ રહે, એ માટે માતપિતાએ જિનભક્તિ, જિનવાણીનું શ્રવણ, જિનચરિત્રની કથા આદિથી વાતાવરણને એવું ધર્મરંગી બનાવી દીધું હતું કે, સૌને એવો જ અહેસાસ થયા કરતો કે, લગ્નના માંડવે નહિ, પણ મહોત્સવના માંડવે જ આપણે સૌ આવ્યા છીએ.

વરરાજા ખુદ જ જ્યાં ધર્મના રંગે રંગાઈ જવામાં અગ્રેસર બનવામાં જરાય કમીના ન દર્શાવતા હોય, ત્યાં પછી સાજન-માજન તો શા માટે કમીના દાખવે! જિનવાણીની વહેતી ધારામાં વરરાજા એ રીતે વહેતા રહ્યા કે, એક બે પ્રવચન સાંભળતાં તો એમનો માંહ્યલો મહાભિનિષ્ક્રમણ આદરવાની ભાવનાથી એટલો બધો ભીંજાઈ ગયો અને હૈયામાં ધરબાયેલું ભાવનાનું બીજ પાતાળ જેવાં પડ ભેદીને

બહાર પ્રગટ થવા એવી રીતે ઝાવાં નાખી રહ્યું કે, વરરાજા સીધા જ પૂ. ગુરુદેવની ગોદમાં આવીને વીનવી રહ્યા કે, ભગવાનની વાણી સાંભળ્યા પછી હવે તો હું આ સંસારમાં ક્ષણવાર પણ બેસી શકું એમ જ નથી. માટે આપ મારો સ્વીકાર કરીને સંયમવેશનું પ્રદાન કરવાની કૃપા કરો. આ માંડવો મંડાયા પૂર્વે જ જો આવી જિનવાણી સાંભળવા મળી હોત, તો કદાચ આવા માંડવાનાં મંડાણ જ ન થયાં હોત! પણ જાગ્યા ત્યારથી સવારને સત્કારવા હું સજ્જ બન્યો છું, એય મારું ઓછું અહોભાગ્ય નથી. એથી લગ્નના આ માંડવાને મુક્તિના માંડવામાં ફેરવી નાખવામાં જરાય વાર નહિ જ લાગે.

હૈયાની ધરતીમાં ચારિત્રની ભાવનાનું જે બીજારોપણ થઈ ચૂક્યું હતું, એની પર વિરાગની વાણીવર્ષા થતાં જ એ બીજ જાણે એકાએક જ ઘેઘૂર વડલામાં પલટાઈ જવાની તીવ્ર મથામણ કરી રહ્યું હોય, એવી પાકી ખાતરી વરરાજાની આવી પ્રાર્થના સાંભળતાંની સાથે જ ગુરુદેવને થઈ જવા પામી, એથી વરરાજાની ભાવનાને પ્રોત્સાહિત કરતાં એમણે કહ્યું કે, બીજારોપણ એળે જતું નથી અને પ્રતીક્ષા પળનાય કાળક્ષેપને સહી શકતી નથી. આ બંને વાતની સચ્ચાઈ તારી પ્રાર્થનામાં પ્રતિબિંબિત થયેલી જોવા મળે છે. હવે જો માતપિતાની પણ સંમતિ મળી જાય, તો સુવર્ણમાં સુગંધનો સુમેળ સધાઈ ગયા વિના ન રહે.

ગુરુદેવ તરફથી પ્રોત્સાહક પ્રતિભાવ મળતાં જ વરરાજાએ માતપિતાના પગ પકડી લઈને એવી પ્રાર્થના કરવા માંડી કે, મને વિશ્વાસ છે કે, મારી ભાવનાને આપ નહિ જ ઠુકરાવો, આપ જો અનુમતિ આપો, તો લગ્નના આ માંડવે કોઈ સામાન્ય સુંદરીને નહિ, પણ હું સંયમસુંદરીને વરવા માંગું છું.

પુત્રની આ પ્રાર્થના માતપિતાને ગદ્ગદિત બનાવી ગઈ, એમનો મનનો મોરલો થનથન કરતો નાચી ઊઠ્યો. છતાં હવે પુત્ર પર એકલો પોતાનો જ એકમાત્ર અધિકાર નહતો. એમણે કહ્યું કે, એકલી અમારી જ અનુમતિ તારા સંયમસ્વપ્નને સાકાર-સિદ્ધ કરવા માટે પૂરતી ન ગણાય. માટે ચાલો, આપણે વેવાઈ-વેવાણ પાસે જઈએ. તારું સ્વપ્ન સિદ્ધ થાય, એ માટે અમે પણ પૂરતો પ્રયત્ન કરીશું. અમને વિશ્વાસ છે કે, એઓ તારા માર્ગમાં શૂલ નહિ જ વેરે, પણ તારા ભાવના-માર્ગને ફૂલથી વધાવીને તેઓ જૈનત્વને દીપાવી જાણશે.

વરરાજાને લઈને માતાપિતા જ્યાં વેવાઈ-વેવાણ સમક્ષ ઉપસ્થિત થયાં અને એમણે વર મટીને મુનિવર બનવાના મનોરથમાં મહાલતા પુત્રની વાત રજૂ કરી, ત્યાં જ વેવાઈ-વેવાણે જરાય મોઢું બગાડ્યા વિના કહ્યું કે, જોકે અમારી દીકરીને પૂછવા જવાનું હોય જ નહિ, સાચો અનુરાગ હશે તો, એ પણ વરરાજાના પગલે પગલે સંયમ સ્વીકારવા સજ્જ બની ગયા વિના નહિ જ રહે, છેવટે સહર્ષ સંમતિ તો એ આપશે જ. એથી આ વધામણી આપવા અને ઉલ્લાસ વધતો હોય, તો દીકરીને સંયમપંથે સંચરવાનું પ્રેરક આલંબન પૂરું પાડવાની આ તકને આપણે સૌએ વધાવી જ લેવી જોઈએ. વરરાજા સહિત સૌ વધૂ બનવાના કોડ ધરાવતી એ કન્યા સમક્ષ હાજર થયા. બધી વાત સાંભળીને કન્યાએ સહર્ષ સંમતિ દર્શાવતા એટલું જ વીનવ્યું કે, એવા આશીર્વાદની જ અપેક્ષા રાખું છું કે, જેથી મારામાં પણ સંયમમાર્ગે ડગ ભરવાનું સામર્થ્ય વહેલી તકે પ્રગટ થાય.

વરરાજાને મુનિવર બનવાની ભાવના લગ્નના માંડવે જાગ્રત થઈ. આ એક જાતનો ચમત્કાર જ હતો, માત-પિતા, વેવાઈ-વેવાણ અને કન્યા તરફથી મળેલી સહર્ષ સંમતિ તો

ચમત્કાર પર ચમત્કાર રૂપ હતી. આ બધા ચમત્કારને પણ ઓળંગી જાય એવો બીજો ચમત્કાર તો દીક્ષાની મંગલવિધિ વખતે સરજાવાનો હતો, જેની કોઈને જ કલ્પના પણ ન હતી.

વરરાજાનો નાનો ભાઈ એ લગ્નમંડપમાં જ હાજર હતો, જ્યાં મોટા ભાઈ સંયમસુંદરીને વરવા સજ્જ થયા હતા અને ગુરુદેવ સમક્ષ દીક્ષા-વિધિ કરી રહ્યા હતા. જિનવાણીના શ્રવણે મોટા ભાઈની જેમ નાના ભાઈનેય વિચાર કરતો કરી મૂક્યો હતો, એના હૈયાની ધરતીમાં પણ સંયમની ભાવનાનું બીજ ધરબાયેલું તો હતું જ. પ્રેરક ધર્મધારાની વર્ષા થતાં જ એ પણ એવા વિચારે ચડ્યો કે, મોટા ભાઈ માટે તો જે અશક્ય પ્રાયઃ હતું. એના માટે પણ એમણે જો મહેનત કરી, તો સફળતા મળી જવા પામી અને આજે સંયમસુંદરીને વરવાના એમના મનોરથ પૂર્ણ થઈ રહ્યા છે. હું પણ જો સંયમપંથે પ્રયાણ કરવા સજ્જ બની જાઉં, તો મારે તો કોઈનીય અનુમતિ લેવા જવાની મથામણ જ ક્યાં કરવી પડે એમ છે! ખરેખર વીજ આજે ઝબૂકી રહી છે. એના ઝબકારામાં મારે સંયમનું મોતી પરોવી લેવાની તક ઝડપી લેવી જ જોઈએ.

દીક્ષા-વિધિ એક તરફ આગળ વધી રહી, બીજી તરફ નાના ભાઈની મનોરથમાળા પર ચારિત્રનો અજપાજપ જાપ એવો તીવ્ર બન્યો કે, જેની કોઈને કલ્પના પણ ન આવી શકે ! એ તીવ્રતા એટલી હદે વૃદ્ધિંગત બની કે, મોટા ભાઈના હાથમાં ધર્મધ્વજ અર્પિત થાય, એ પૂર્વે જ પોતે ધર્મધ્વજનો ધારક બની શકે, એવો કોઈ ઉપાય એ વિચારી રહ્યો. તીવ્ર મંથન બાદ ઉપાય તરીકે એણે એવું સાહસ ખેડવાનો નક્કર નિર્ણય લઈ લીધો કે, વડીલબંધુને અર્પિત થનાર ધર્મધ્વજને પોતે જ અધવચ્ચેથી ઝીલી લઈને આ ઘડી પળને સાધી લેવી !

પળ પળ લાખેણી જતી હતી, વધુ લાંબો વિચાર કરવા જતા લાધેલી લાખેણી ક્ષણ હાથમાંથી છટકી જાય એમ હતી. એથી સાહસિક બનીને બરાબર તક ઝડપી લેવા નાનો ભાઈ આગળ આવ્યો. જ્યાં ગુરુદેવે મોટા ભાઈને ધર્મધ્વજ અર્પણ કરવા હાથ લંબાવ્યો અને ધર્મધ્વજનું દાન કર્યું, ત્યાં જ અધવચ્ચેથી એ દાન ઝીલી લઈને નાનો ભાઈ મુક્તમને નૃત્ય કરવા માંડ્યો. એણે ગદ્ગદિત અને અહોભાવિત બનીને ગુરુદેવને વિનંતી કરી કે, વડીલબંધુ પર જ કૃપા કરવાની કૃપણતા આપ નહિ દાખવો, એવો મને વિશ્વાસ છે. આપની ઉદારતા-વિશાળતા પર અતિવિશ્વાસ હોવાથી મને એવી પાકી ખાતરી છે કે, વડીલબંધુની સાથે સાથે આપ મારો પણ સહર્ષ સ્વીકાર કરશો જ. સંયમ ગ્રહણ કરવાનો અતિઉત્સાહ મારી પાસે જે અવિનય, આશાતના, અપરાધ કરાવી ગયો છે, એ બદલ 'મિચ્છા મિ દુક્કડં'ની યાચનાપૂર્વક એ જ પ્રાર્થનાને હું દોહરાવું છું કે, હૈયામાં ક્યારનોય પ્રસ્થાપિત થઈ ચૂકેલો આ ધર્મધ્વજ હવે હાથમાં પણ સ્થાપિત થઈ જ ચૂક્યો છે, તો એ સ્થાપનાને આપ માન્ય રાખવાનો અનુગ્રહ કરીને મને આજીવન ઋણી બનાવશો.

ચમત્કાર પર ચમત્કાર સરજી જનારો એ દીક્ષા મહોત્સવ આજેય ઈતિહાસના પાને સુવર્ણાક્ષરે અંકિત છે. વડીલબંધુને સમર્પિત થનારા ધર્મધ્વજને અધવચ્ચેથી ઝીલી લઈને સંયમી બનનારા એ લઘુબંધુ જ આગળ જતાં મહામંત્રીશ્વર પેથડશાહના ધર્મદાતા ગુરુ તરીકે પૂ.આચાર્યદેવ શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજનાં નામકામ સાથે ઈતિહાસની ઈમારતમાં અજરઅમર બની જવા પામ્યા.

●

૧૪

# વઢવાણની વાટે વાટે

કેટલાંક અતિ પ્રાચીન સ્થાપત્યો અને સ્થળોને બાદ કરીને સમગ્ર ગુજરાતમાં વધુમાં વધુ વાવ-વાવડી-પાળિયા-શિલાલેખોનો વારસો ધરાવતા ઐતિહાસિક નગર વઢવાણમાં એક કાળે 'પાજા વસી'નાં નામકામ ખૂબ જાણીતાં હતાં, આજના વઢવાણ માટે જોકે પાડા મસ્જિદ જાણીતું નામ છે. આજે કોઈને કહીએ કે, પાજા વસીના કરાયેલા પલટાનું રૂપ જ પાડા મસ્જિદ છે, તો આ વાત માનવા કોઈ તૈયાર થાય ખરું ? પાજા વસી એટલે તો 'જિન'ને બિરાજમાન કરવાનું પવિત્ર સ્થાન અને પાડા મસ્જિદ એટલે તો જ્યાં 'દીન'ના દેદાર જોવા મળે એવી જગા! આમ, આ બે વચ્ચે 'મહાદેવ-મિયાં' જેવો મેળ ક્યાંથી ખાય ? આ સવાલ સાચો હોવા છતાં 'પાજાવસી'નો પલટો જ 'પાડા મસ્જિદ' હોવાની પ્રતીતિ કરાવતી ઘટના થોડીઘણી ઇતિહાસ પ્રસિદ્ધ હોવાથી વિગતવાર ખાસ જાણવા જેવી છે.

એક યુગમાં પાજાવસહી વઢવાણ ઉપરાંત સમગ્ર ગુજરાતમાં ખૂબ ખૂબ જાણીતું જિનમંદિર હતું. કાળક્રમે તેનું 'પાજાવસી' તરીકે નામાંતર થવા પામ્યું. વઢવાણના અગ્રગણ્ય પાજા-શ્રેષ્ઠીએ જ પાજાવસીનું નિર્માણ કર્યું હતું. એના નિર્માણની કથા જાણવા જેવી છે. પાજો વણિક સામાન્ય વેપારી હતો. ઘીનો એનો ધંધો હતો. એક નાનકડી હાટડી એ ચલાવતો, એમાંથી થોડુંઘણું જે મળતું એના દ્વારા એનું ગુજરાન માંડ માંડ ચાલતું. એમાં એક દહાડો એના ભાગ્ય આડેનું પાંદડું ખસી જાય, એવા જોગ-સંજોગ રચાયા.

વસી નામની એક ભરવાડણ દૂધ-દહીં-ઘી વેચીને પોતાનું ગુજરાન ચલાવતી. પાજા વણિકની સાથે એની લેવડદેવડ સારી ચાલતી હતી. બંનેને એકબીજા પર વિશ્વાસ હોવાથી ઘણી વાર ભરવાડણ આખો ને આખો ઘીનો ગાડવો પાજાને ભરોસે મૂકીને બીજે વેચવા ચાલી જતી, તો ઘણી વાર હિસાબ-કિતાબ જોયા વિના જ ભરવાડણ જેટલી રકમ માંગે એટલી વિના વિચારે પાજોવણિક આપી દેતો.

એક દિવસની વાત છે. વસી ભરવાડણને દૂર દૂર ઘી વેચવા જવું હતું, એથી ઘીનો એક ગાડવો ઈંઢોણી સાથે જ પાજાવણિકની દુકાને ભળાવી દઈને એ આગળ વધી ગઈ. રોજ કરતાં એ ઘીના ગાડવામાંથી આજે વધુ માદક અને મીઠી સોડમ આવી રહી હતી. એનું આશ્ચર્ય પાજાવણિકના હૈયે સમાતું ન હતું. ઘીની આવી સોડમ એણે આજ સુધી માણી નહોતી. આ પૂર્વે ઘણી વાર સાંભળેલી ચિત્રાવેલીની ચમત્કારિક વાતો એના મન સમક્ષ તરવરી ઊઠી. અનેકવિધ વેલવેલડીઓમાંની વિરલ ગણાતી ચિત્રાવેલીની એક વિશેષતા એવી હોય કે, અન્ય અન્ય વેલડીઓની સાથે ક્યારેક જો ભાગ્યયોગે ચિત્રાવેલી મળે અને એનો થોડોઘણો અંશ પણ

ઈંઢોણીમાં ગૂંથાઈ જાય, તો આવી ઈંઢોણી પર રહેલા ઘીના ગાડવામાં એવી સોડમ ફેલાવા માંડે કે, કોઈએ જન્મારામાં જે માણી ન હોય, તદુપરાંત ઘીનો ગાડવો જ્યાં સુધી આવી ઈંઢોણી પણ રહે, ત્યાં સુધી એ અક્ષય બની જાય, એમાંથી ગમે તેટલું ઘી કાઢો, તોય એ ઘી ખૂટવાનું નામ ન લે. પાજા વણિકને ચોક્કસ એમ લાગ્યું કે, આ ઘીના ગાડવા નીચેની ઈંઢોણીમાં ચિત્રાવેલી હોવી જ જોઈએ. એથી એનામાં ચિત્રાવેલી મેળવવાનો લોભ જરૂર જાગ્યો, પણ લૂંટારા બનીને ચિત્રાવેલી મેળવવાની એની તૈયારી ન હતી. વસી ભરવાડણ બપોરે પાછી ફરી. ત્યારે પાજા વણિકે જ સામેથી પૂછ્યું : વસી! આ ગાડવો વેચવો છે ? રોજ ઘીના વેચાણ અંગે જ પૃચ્છા કરતા વણિકે આજે ગાડવાને વેચવા અંગેનો પ્રશ્ન કર્યો હતો પરંતુ એ ભરવાડણ વળી આનો ભેદ અને ભીતરનો ભાવ ક્યાંથી કલ્પી શકે? એણે કહ્યું તમને ગાડવો ગમી ગયો હોય અને મને થોડા વધુ પૈસા મળતા હોય, તો આ ગાડવો વેચવામાં મને શો વાંધો હોય ? ઘરમાં ગાડવા તો ઘણા પડ્યા છે. પાજા વણિકે કહ્યું : વસી ! ઈંઢોણી સાથેના ઘીના આ ગાડવાના ભાવ બોલી જા. વસીએ જે ભાવે ગાડવો વેચવાની તૈયારી બતાવી, એમાં એકાદ રૂપિયો ઉમેરીને પાજા વણિકે ઈંઢોણી સહિત એ ઘીનો ગાડવો ખરીદી લીધો. વેપારી આલમમાં લેનાર-દેનાર બંને ખુશી અનુભવી ઊઠે, એવો સોદો ઓછો થતો જોવા મળે. એમાં અપવાદ તરીકે એ દહાડે વેચનાર-લેનાર બંને ખુશ-ખુશાલ બની જાય, એવા એ સોદાએ પાજા વણિકનું ભાગ્યદ્વાર ખોલી નાખ્યું.

ભાગ્યયોગે વસીને ચિત્રાવેલી મળી હતી, એ સૌભાગ્યના યોગે પાજાવણિક પાસે પહોંચી ગઈ. એ ચિત્રાવેલીનો ચમત્કાર પાજા વણિકના જીવનને પણ ચમત્કારના ચમકારાથી

ચમકાવી ગયો. એનો પુણ્યોદય જાગ્રત થવાની અણીએ આવીને ઊભો રહી ગયો હતો, એમાં પાછું, ચિત્રાવેલીનું પીઠબળ મળ્યું, પછી એના સિતારાને ચમકી ઊઠતાં કેટલી વાર લાગે? પાજા વણિકનો ઘીનો વેપાર વ્યાપક સ્તરે ધમધોકાર ચાલવા માંડ્યો. એની અસર સૌ પ્રથમ તો એના નામ ઉપર પડી. પાજા વણિકની ઓળખાણ ધીમે ધીમે અદૃશ્ય બનવા માંડી. અને પાજા શ્રેષ્ઠી તરીકેનું એમનું કોઈ નવું જ વ્યક્તિત્વ ખૂબ જ ટૂંક સમયમાં ઊપસી આવ્યું. 'નાણાં વિનાનો નાથિયો નાણે નાથાલાલ' આ કહેવતને પોતાના માટે સાચી થતી નિહાળીને પાજા શ્રેષ્ઠીના દિલમાં એવા એવા વિચારો જાગવા માંડ્યા કે, જે પુણ્યે યારી આપીને આ સંપત્તિનો સંચય કરાવી આપ્યો, એ પુણ્યકાર્યમાં આ સંપત્તિનો વિનિયોગ ન કરું, તો હું 'દેનારનો જ દ્રોહ' કરનાર સાબિત થાઉં.

ભૌતિક-આધ્યાત્મિક બંને પ્રકારનું પુણ્ય જાગી ઊઠ્યું હતું. એથી એમની મનઃસૃષ્ટિ પર સ્વપ્ન રૂપે એક જિનમંદિર સાકાર થવા માંડ્યું. આની ફલશ્રુતિ રૂપે વઢવાણમાં વિશાળ જગ્યા પર પસંદગી ઉતારીને પાજા શ્રેષ્ઠીએ મનના એ મંદિરને એ ધરતી પર ઉતારવા માંડ્યું. થોડા જ મહિનાઓમાં એ મંદિર મનના મનોરથોની સાથે સાથે વૃદ્ધિંગત બની રહ્યું. નાના મોટા વિઘ્નો આવ્યાં, પણ પાજા શ્રેષ્ઠીએ તો વિઘ્નોને જ હતાશ બનાવીને તગેડી મૂક્યાં.

મનોહારી મંદિરનું નિર્માણ થતાં ભવ્ય પ્રતિષ્ઠાપ્રસંગ પ્રારંભાયો, ત્યારે વિઘ્નોએ પુનઃ પગપેસારો કરવા માંડ્યો, એથી પાજા શ્રેષ્ઠીએ આત્માવલોકન કરવા માંડ્યું કે, વિઘ્નો નિષ્કારણ તો ન જ આવે, મારી કોઈ ભૂલો વિઘ્નોને ખેંચી લાવતી હોય, એવું પણ કેમ ન બને? ભીતરની ભૂલને શોધી કાઢવા નીકળી પડેલા પાજા શ્રેષ્ઠી સમક્ષ ભૂતકાળનો એ પ્રસંગ

ખડો થઈ ગયો અને વિચારમગ્ન બનીને શ્રેષ્ઠી એ જીવનપ્રસંગ આગળ અટકી ગયા. એ પ્રસંગ હતો : ચિત્રાવેલીવાળી ઈંઢોણી સહિત ઘીના ગાડવાની ખરીદીનો ! શ્રેષ્ઠીએ ભૂલને પકડી પાડી. એમને થયું કે, એ ભેદ આજ સુધી કોઈ જ જાણતું નથી કે, ચિત્રાવેલીના પુણ્યપ્રભાવે પ્રાપ્ત થયેલી સંપત્તિના સહારે જ આ મંદિરનું નિર્માણ કરી- કરાવી શક્યો છું. મેં માયાના દાવ ફેંકીને એ ઈંઢોણી વસી ભરવાડણ પાસેથી પડાવી લીધી, એ પાપ જ મને નડતું હોવું જોઈએ. મારે પાપશુદ્ધિ કરવા માટે સૌપ્રથમ ભરવાડણ પાસે જઈને મારો આ રહસ્ય-ભેદ ખુલ્લો કરી દેવો જોઈએ. અને એ ભોળી ભરવાડણ જો પૈસા માંગે તો પૈસા આપી દઈનેય મારે આ પાપની શુદ્ધિ કરી લેવી જ જોઈએ.

પાજા શ્રેષ્ઠીના અંતરના ઊંડાણમાંથી પશ્ચાત્તાપનો પાવક પ્રજ્વળી ઊઠ્યો હતો. એથી એઓ વિના વિલંબે વસી ભરવાડણ સમક્ષ પહોંચી ગયા, અંતરની વેદના રજૂ કરતાં એમણે કહ્યું કે, એ દિવસ યાદ આવે છે ખરો કે, જ્યારે મેં ઈંઢોણી સાથેનો ઘીનો ગાડવો ખરીદ્યો હતો, એ ઈંઢોણીમાં રહેલી ચિત્રાવેલીએ તો મને માલામાલ બનાવી દીધો. એના પ્રભાવે જ હું મંદિરનું નિર્માણ કરી શક્યો. મંદિરના નિર્માણનો યશ-કળશ સૌ મારા શિરે અભિષેકી રહ્યા છે, પણ આજે હવે મને લાગે છે કે, આ યશ માટે હું ખરો અધિકારી નથી. આ અધિકાર તો તારો જ ગણાય. મેં માયાથી ચિત્રાવેલી પડાવી લીધી, એમ પણ કહી શકાય- આના કારણે જ અનેકવિધ વિઘ્નો આવતાં રહ્યાં અને હજી પણ આવી રહ્યાં છે. હવે પ્રતિષ્ઠાકાર્ય હેમખેમ પૂર્ણતા પામે એ માટે હું અહીં આવ્યો છું. તું તારી ઇચ્છાથી જે રકમ માંગે એ રકમ તારી

સમક્ષ ધરી દેવાની મારી તૈયારી છે. આ રીતે મંદિરના પુણ્યને હું પોતીકી મૂડી બનાવવા માંગું છું.

વસી ભરવાડણ આ સાંભળીને છક્ક થઈ ગઈ. એની સમક્ષ આ એવી તક આવી હતી કે, ધાર્યું ધન શ્રેષ્ઠી પાસેથી ખંખેરી શકાય. પરંતુ એણે તો બીજી જ માંગણી કરી : શેઠ ! મને જે મળે છે, એમાં સંતોષ છે. ધન માંગી લઈને હું અસંતોષને પણ આમંત્રણ આપવા ઈચ્છતી નથી. આ રીતે પણ મારી ચિત્રાવેલીને જે લાભ મળ્યો છે, એ હું ગુમાવી દેવા માંગતી નથી. કારણ કે ધનના લાભ કરતાંય આ ધર્મલાભ કેઈ ગણો વધુ મૂલ્યવાન ગણાય. માટે ધનની તો મને કોઈ જ અપેક્ષા નથી. અપેક્ષા હોય તો મારી એક એ જ અને એટલી જ છે કે, આ ઘટનાની સ્મૃતિ મંદિર સાથે સંકળાયેલી જ રહે, એવું કંઈક કરજો. પાજા શ્રેષ્ઠી ભરવાડની આ ભાવના સાંભળીને દિંગ રહી ગયા. એમને થયું કે, આ ભરવાડણને ભોળી કઈ રીતે કહી શકાય, જે ધનને જતું કરીને ધર્મનો લાભ ઈચ્છી રહી છે. થોડોક વિચાર કરીને શ્રેષ્ઠીએ કહ્યું કે, ભરવાડણ તારું નામ 'વસી' છે ને? આ નામ અમર બની જાય, અને સાથે સાથે આ ઘટનાય સતત સ્મરણમાં રહે, એ માટે આ મંદિર 'પાજાવસી' ના નામે ઓળખાશે, બસ. આ સાંભળીને ભરવાડણ નાચી ઊઠી અને એ આખો વાસ ઉલ્લાસના રાસ રમી રહ્યો. પાજા શ્રેષ્ઠીનું દિલ નિઃશલ્ય બની ગયું. આ પછી એમણે આ આખીય ઘટના પ્રતિષ્ઠાપ્રસંગે જાહેર કરી દેવા પૂર્વક મંદિરનું 'પાજા વસી' એવું નામકરણ પણ પોતાના મુખે જ કરી દીધું.

પશ્ચાત્તાપ પછીની આ પળોમાં પાપશુદ્ધિ થઈ જતાં એના પ્રભાવે 'પાજાવસી'નો પ્રતિષ્ઠાપ્રસંગ નિર્વિઘ્ને હેમખેમ ઊજવાઈ ગયો. 'પાજાવસી'નું નિર્માણ વિક્રમની પહેલી -

બીજી શતાબ્દી આસપાસ થવા પામ્યું. આ પછી સદીઓ સુધી પૂજા અને પૂજકો દ્વારા આ એ પાજા-વસી ગાજતું જ રહ્યું અને ગર્વોન્નત શિખરે ખડું રહી શક્યું. વર્ષોનાં વર્ષો બાદ આગળ જતાં મુસ્લિમ-આક્રમણોનાં ધાડેધાડાં ઊતરી પડતાં 'પાજાવસી' મંદિર પર બળાત્કાર કરીને એને મસ્જિદમાં પલટી નાખવામાં આવ્યું. ભૂતકાલીન એ 'પાજાવસી' વર્તમાન કાળે પાંડા મસ્જિદ તરીકે આજેય વઢવાણમાં અસ્તિત્વ ધરાવે છે.

ભૂતકાલીન વઢવાણના ક્ષણક્ષણમાં અને વાતાવરણના કણકણમાં કેટલીય આવી વસી ભરવાડણો, કેટલીય આવી પાજાવસીઓ અને કેટલાય આવા પાજાશ્રેષ્ઠીઓ છુપાયા છે. જરૂર છે એને ખોળી કાઢવાની! ખોજી બનીને ઈતિહાસની એ ઈમારતમાં કોણ પ્રવેશશે ? વઢવાણની વાટે વાટે ભૂતકાળ તરફ પાછા ફરીએ તો આવી કેઈ કેઈ ઘટનાઓ જાણીને ઘટઘટમાંથી આનંદ-અનુમોદનની ધારા વહી ન નીકળે શું ?

•

૧૫

# બરલૂટ : વીર-વિભુની વિચરણ-ભૂમિ

અહિંસા અને અભયે જ્યાં અવતાર ધારણ કર્યો હોય, એ પુણ્યભૂમિનો પ્રભાવ તો કોઈ ઓર જ હોય ! વાચા એને વર્ણવી ન શકે, કલમ એને કંડારી ન શકે, કે પીંછી એને ચિત્રિત ન કરી શકે. એ ભૂમિના અહિંસક વાયુમંડળમાં પ્રવેશતાંની સાથે જ ગમે તેવી ખૂનખાર હિંસકતા પણ અહિંસામાં અને થર થર કંપતાની ભયભીતતાય અભયતામાં ફેરવાઈ જતી હોય છે. આ રીતનો પ્રકૃતિપલટો આશ્ચર્યકારી હોવા છતાં હજી એટલો આશ્ચર્યપ્રેરક ન ગણાય, જેટલો આશ્ચર્યજનક પલટો યુગોના યુગો પછી પણ એ પુણ્યભૂમિમાં સચવાઈ રહેલા અહિંસક વાતાવરણના પ્રભાવમાં આવી જઈને વાઘ-સિંહ જેવાં હિંસ્ર પ્રાણીઓ પણ વેરની વાસના વીસરી જઈને વાત્સલ્યની ભાવના-સૃષ્ટિમાં સહેલગાહ માણતાં જોવા મળતાં હોય, આ જાતનાં દશ્યનાં દર્શનને જરૂર આશ્ચર્યજનક કહી શકાય.

રાજસ્થાનનાં સિરોહી જિલ્લામાં આવેલા બરલૂટ ગામની જન્મકથા સાથે આવી જ એક ઘટના સંકળાયેલી છે. બળદ-

ઊંટ, બલદૂટ આમ અપભ્રંશમાંથી આજે બરલૂટ તરીકે ઓળખાતા આ ગામનો ઈતિહાસ જાણવા જેવો છે.

શિકારનો શોખ ધરાવતા એક રાજવીની નજર ભરજંગલમાં ઘૂમતા એક સિંહ પર પડી. એમણે સણસણ કરતું એક તાતું તીર સિંહ તરફ તાક્યું. સિંહ એકદમ સાવધાન બની ગયો. જાન બચાવવા એણે દોટ મૂકી. છટકી જતા સિંહની પાછળ પાછળ રાજવીએ પણ પોતાનો ઘોડો દોડાવી મૂક્યો. આ હોડદોડનો આમ તો જલદી અંત ન આવત, પણ થોડી જ પળોમાં ચમત્કાર સરજાયો. થોડુંક આગળ જતાં બળદો અને ઊંટો જ્યાં વિશ્રામ લઈ રહ્યા હતા, એવી ભૂમિ આવી અને એકાએક જ સિંહ જેવો સિંહ સાવ શાંત બનીને ઊભો રહી ગયો. આટલું જ નહિ, એ સિંહની આસપાસ બળદો અને ઊંટો વીંટળાઈ વળ્યા અને જાણે સગું સંતાન હોય, એ રીતે અરસપરસ ગેલ કરતા એકબીજાને વહાલથી પંપાળવા માંડ્યા.

આ દૃશ્ય જ એવું અદ્ભુત હતું. જેથી રાજવીનો શિકારશોખ એક વાર તો સ્તબ્ધ બની જઈને વિચારી રહ્યો કે, આવું તો બને જ કઈ રીતે ? સિંહની નજરમાં સ્નેહ ? સિંહ જોઈને જ ભાગી છૂટવાનો જન્મજાત વેર-સંસ્કાર ધરાવતા બળદ-ઊંટની આંખોમાંથી પણ આત્મીયતાનો અમૃતાભિષેક ? રાજવીના હાથમાંથી એક પછી એક તીર નીચે પડવા માંડ્યાં. આવા અદ્ભુત દૃશ્યને જોતાં જ જાગી ઊઠેલા વિચારોનો બોજ માથે વેંઢારાયો હોવાથી રાજવી શિકાર કર્યા વિના જ પોતાના રાજમહેલ તરફ પાછા ફર્યા. રોજ રોજ જે આંખોમાં શિકારની સ્વપ્નસૃષ્ટિ ઊતરી પડતી હતી, એના સ્થાને સગાં સંતાનોની જેમ હળીભળી ગયેલાં સિંહ-બળદ-ઊંટની જ એ દૃશ્ય-દુનિયા ખળભળવા માંડી. પોતે જે જોયું, એ સ્વપ્ન સમ અસંભવિત હોવા છતાં એક અફર સત્ય હતું. આમ છતાં એ સત્યને સત્ય સ્વરૂપે સ્વીકારવા મન તૈયાર થતું નહોતું. આ જાતની

દુવિધા-દ્વિધા ટાળવા રાજવીએ બુદ્ધિના બેતાજ બાદશાહ ગણાતા મંત્રીઓને પૂછ્યું :

'ભરજંગલમાં ઘૂમતાં ઘૂમતાં મેં જે દશ્ય જોયું, એમાંથી પ્રગટ થયેલું આશ્ચર્ય હજી શમતું નથી. એ સ્વપ્ન તો નહોતું જ, કેમ કે મેં સગી આંખે જોયું હતું. એ દશ્ય એકદમ અસંભવિત હોવાથી સ્વપ્ન સમ માનવા મન માનતું નથી અને સત્ય તરીકે એનો સ્વીકાર પણ કઈ રીતે થઈ શકે ?' આટલી ભૂમિકા રચીને અહોભાવ-આશ્ચર્યથી વિસ્ફારિત નજર મંત્રીઓ તરફ માંડીને કહ્યું કે, શિકારની દષ્ટિથી છોડાયેલા તાતા તીરથી બચવા ભાગી છૂટેલો સિંહ એકાએક જ શાંત થઈને ઊભો રહી જાય, એ શક્ય જ નથી. એની નજરમાંથી સ્નેહની સરવાણી ફૂટી નીકળે અને આ જ રીતે બળદ-ઊંટો પણ નિર્ભય બનીને ખડાં રહી જાય તેમ જ બાપે માર્યું ભવોભવનું વેર વીસરી જઈને અરસપરસ સગાં સંતાનોની જેમ એકબીજાને પંપાળે, એ તો કોઈ રીતે શક્ય જ નથી. છતાં આવું દશ્ય મને જોવા મળ્યું, એ નિર્હેતુક તો ન જ સંભવે? તો આની પાછળ ક્યો હેતુ ભાગ ભજવી જતો હશે.

મંત્રીઓ પણ રાજવીનો આ સવાલ સાંભળીને આશ્ચર્યમગ્ન બની ગયા. એમણે બે દિવસની મુદત માંગીને જવાબ આપવાની તૈયારી દર્શાવી. બે દિવસ સુધી મંત્રીઓએ ઘણીબધી વિચારણાઓ કરી. મગજનું દહીં બની જાય એવી માનસિક મથામણ બાદ પણ જ્યારે કોઈ નક્કર નિર્ણય પર આવવાનું શક્ય ન જ બન્યું, ત્યારે મંત્રીઓએ અનુમાન આધારિત અનેક સંભાવનાઓ દર્શાવીને વિદાય લીધી. પણ મંત્રીઓના એ જવાબથી રાજવીને સંતોષ ન થતાં એમણે જૈનમંત્રી પટવર્ધન સમક્ષ આ સવાલ રજૂ કર્યો. સવાલ સાંભળીને મનોમન ઉકેલ ઊપસી આવવા છતાં જૈનાચાર્યના મુખેથી વધુ સચોટ સમાધાન અપાવવા મંત્રીએ રાજવીને કહ્યું કે, ગામમાં જ બિરાજમાન શ્રી શીલગુણસૂરિજી મહારાજના

મંગલમુખેથી આપને સચોટ સમાધાન મળી જશે, એવો મને વિશ્વાસ છે.

રાજવીને તો સમસ્યાનું સમાધાન જ અપેક્ષિત હતું. એમણે કહ્યું કે, આ નિમિત્તે પણ મને જૈનાચાર્યનાં દર્શન મળશે, તો એને હું મારું અહોભાગ્ય સમજીશ. આવી જિજ્ઞાસાવૃત્તિ જોઈને મંત્રીએ શ્રી શીલગુણસૂરિજી સમક્ષ સમસ્યા રજૂ કરીને સમાધાન માટે રાજસભામાં પધારવાની વિનંતી કરી. અગમ-નિગમ વિષયક જાણકારી વિના રાજાની સમસ્યાનો ઉકેલ શક્ય જ ન હતો. શ્રી શીલગુણસૂરિજીએ એ રીતનું શાસ્ત્રાધ્યયન કર્યું હતું કે, સર્વજ્ઞદર્શિત એ શાસ્ત્રોના આધારે તેઓ શ્રી સર્વજ્ઞતાની ઝાંખી થાય, એવાં સમાધાન સહેલાઈથી આપી શકે. રાજસભામાં પ્રવેશીને એમણે ભૂમિકા રચવાની શરૂઆત કરતા કહ્યું :

'રાજન્ ! મનને પલટાવવામાં વાતાવરણ પણ ભાગ ભજવી જતું હોય છે. મહાભારતનું યુદ્ધ ખેલાયાને વર્ષો વીતી ગયા, છતાં આજે પણ કુરુક્ષેત્રની એ રણભૂમિ પર 'મારો-કાપો'ની અસર અનુભવી શકાય છે, શાંત-પ્રશાંત કોઈ પણ માણસ આજેય એ રણક્ષેત્રના પૃથ્વીકણ અને વાતાવરણ વચ્ચેથી પસાર થાય, ત્યારે 'મારો-કાપો'ના વિચારોથી ક્રુદ્ધ બની જતો હોય છે, આમાં વર્ષો પૂર્વે લડાયેલા યુદ્ધમાં વેરવિરોધનું એ ઉગ્ર વાતાવરણ જ ભાગ ભજવી જતું હોય છે, એમ માનવું જ પડે.'

આવી ભૂમિકાને જિજ્ઞાસુભાવે સાંભળનારા રાજવીના મુખ પર સમસ્યાનો ઉકેલ મળવાની આશા અને ઉત્સુકતા દર્શાવતી વિવિધ રેખાઓ અંકિત થતી નિહાળીને શ્રી શીલગુણસૂરિજીએ મૂળ મુદ્દાને સ્પર્શતાં કહ્યું કે, રાજન્ ! હિંસા-મારામારીની હિંસક અસર જેમ અમીટ રહીને વર્ષો બાદ પણ શાંતને ક્રોધિષ્ઠ બનાવી જતી હોય છે. એમ અહિંસા-અભયની અસર પણ પોતાનો પ્રભાવ દર્શાવ્યા વિના

નથી જ રહેતી. જે ભૂમિ પર અહિંસાની પ્રતિષ્ઠા થઈ હોય, ત્યાંના વાતાવરણમાં વર્ષો પછીય આવીને સિંહ જેવું હિંસક પ્રાણી પણ અહિંસક જેવું આચરણ કરવા માંડે, તો તે સહજ ગણાય. અલૌકિક-અકલ્પનીય દૃશ્ય જોઈને જે સવાલ તમારા મનમાં પેદા થયો, એનું સમાધાન એ જ હોઈ શકે કે, એ પુણ્યભૂમિ હોવી જોઈએ અને એ ભૂમિ પર અહિંસાના અપ્રતિમ અવતાર તીર્થંકર-દેવનું સમવસરણ મંડાયું હોય અથવા તો સદેહે પ્રભુ મહાવીરનું વિચરણ એ ભૂમિ પર થયું હોય, એ સમયની અહિંસક અસર આજેય જીવંત હોવાની પ્રતીતિ રૂપે જ સ્વપ્નેય અસંભવિત આવી ઘટનાનો સાક્ષાત્કાર થતો જોવા મળતો હોય છે. મરુધરની આ ભૂમિ પર જ આબુ-મુંડસ્થલ જેવા વીરવિભુનાં વિચરણ-સ્થળો આવેલાં છે. અહિંસા જ્યાં પૂર્ણ પ્રતિષ્ઠા પામી હોય, ત્યાંના વાતાવરણનો પ્રભાવ હિંસકને પણ અહિંસકમાં પલટાવી દેવા સમર્થ નીવડતો હોય છે. આ જ કારણે સિંહ-બળદો અને ઊંટો અરસપરસ સ્નેહથી એકબીજાને પંપાળી રહ્યાં હોય, એવું દૃશ્ય શક્ય બની શક્યું.

મનને દિવસોથી મૂંઝવી મારતી સમસ્યાનું સચોટ સમાધાન મળી જતાં રાજવી શિકાર-શોખથી તો મુક્ત થઈ જ ગયા, તદુપરાંત શ્રાવકજીવન જીવવા તેઓ પ્રતિજ્ઞાબદ્ધ બન્યા. પોતાના જીવનનું આમૂલચૂલ પરિવર્તન આણવા જે ભૂમિ અને જે ઘટના મહત્ત્વનો ભાગ ભજવી ગઈ હતી, એની સ્મૃતિ અને ઉપકૃતિ સદૈવ જીવંત રહે, એ માટે એમણે બળદ અને ઊંટની વિશ્રામભૂમિ પર બળદ-ઊંટ બલદૂટ નગર વસાવ્યું. જે કાળક્રમે બલ્લૂટ અને એમાંથી બરલૂટ આ નામે આજેય પ્રખ્યાત છે. આ સંદર્ભમાં બરલૂટ એટલે વીરપ્રભુની વિચરણ-વિહારભૂમિ !

જિનમંદિરો અને જૈનપરિવારોની જાહોજલાલીથી સમૃદ્ધ એ નગર કાળપ્રભાવે ગામડામાં પરિવર્તિત થતું ગયું, તોય શ્રી

ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુનું એક જિનમંદિર તો જૈનશાસનની જયપતાકા ફરકાવતું અડીખમ જ રહ્યું. કાળક્રમે એનો જીર્ણોદ્ધાર જરૂરી જણાતાં અને ભૂગર્ભમાં જિનબિંબો હોવાના સંકેત સ્વપ્ન દ્વારા મળતા રહેવાના કારણે સંઘે જીર્ણોદ્ધારનું કાર્ય સંવત ૧૯૪૯માં આરંભ્યું ત્યારે ભૂગર્ભમાંથી શ્રી શાંતિનાથ પ્રભુજી આદિ ૧૩ જિનબિંબો પ્રાપ્ત થતા સ્વપ્ન તથા જીર્ણોદ્ધારના નિર્ણયની સાર્થકતા અનુભવતા સંઘના હર્ષોલ્લાસમાં ભરતી આવવા પામી. ચોતરફથી દર્શનાર્થે ભાવિકોનો ધસારો થતા બરલૂટનો મહિમા ઓર વૃદ્ધિંગત બન્યો.

જીર્ણોદ્ધાર સમયે પ્રાપ્ત જિનબિંબોને શ્રી શાંતિનાથ પ્રભુજીનું અલગ જિનમંદિર નિર્મિત કરીને એમાં પ્રતિષ્ઠિત કરવાના નિર્ણય મુજબ સંવત ૧૯૬૪ના પૂ. મુનિરાજશ્રી ધનવિજયજી મ.ની નિશ્રામાં પ્રતિષ્ઠાવિધિ થઈ. એ સમયે પ્રતિષ્ઠિત ભૂગર્ભ-પ્રાપ્ત એ જિન-પ્રતિમાઓમાંથી એક પ્રતિમાજી કુમારપાળ દ્વારા નિર્મિત અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજી દ્વારા વિક્રમ સંવત ૧૨૧૬માં પ્રાણપ્રતિષ્ઠિત થયાનો શિલાલેખ એ મૂર્તિ પર આજેય વાચવા મળે છે. આવા જિનબિંબો જવલ્લે જ જોવા મળે છે. આ પછી વર્ષો બાદ શિખરનો જીર્ણોદ્ધાર થતા ધ્વજદંડની પુનઃપ્રતિષ્ઠા તપસ્વીસમ્રાટ વર્ધમાનતપ પ્રભાવક પૂ.આ.શ્રી રાજતિલકસૂરિજી મહારાજાની નિશ્રામાં વિ.સં. ૨૦૪૦માં ઉજવાઈ. આમ, બરલૂટ ગામ ઈતિહાસનાં પાને વીરવિભુની વિચરણભૂમિ તરીકે અંકિત છે.

•




વિ.સં.૨૦૪૭-૨૦૭૨ 'સૂરિપદ રજતોત્સવ'

## ।। નમો આયરિયાણં ।।

નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે,
નહિ વિકથા ન કષાય રે ।
જેહને તે આચારજ નમિયે,
અકલુષ અમલ અમાય રે ।।



સાગર જેવા ગંભીર

પંચ પ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન સુરત